ભજનયોગ

ભાગ – ૧

સંકલન – સુરેશ દલાલ

પ્રથમ ઈ-સંસ્કરણ

27 – 05 – 12

http://aksharnaad.com

VISIT…

LANZAROTE Caliente.COM

પ્રિય

પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદને...

પ્રસ્તુત પુસ્તક 'ભજનયોગ', એ શ્રી સુરેશ દલાલ દ્વારા સંકલન પામેલ ભક્તિગીતોનું, એ અંગેના ચિંતન વિશેનું સુંદર આચમન છે. કેટલાક પુસ્તકો રોજે રોજ આચમન કરી શકાય એવા હોય છે, એમના વાંચનથી મન શાંત થાય, ઉદ્વેગ ઘટે તેવું વાતાવરણ ખડું કરી આપે છે, પ્રસ્તુત પુસ્તક એવી જ મનનીય અને ચિંતનસભર સામગ્રીથી ભરપૂર છે.

અક્ષરનાદ પર આ પુસ્તક મૂકવાની પરવાનગી આપવા બદલ શ્રી સુરેશ દલાલ અને તેની સૉફ્ટ યુનિકોડ કોપી ઉપલબ્ધ કરાવી આપવા બદલ શ્રી અપૂર્વભાઈ આશરનો આભાર માનવા માટે શબ્દો ઓછા પડે છે. અક્ષરનાદની ઈ-પુસ્તક પ્રવૃત્તિને મળેલું આ આગવું પીઠબળ છે. આર્થિક

હિતો ધ્યાનમાં લીધા વગર ફક્ત સતસાહિત્યનો - પ્રેરણાદાયક અને બોધપ્રદ ભજનમિમાંસાના સુંદર સંકલનનો પ્રસાર થાય એવા શુભ હેતુથી પુસ્તક તદ્દન નિઃશુલ્ક પ્રસ્તુત કરી વહેંચવાની આવી તક આપવા બદલ અક્ષરનાદના સમગ્ર વાચક પરિવાર વતી તેમનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. વ્યવસાયિક વ્યસ્તતાઓને લીધે ઈ-પુસ્તકની અક્ષરનાદની પ્રવૃત્તિમાં ખૂબ ઓછો સમય આપી શકાય છે, પરંતુ તેને હવે ઝડપથી અને વધુ સારી રીતે કરવાની મહેચ્છા સાથે આ પુસ્તક આપના સુધી પહોંચાડતા ખૂબ આનંદ થાય છે.

- જીજ્ઞેશ અધ્યારૂ / ગોપાલ પારેખ, સંપાદક

અનુક્રમણિકા

મકરન્દ દવે - ભજન કરે તે જીતે

વજન કરે તે હારે રે મનવા ! ભજન કરે તે જીતે.
તુલસીદલથી તોલ કરો તે બને પવન-પરપોટો,
અને હિમાલય મૂકો હેમનો તો મેરુથી મોટો.
આ ભારે હળવા હરિવરને મૂલવવા શી રીતે?

એક ઘડી તને માંડ મળી છે આ જીવતરને ઘાટે,
સાચ-ખોટનાં ખાતાં પાડી એમાં તું નહીં ખાટે;
સ્હેલીશ તું સાગરમોજે કે પડ્યો રહીશ પછીતે? રે મનવા, ભજન કરે તે.

આવ, હવે તારા ગજ મૂકી, વજન મૂકીને વરવાં,

નવલખ તારા નીચે બેઠો કયા ત્રાજવડે તરવા?
ચૌદ ભુવનનો સ્વામી આવે ચપટી ધૂળની પ્રીતે. રે મનવા, ભજન કરે તે.

માપીને કોઈ પામી શકતું નથી. જે પામતો હોય છે તે માપતો નથી હોતો ને જે માપતો હોય છે તે પામતો નથી. દરેક વસ્તુનાં તોલમાપ ન હોય. અથવા એમ કહીએ કે તોલમાપ કરીએ ત્યારે ભલભલી લાગણી કે વ્યક્તિ કે ખુદ પરમાત્મા પણ વસ્તુ થઈ જાય. સ્વજન હોય તે પ્રેમ કરે, ન્યાય ન તોળે. જે ભક્તિ કરે છે, ભજન કરે છે તે જીતે છે. વજન કરનારો જીતતો લાગે - પણ જીતે નહીં. અંતે તો ભજનનો જ મહિમા. આપણાં કાટલાંયે ખોટાં ને તોલમાપ પણ ખોટા. તુલસીદલ લાવો કે હેમનો હિમાલય લાવો, નહિવત્ હોય કે ભારે હોય હરિવરને મૂલવાય

નહીં. એ તો હવાથીયે હળવો છે. એને પામવાથી એક જ રીત - અને તે નામસ્મરણ, ભજન.

આપણે મળેલી ક્ષણને વેડફી નાખીએ છીએ. કુંવારી ક્ષણ મળે કેટલી? ખંડિત ક્ષણો મળે છે - અથવા મળેલી ક્ષણને આપણે અખંડિત રહેવા દેતા નથી. આપણે કોરા કાગળ પર હાંસિયા જ દોરીએ છીએ. આ સારું, આ ખોટું, આ પુણ્ય, આ પાપ આમ ને આમ જ બધું ગુમાવીએ છીએ. સાગરનાં મોજાં પર સહેલવાને બદલે પછીતે પડી રહીએ છીએ. વહેવાને બદલે સ્થગિત થઈએ છીએ. આપણા ગજ ખોટા અને ટૂંકા. આપણાં વજન વરવાં. રાતરાણીની મહેક માણવાને બદલે એ મહેકનું પૃથક્કરણ કરીએ તો આનંદ અળપાઈ જાય. પ્રત્યેક વસ્તુ તર્કની

લેબોરેટરીમાં ન લઈ જવાની હોય. પૃથક્કરણનો નશો નહીં - પણ સંયોજનનો આનંદ હોવો જોઈએ. ગણિત કે ગણતરી નહીં - પણ અગણિતનો અર્થ હોવો જોઈએ. નવલખ તારાની નીચે આપણું વેપારી મન ત્રાજવું લઈને બેઠું હોય - તો આપણે ભિખારી જ પુરવાર થવાના. અને અલગારી ઈશ્વર તો આપણાથી આઘો ને આઘો જ રહેવાનો.

ચૌદ ભુવનનો સ્વામી બહારના વૈભવથી નહીં આવે પણ અંદરના ઐશ્વર્યથી આવશે. ચપટી ધૂળની પ્રીત હોય પણ એ પૂર્ણ અને સાચી હોય તો ખુદ ખુદા પણ આવ્યા વિના રહેશે નહીં. આપણી કવિતામાં મકરંદી મિજાજ એ નોખી, અનોખી વાત છે.

અખો - લાજ ન રહીએ

લાજુ લાજ ન રહીએ, સહી એ
ઐસા લાગ ગયા ના આવે રે!
નીડર હોકર જે જઈ લાગે,
સો શામ અનેરા પાવે રે! લાજુ, લાજ ન રહીએ!

ગલે બાંહાં કા સુખ જયુનૂં નહીં દેખ્યા,
સો બાહાર ફરે બુધ્યહીણી રે,
ચતુરપણાં મૂરખ હોય નીમડ્યા.
જો તું બાત ન સમજી ઝીણી રે. લાજુ, લાજ ન રહીએ !

બારે માસ રહે ઘૂંઘરટી,
મન જાણે હું જાગી રે,
જાગણ તેરા નીદ સરીખા,
જો તું સાથી કંઠ ન લાગી રે ! લાજુ, લાજ ન રહીએ !

ચલે સહિજ મેં હરતીફરતી
લેવે લ્હાવા - પણ લૂખી રે,
આછા અંગ દેખાવે લોકા
પણ ભોગ બીના તું ભૂખી રે ! લાજુ, લાજ ન રહીએ!

લટકા લાલાલનકા લ્હાવા,

લીના નહિ જશ ના રે રે,
સો ભૂલી ભામ્યની મહા ભૂંડી,
કહ્યા બહોત સુનારે રે ! લાજુ, લાજ ન રહીએ!

પોતાના એક પદમાં આપણી ભાષાનો શ્રેષ્ઠ વેદાન્તી જ્ઞાનીકવિ અખો આદર્શ ભક્તનાં લક્ષણો આલેખતાં ગાય છે :

જેમ જારવળુંધી જુવતી -- તેનું મન રહે પ્રીતમ પાસ :
અહર્નિશ રહે આલોચતી : ભાઈ, એવું મન હરિદાસ!

જેમ પ્રિયતમ (=જાર, યાર) સાથે પ્રેમમાં લપટાયેલી-વળગેલી (=વળુંધી) યુવતીનું મન રાત-દિવસ (=અહર્નિશ) પોતાના પ્રિયમાં જ વસ્યું હોય છે, એના જ વિચારમાં ખોવાયેલું રહે છે તેમ હરિના ભક્તનું મન પણ પોતાના ઇષ્ટદેવમાં જ સદાયે રમમાણ હોય છે, તન્મય હોય છે.

પોતાના જ સુદીર્ઘ કાવ્ય `અખેગીતા'માં એ ભક્તિરૂપી પંખિણીને જ્ઞાન અને વૈરાગ્યરૂપી બે પાંખ છે અને એ વડે એ સદ્ગુરુની દૃષ્ટિ પ્રાપ્ત કરી ચિદાકાશમાં ચૈતન્યના નિરવધિ અવકાશમાં વિલસે છે એવું કહે છે :

ભાઈ! ભક્તિ જેવી પંખિણી, જેને જ્ઞાનવૈરાગ્ય બે પાંખ છે;
ચિદાકાશ માંહે તે જ ઊડે, જેને સદ્ગુરુરૂપી આંખ છે.

આમ, સાચી ભક્તિ માટે અખાને પૂરો આદર છે. એટલું જ નહીં, પરમ જ્ઞાની અને પરમ પ્રેમભક્તના પ્રતીકશી ગોપી એ બન્નેને એ સમાન ભૂમિકાએ મૂકે છે. એક છપ્પામાં એ કહે છે :

જ્ઞાની વિહારી ગોરી જશા, તે જ જ્ઞાની ગોપીની દશા;
ગોપી ભૂલી ઘર ને બાર; ગોપી ભૂલી કુટુંબ પરિવાર;
પોતાની દેહ પણ ભૂલી ગઈ, અખા કામની કુળવંત લઈ!

અખાએ જડ સગુણ ભક્તિને, બાહ્ય આચારમાં અને કર્મકાંડમાં રાચતા ધર્મપંથોને સારી પેઠે નિંદ્યા છે. આપણા મધ્યકાલીન કે અર્વાચીન કવિઓમાં પણ સૌથી

વધારે બુદ્ધિજીવી કહી શકાય એવા Intellectual અને વીર્યશાળી Seminal એવો આ કવિ પોતાના આરંભકાલીન જીવનમાં વૈષ્ણવધર્મના સંસ્કારોથી સારી પેઠે પ્રભાવિત થયો હશે. એટલે જ પાછળથી જ્યારે એ કેવલાદ્વૈત - કેવળ અદ્વૈત - વાદમાં પૂર્ણપણે માનતો થયો ત્યારે પણ એણે પોતાનાં કેટલાંક ગુજરાતી, હિંદી પદો અને સાખીઓમાં વૈષ્ણવ સંપ્રદાયનો--પ્રેમભક્તિનાં પ્રતીકો, શબ્દપ્રયોગો વગેરેનો સુંદર વિનિયોગ કર્યો છે. ભક્તિમાર્ગમાં તો દ્વૈતભાવ - ભક્ત અને ભગવાન, અનિવાર્ય છે. અદ્વૈતવાદમાં આત્મા અને પરમાત્મા વચ્ચે ભિન્નતા હોતી નથી - જેમ તણખામાં અને અગ્નિમાં કે બિન્દુ અને સાગરમાં તત્ત્વત: નથી હોતી તેમ! એટલે તો શંકરાચાર્યે `બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે તેમ જ જીવ એ જ

બ્રહ્મ છે બીજું કશું નહીં' એવું પ્રતિપાદિત કર્યું. જે કંઈ અનેકતા કે ભિન્નતા દેખાય છે તે તો માયાનું - અજ્ઞાનનું પરિણામ છે. જેમ અંધકાર (=અજ્ઞાન) હોવાને લીધે દોરડું સર્પ લાગે છે, પણ પ્રકાશ (=જ્ઞાન) થતાં ભ્રમ દૂર થઈ જાય છે અને દોરડું સર્પ ન લાગતાં મૂળ એવું દોરડું દેખાય છે તેમ! એટલે જો અજ્ઞાન (=માયા)નો નાશ થાય તો માયાથી ઉદ્ભવેલું આ જગત એના મૂળ સ્વરૂપે (=બ્રહ્મ સ્વરૂપે) જણાય અને પમાય!

અખો આ તત્ત્વજ્ઞાનને ઘણીયે વાર પ્રેમભક્તિનાં પ્રતીકો દ્વારા, એની જ પદાવલી તથા વાતાવરણ દ્વારા, આપણી સમક્ષ સચોટતાથી રજૂ કરે છે. અખાની આ કવિતાનું આ રૂપ સાચે જ આહ્લાદક છે. પોતાના એક હિન્દી પદમાં એ ગાય છે :

મેરા ધૂરત મિત સલૂના રે,
મેં પાયા સાથી જૂના રે!
અબ દૂઈ ગઈ! તું મિલિયા રે!
પરગટીઆ તું ગલીગલીઆં રે,
એકમેક કરું રલીઆ રે! મેરા ધૂરત૦

બીજા એક પદમાં આ જ રીતે જ્ઞાની એવો ભક્ત ગોપીભાવે અદ્વૈતના આનંદને આ પ્રમાણે વ્યક્ત કરે છે :

હું આપ સરીખી કીતી રે, દોઉ જગ મેં હું જીતી રે
હું એકમેક કર લીતી રે ! મેરા ઢાલન ઢલ કર આયા રે!

પ્રિયતમે – પરબ્રહ્મે - મને (જીવને) પોતાના સમાન કરી લીધી, પોતે જ પોતાનામાં અભિન્ન કરી લીધી, મારો ઢોલન (પ્રિયતમ) પોતે જ મારી પાસે દોડી આવ્યો. જીવ અને શિવ, આત્મા અને પરમાત્માનું અભિન્નત્વ જ અહીં દર્શાવ્યું છે. `આપ સરીખી' જેવાં પદોમાં એ સ્પષ્ટ થાય છે. પહેલા ઉદાહરણમાં `દૂઈ ગઈ (દ્વૈત પણ ગયું) પણ એવો જ શબ્દપ્રયોગ છે.

આ પદ `લાજુ ન રહીએ'માં અખો અહીંયે પોતાને છેલ્લી પંક્તિમાં, સોનારો=સોની તરીકે ઓળખાવે છે. એમાં પણ એણે પ્રેમભક્તિના એ જ પ્રિયા-પ્રિયતમની શબ્દાવલી તેમ જ પ્રતીકયોજના દ્વારા અદ્વૈતનો બોધ કર્યો છે. કહે છે :

`હે લાજુડી, બહુ લાજમાં ન રહીએ, હે સખી (=સહી એ), આવો લાગ (=આવી મનુષ્યજન્મરૂપી તક) ફરીફરી હાથ નહીં આવે. માટે નિર્ભય (=નીડર) થઈને શ્યામની પાસે જઈને પ્રેમથી ગળે વીટાઈ એની સાથેના દ્વૈતભાવને મિટાવી દે. એવી નિર્ભયતાથી, જ્ઞાનની એવી પરમ સીમાએ જઈને જ પરમાત્માને પ્રાપ્ત કરી શકાય.

અખો ઘણી વાર `ઝીણી વાત' એ શબ્દપ્રયોગ એટલે સૂક્ષ્મ વાત (જ્ઞાન)ના અર્થમાં વાપરે છે. અહીં પણ આ સૂક્ષ્મ (=બ્રહ્મ) જ્ઞાન જે ન સમજે તેનો અવતાર મિથ્યા છે. એ જીવ બુદ્ધિહીન અને મૂર્ખ છે, કારણ કે પોતાની આત્મ સૂઝની આડે લાજનો પડદો કે ઘૂંઘટ (=અજ્ઞાનનો, માયાનો શણગાર) રાખે છે.

ચિત્તતંત્રને ખુલ્લું રાખવાની જ, મોહનાં પડળો અળગાં રાખવાથી જ પરમ પ્રાપ્તવ્યને પમાય છે. બાકી, તો એવી આત્મા, જ્ઞાન અને અજ્ઞાનની અર્ધદગ્ધ અવસ્થામાં `ધૂંઘરટી' - ઊંઘરેટી (=અર્ધ નિદ્રાવસ્થામાં) જ રખડે છે. એનું બધું `જાગણ' (=જાગરણ, વિજોગનો ઉચ્ચાર) નિરર્થક જાય છે.

પોતાની જાતને એ `અનુભવ' (=ભોગ) વિનાના કહેવાતા જ્ઞાનની ધૂંધળી અવસ્થામાં જ રહીને છેતરે છે. આપણે માત્ર જ્ઞાનને જ નહીં, જ્ઞાનાનુભવને જ (=જ્ઞાનના સાક્ષાત્કાર, અનુભવને જ) પૂર્ણ કે સાચું જ્ઞાન કહીએ છીએ. સાચો જ્ઞાની એટલે જ જ્ઞાનાનુભવી! માત્ર દેહનો (=જ્ઞાનનો) આછોપાતળો લોકોને એ નિરર્થક દેખાડો એ જ્ઞાન નથી.

આછા અંગ દેખાવે લોકા

પણ ભોગ વિના તું ભૂખી રે!

લાલનના (=લાલનનો, લાલનો, પ્રિયતમના) સંગનો લહાવો જેણે લીધો નથી તે ભામિની (=જીવ) સાચ્ચે જ ભૂંડા ભાગ્યની ભૂખી (=અધૂરી) છે. હા, અખા સોનારાએ બહોત કહ્યું, કહેવું હતું તેથી ય વધારે!

ઉમાશંકર જોશીએ આ પદ વિશે જરા માર્મિક હળવાશથી કહ્યું છે : `ખરે જ સોનારે `બહોત' કહી નાખી છે.... `બહોત'થી પણ વધારે...!' કબીર પણ લાજને-ઘૂંઘટને (=અજ્ઞાનને) ખોલીને આંતરદૃષ્ટિથી પિયાને (=પરમાત્માને) નીરખીને

અને મળવાની વાત કરી છે. અજ્ઞાનના ઘૂંઘટને, લાજને, તોડવાથી જ પિયા મળશે એવી ખાતરી કબીરે આપી હતી. અહીં લાજના (અસત્યના, માયાના) અંતરપટની આડશે (=પાછળ) રહેલા સત્યનું વીઝ્ઝ સૂચન છે.

અહીં અખાએ પણ લાજુડા (=અજ્ઞાની) એવા જીવને લાજમાં (=અજ્ઞાનમાં, માયામાં) ન રહીને પ્રિયતમને સંપૂર્ણપણેે પામવાનો પંથ દેખાડ્યો છે, કલાત્મકતાથી, કાવ્યમયતાથી! જ્ઞાન અહીં કાવ્યત્વને પૂર્ણપણે પામ્યું છે.

રમેશ જાની

અખો - સંતો સમજીને રહીએ જી

મનવાણી રે પોચે નહીં - અજરામર રહીએ! સંતો સમજીને
પૃથ્વી વિના પગ માંડવો, વિણ વાટે દીવો જી;
જે ઘર જાવું મૂઆ પછી, તે ઘર જીવતાં જીવો જી !
ચંદા નહીં, સૂરજ નહીં, કોઈ નવલખ તારા જી;
દિન ઊગે ને દિસે નહીં, વાકા તેજ અપારા જી!
પવન નહીં, પુરુષ નહીં, નહીં કોઈ જ્યોત અંજવારા જી;
હું નહીં, તું નહીં, તે નહીં એસા અપરંપારા જી!
કહે અખો ગુરુગમસે, સંતો જુવો વિચારી જી,
અન્ય પદ ઇચ્છે નહીં, જેણે મમતાને મારી જી!

મધ્યકાલીન કવિ અખો ભારે આખાબોલો. એના છપ્પામાં સમાજના શરીરે સોળ ઊઠે એવા ચાબખા એણે અત્યંત ક્રૂર થઈને માર્યા છે; પણ આ ક્રૂરતા પાછળ એનો પ્રેમ છે. એના કટાક્ષને આ જાણીતા છપ્પાઓમાં જોઈ શકાય :

તિલક કરતાં ત્રેપન થયાં. જપમાલાનાં નાકાં ગયાં;
તીરથ ફરી ફરી થાક્યા ચરણ, તોયે ન પોહોતો હરિને શરણ
કથા સુણી સુણી ફૂટ્યા કાન, અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.
એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ;
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન;
એ અખા વડું ઉત્પાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત?

અખાએ પદો પણ લખ્યાં છે. એના પર પૂરતું ધ્યાન ગયું નથી અથવા એની વાત બહુ ઓછી થાય છે. જ્ઞાની કવિ છે, એટલે એની જ્ઞાનઘટામાંથી અનુભવજળનાં બિંદુઓ ટપકે છે પદ થઈને. સાચો જ્ઞાની `હું' પદને મનવટો આપે. આપણે આ જગતમાં જન્મ્યા એટલે જીવવાનું તો હોય જ, રહેવાનું પણ હોય છે; પણ રહેવું કઈ રીતે? એ એક જ શબ્દ મૂકે છે - સંતો સમજીને રહીએ જી. આ સમજ એ તર્કમાંથી ઊપસેલી સમજ નથી. કેવળ તર્કને આધારે જીવનારો માણસ ક્યારે તરકડો થઈ જાય, એની ખબર આપણને અવારનવાર પડે છે. તર્કની પર અને તર્કની પારનો એક પ્રદેશ છે. બુદ્ધિ નહીં, પણ પ્રજ્ઞાનો પ્રદેશ છે. અને આ પ્રજ્ઞાની પાર પણ કશુંક હોય છે, જ્યાં આપણી મનવાણીની પહોચ નથી.

સમજીને રહીએ તો જ અજરામર રહી શકીએ. ક્ષણભંગુર સાથેનો સંબંધ તોડીએ અને શાશ્વતી સાથે સંબંધ જોડીએ તો આનંદની અવસ્થા હોય. સુખ અને દુઃખ એ તો કાચનાં રમકડાં. જોવામાં જેટલાં રળિયામણાં લાગે એટલાં રમવામાં નહીં. એ રંગીન હોય છે, પણ સંગીન નથી હોતાં.

અખો અત્યંત બારીક કવિ છે. આમ પણ કવિતા એટલે સંકેતની ભાષા અથવા ભાષાનો સંકેત. પણ અખાનો સંકેત સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. જે માણસ જીવતેજીવત પોતાના જીવનમાં ચમત્કાર કરે તે સંત. માણસે અહીં રહીને કયો ચમત્કાર કરવાનો છે ? પગ મૂકવાનો છે, પણ પૃથ્વી વિના. જીવવાનું છે, પણ સ્થૂળ આધાર વિના. જેવો તમે આધાર લો એટલે નિરાધાર થવાની તૈયારી રાખવી

પડે. જે દીવો વાટને આધારે બળે એ દીવો વાટ બળી જતાં ઓલવાઈ જશે અને ફરી પાછું એનું એ જ અંધારનું વિષચક્ર. અહીં ભીતરના દીવાને પ્રગટાવવાની વાત છે. જે જ્ઞાનથી પ્રગટી શકે, ભક્તિથી પ્રગટી શકે અને જે દીવો વાટનો ઓશિયાળો ન હોય. દેહ તો છે જ, પણ છતે દેહે જે માણસ વિદેહી થઈને જીવે છે, એને કશું નડતું-કનડતું નથી. મરણ પછી જ્યાં જવાનું છે, ત્યાં દેહને છોડીને જવાનું છે અને જીવતા જો દેહને વળગીને રહીએ તો સંસારના નાનાંમોટાં સુખદુ:ખો આપણને બાળ્યાપ્રજાળ્યા કરશે. લૌકિકમાં જ જે જીવ પરોવે છે તે અંતે રોવે. એને અલૌકિકનો અણસાર પણ નથી હોતો. એક એવો પ્રદેશ છે, જ્યાં ચંદ્ર નથી, સૂરજ નથી. નવલખ તારાની ઠકરાત નથી. દિવસ ઊગે છે, પણ દેખાતો

નથી. એટલે ઊગવા-આથમવાની ક્રિયા નથી અને એ કેવળ તેજનો પ્રદેશ છે. અપરંપાર તેજનો પ્રદેશ છે. જ્યાં કોઈ ભેજ નથી. જ્યાં પલટાતી મોસમ નથી. જ્યાં પવનના, પુરુષના, હું-તું-તે-ના ભેદ નથી. જ્યાં સાંસારિક પરંપરા નથી અને અપરંપાર જોડે અતોનાત નાતો નથી.

અખો ભવમાં એક જ વસ્તુનો મહિમા કરે છે, અને તે અનુભવનો. જ્ઞાનનાં પડીકાં બાંધીને વહેચવાનો એનો કોઈ અભરખો નથી. આટલું કહ્યા પછી એ એક વાતને ભારે ભારપૂર્વક કહે છે. હું કહું છું એટલે નહીં સ્વીકારો. મેં જે વાત કહી તે `સંતો જુવો વિચારી જી.' આમ જોવા જઈએ તો આપણે ઘણી વાર કહીએ છીએ કે

આટલું વિચારી જુઓ. આમાં બે વસ્તુ છે. નરી આંખે જોવાનું પણ છે, અને વિચારવાનું પણ છે અને આપણું મન માને તો જ સ્વીકારવાનું છે.

આ બધું કહ્યા પછી અખાને કોઈ પદની ઇચ્છા નથી. કોઈ એની કંઠી બાંધે એમાં એને રસ નથી. સૌથી મોટું કામ તો મમતાને મારવાનું છે. જે સમજને ધારણ કરી શકે એ જ મમતાને મારી શકે. સમજને ધારણ કરવી એ જ સમજણ. ભારેખમ તત્ત્વજ્ઞાન પણ લયના પ્રવાહમાં હળવું ફૂલ થઈ અહીં વહે છે.

અવિનાશ વ્યાસ - રાખનાં રમકડાં

રાખનાં રમકડાં , મ્હારા રામે રમતાં રાખ્યાં રે;
મૃત્યુલોકની માટી માથે માનવ કહીને ભાખ્યાં રે.   ...રાખનાં રમકડાં.

બોલે ડોલે રોજ રમકડાં, નિત નિત રમત્યું માંડે,
આ મ્હારું આ ત્હારું કહીને એકબીજાને ભાંડે રે.   ..રાખનાં રમકડાં.

હે..કાચી માટીની કાયા માથે, માયા કેરા રંગ લગાયા.
ઢીંગલા ઢીંગલીએ ઘર માંડ્યાં, ત્યાં તો વીઝણલા વીંઝાયા રે! ...રાખનાં રમકડાં

અંત અનંતનો તંત ન તૂટ્યો, ને રમત અધૂરી રહી,

તનડા ને મનડાની વાતો આવી તેવી ગઈ! ...રાખનાં રમકડાં.

માણસ જો મોકળું મન રાખે તો એને ક્યાંયથી પણ કવિતા મળી રહે. કવિતા પાસે કે જીવનમાં ક્યાંય પણ પૂર્વગ્રહ કે પૂર્વગ્રંથિ સાથે ન જવાય. અવિનાશ વ્યાસનું નામ પ્રજામાં પહોચેલું છે. એ સંગીતકાર. આપણે જો મનમાં ગાંઠ વાળીને બેસીએ કે સંગીતકાર પાસેથી કવિતા ક્યાંથી મળે અને મળે તો કેવી મળે? અને એને વાંચીએ નહીં કે સાંભળીએ નહીં તો છેવટે આપણે જ ગુમાવવાનું છે. એક જમાનામાં હિંદી ફિલ્મોમાં પણ ઉત્તમ ગીતો આવતાં હતાં, કાવ્યની કસોટીએ પાર પડે એવાં. મને ખ્યાલ છે ત્યાં સુધી આપણા મૂર્ધન્ય સાહિત્યકાર

ઉમાશંકર જોશીએ પણ આ ગીતને પોખ્યું હતું. ઝેવિયર્સમાં આર્ટ્સનો અભ્યાસક્રમ રાખ્યો હતો. ઇન્ટર આર્ટ્સમાં પ્રોફેસર આગિયાર અમને લોજિક શીખવતા. કહેતા ઓલ મેન આર મોર્ટલ. સોક્રેટિસ ઇઝ અ મેન સો સોક્રેટિસ ઇઝ મોર્ટલ. આ કોનું તર્કશાસ્ત્ર છે? આ જ વાત કવિ કઈ રીતે વિકસાવે છે એ જોવા જેવું છે. આ સૃષ્ટિ અને આપણે સહુ ઈશ્વરની લીલાના પરિણામરૂપે છીએ. સૃષ્ટિ તો અનાદિ અનંત છે. આપણને બધાને અંત છે. જે જન્મે છે એ મરે છે. માતાની જનનનાળ કપાઈ જાય છે પછી માણસ સ્વતંત્ર રીતે જીવે છે. વયમાં મોટો થાય છે પણ જન્મેલો દરેક જીવ પોતાના શરીરમાં મરણને પણ ઉછેરે છે. આ બધી સીધીસાદી સામાન્ય વાત થઈ. પરદેશમાં કે અન્ય ધર્મમાં શબને કબરમાં દાટવામાં આવે

છે. ત્યાં આગળ એમ જ કહેવાય કે છેવટે માટી માટીમાં મળી ગઈ. મીરાં જેવી કોઈ એમ કહે કે જ્યોત મેં જ્યોત મિલા જા.

કવિ કઈ રીતે વિકસાવે છે એ જોવા જેવું છે. આ સૃષ્ટિ અને આપણે સહુ ઈશ્વરની લીલાના પરિણામરૂપે છીએ. સૃષ્ટિ તો અનાદિ છે. આપણને બધાને અંત છે. જે જન્મે છે એ મરે છે. માતાની જનમનાળ કપાઈ જાય છે.

અવિનાશે પ્રત્યેક મર્ત્ય જીવ માટે જે શબ્દ પ્રયોજ્યો છે તે મૌલિક અને અર્થસભર છે. અંતે આપણે સહુ રાખનાં રમકડાં છીએ. પણ આપણે જે કંઈ છીએ તે આપણે જ કારણે નથી. આપણને સંસારમાં અહીં રમતા રાખ્યા છે રામે. માણસ જીવનમાં

એટલી જાગૃતિ રાખે કે અંતે તો હું રાખ થવાનો છું તો એના હુંપદમાંથી ઊગરી જાય. સહેજ આડવાત છે તોપણ અહીં યાદ કરી લઉં. એક વાર અવિનાશ વ્યાસ મારા મિત્ર કિશોર શાહની દુકાનમાં મળી ગયા. અનેક પ્રકારની વાતો ચાલી. રાખનાં રમકડાંની પણ વાત નીકળી. યાદ છે ત્યાં સુધી આ ગીત ગુજરાતી ચલચિત્ર `મંગળફેરા'માં હતું. અવિનાશ વ્યાસ કહે કે મારે માટે તો આ રાખનાં રમકડાં, લાખનાં રમકડાં પુરવાર થયાં. એ જમાનામાં એમને આ ગીતની વેચાણ પેટે રોયલ્ટી પચ્ચીસ હજાર મળેલી.

કવિએ મનુષ્યજીવનના અંતથી ગીતનો પ્રારંભ કર્યો છે. આમ તો આપણી શેર માટી. મરણ પછી શું થાય છે એની આપણને ખબર નથી. પણ મરણ પહેલાં

આપણે મૃત્યુલોકની માટીમાં માનવ તરીકે ઓળખાયા છીએ. આપણું જીવન એટલે આ રમકડાંની જ બજાર. આપણે બધા બોલતાં-ચાલતાં, ડોલતાં રમકડાં છીએ. રોજરોજ આપણી રમત જુદી હોય છે. પણ રમકડાં તો એનાં એ જ હોય છે. જીવનથી મરણ સુધી આપણે કેટકેટલી રમત રમીએ છીએ જાણે કે બચપણની રમતનો જ વિસ્તાર હોય છે. ભણવું, ગણવું, પરણવું, નોકરીધંધા કરવા, સંતાનો ઉછેરવાં... આ બધી આપણી જુદાજુદા પ્રકારની રમતો જ છે. આ રમતમાં આપણે અંચાઈ પણ કરીએ છીએ. આઘુંપાછું અને આડુંઅવળું પણ કરીએ છીએ. મારુંતારું પણ કરીએ છીએ. આમ ને આમ આપણો સમય પસાર થતો જાય છે. આપણે કહીએ છીએ કે સમય પસાર થાય છે બાકી કાળની કેડી

પરથી આપણે જ પસાર થઈ જતા હોઈએ છીએ. બનતા સુધી ઓક્તોવિયા પાઝની પંક્તિ છે. Does nothing pass when time is passing by?

આપણે કાચી માટીના માણસ. એના ઉપર માયાનો પાક્કો રંગ લગાવ્યો. પ્રેમ કર્યો, પરણ્યા. ઈશ્વરની રમતમાં તો આપણે ઢીંગલાઢીંગલી જ છીએ. સુખ માણ્યું ન માણ્યું ત્યાં તો વીંઝણલા વીંઝાય છે. માળો ચૂંથાઈ જાય છે. જિંદગી એટલે કશું જ નહીં પણ સુખ અને દુ:ખની આવનજાવન. દરેક માણસનો નિશ્ચિત જીવનપટ હોય છે. સમય નિશ્ચિત છે. કાળ તો અનંત વણજારાની જેમ અલગ ભટક્યા કરે છે. અંત અને અનંત એકસાથે છે અને છતાંય છૂટા છે. એલિયટની

પંક્તિ છે એમ, In my beginning there is my end. In my end there is my beginning. કોઈ પૂર્ણપણે રમીને ઊભો થતો નથી. જગદીશ જોષીનો શેર છે :

હું અધૂરી પ્યાલીને પંપાળતો બેસી રહ્યો
આ ભરી મહેફિલ, મને ઊઠી જતાં ન આવડ્યું.

તન અને મનની કેટલીયે વાતો આવે તેવી ચાલી જાય છે. કશુંક અધૂરું રહી જાય છે. આ અધૂરપને પૂર્ણ કરે છે મરણ અને એટલે તો હરીન્દ્ર દવે જેવો કવિ આવી પંક્તિ લખે :

મહેકમાં મહેક મળી જાય તો મૃત્યુ ન કહો.

આનંદઘનજી - નિશાની કહા બતાવું રે

નિશાની કહા બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ.
રૂપી કહું તો કછું નહિ રે, બંધે કૈસે અરૂપ?
રૂપારૂપી જો કહું પ્યારે, ઐસે ન સિદ્ધ અનુપ.
સિદ્ધ સરૂપી જો કહું રે, બંધન મોક્ષ વિચાર,
ન ઘટે સંસારી દશા પ્યારે, પુણ્ય પાપ-અવતાર.
સિદ્ધ સનાતન જો કહું રે, ઊપજે વિણસે કોણ?
ઊપજે વિણસે જો કહું પ્યારે, નિત્ય અબાધિત ગૌન.
સર્વાંગી સબ નય ધણી રે, માચે સબ પરમાન,
નયવાદી પલ્લો ગ્રહી પ્યારે, કરે લરાઈ ઠાંન.

અનુભવગોચર વસ્તુ કો રે, જાણવો યહ ઇલાજ,
કહન સુનન કો કછુ નહિ પ્યારે, આનંદઘન મહારાજ.

સત્તરમી સદીના જૈન સંતકવિ શ્રી આનંદઘનજીની આ રચનાનો આધ્યાત્મિક મર્મ તો અનોખો છે જ, પણ આપણે કવિતારૂપે જ એનો આસ્વાદ લઈએ તોપણ અભિવ્યક્તિની કલાનું મનોરમ શિખર અહીં દૃષ્ટિગોચર થયા વિના નહિ રહે. કોઈ સિદ્ધ પુરુષ પાસે જઈ આપણે પ્રશ્ન કરીએ `તમે આત્મતત્ત્વને પામ્યા હો તો એને ઓળખવાનું કોઈ એંધાણ તો અમને આપો.' તો એ શું કહે? કંઈક આ પ્રશ્ન વિશેનું વિસ્મય રહે તો કંઈક પોતે ક્યારેક જેની ઝાંખી મેળવી હોય એ અગમ અગોચર રૂપ વિશેનું વિસ્મય રહે....

આ પ્રશ્ન કરનારને તો ઉત્તર ન જ આપે : એ તો આત્મા સાથે જ સંવાદ કરે અને કહે, `આ સૌ તારી નિશાની માગે છે, પણ હું તારી નિશાની ક્યાંથી આપું? તારું રૂપ તો ન જાણી શકાય કે ન પામી શકાય.' જે અપાર હોય છે એનો પાર પામવાનો પ્રયત્ન આપણે કરીએ જ છીએ -- પછી એમાં સફળ ન થઈએ ત્યારે જ અપારની સાચી પ્રતીતિ થાય, એમ અહીં પણ અગમ અને અગોચરરૂપ કવિ આપણી સમક્ષ વર્ણવવા મથે છે.

કવિ કહે છે : `તને હુંરૂપી સાકાર કહું તો, રૂપીના જે ગુણધર્મો હોવા જોઈએ, એ તો તારામાં છે જ નહિ. એટલે તને રૂપી કહું તો તું કંઈ જ નથી અને અરૂપ કહું તો મારો અને તારો સંબંધ બંધાયો એનું શું? જે અરૂપ છે એ રૂપીથી બંધાઈ ન શકે

અને હું રૂપી હોવા છતાં તારી સાથે સંબંધ જોડી શક્યો છું--એટલે તદ્દન અરૂપ પણ કેમ કહું? અને જો રૂપી અને અરૂપી એ બંને તું છે એમ કહું તો એ પણ ખોટું છે, કારણ કે અનુપમ સિદ્ધિઓ માટે આવું વિશેષણ બંધબેસતું નથી.

તો શું તને સિદ્ધ-સ્વરૂપ કહું? તો બંધ કે મોક્ષનો વિચાર, સંસારી દશા અને પુણ્ય અને પાપથી નીપજતા અવતારો આ બધાનું શું? આત્મ સૌમાં પ્રગટ હોય છે -- શુભમાં અને અશુભમાં, સંસારમાં અને ત્યાગમાં. અને જો એને સનાતન સિદ્ધ કહે તો આ જન્મ અને મરણના ચક્કરમાં પડે છે એ કોણ? અને જો એને જનમ-મરણમાં રમમાણ રહેતો કહીએ તો એના નિત્યપણાને અને અબાધિતપણાને ગૌણ સ્થાન આપી દેવું પડે છે.

- પણ અહીં સુધી કવિ પ્રશ્નો ઉઠાવે છે; આ પ્રશ્નો અજ્ઞાનમાંથી નહિ, જ્ઞાનની ભૂમિકા પરથી આવેલા છે. વાસ્તવમાં એ પ્રશ્નો જ નથી; એ ઉત્તર માટેની વિમાસણમાત્ર નથી, એ સાચા ઉત્તરના રસ્તે જવા માટેની ભૂમિકા છે. આત્માનો સાચો પરિચય આપવા બેસીએ તો કહેવું પડે કે એ તો બધા જ નયનો સ્વામી છે. જૈન તર્કશાસ્ત્રમાં મુખ્ય સાત નય વર્ણવાયા છે. નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય -- આવા નયચક્રનો જે સ્વામી છે એને માત્ર એકાદ નય વડે સમજવાનો પ્રયત્ન કરીએ તો હાથીના રૂપને વર્ણવતા છ આંધળાઓ જેવો જ ઘાટ થાય ને! વિવાદ થાય છે, કારણ કે આપણે ધર્મમાં એક જ ઘાટ પરથી સામા કિનારે જાઓ તો નદી પાર કરી શકો

એવો જડ આગ્રહ રાખતા હોઈએ છીએ. પણ નદીના તટ તો શતસહસ્ર છે. તમે જ્યાંથી પણ ઝુકાવો ત્યાંથી પાર ઊતરી શકો. આમ સર્વનયનું જ્ઞાન થાય ત્યારે જ આત્માનું સાચું રૂપ પામી શકાય.

એક વાર એક રાજાએ મહાન ગણિતશાસ્ત્રીને કહ્યું : `મારા રાજકુમારને ગણિત શીખવાનો કોઈ સહેલો રસ્તો શીખવો : તમને જોઈએ તે સંપત્તિ આપું.' ગણિતશાસ્ત્રીએ કહ્યું : `સંપત્તિ વડે તમારા રાજકુમારના એશઆરામનાં બેચાર વધુ સાધનો વસાવી શકાય, પણ ગણિત તો મારો ગરીબમાં ગરીબ પ્રજાજન જે રસ્તે શીખે છે, એ જ રસ્તે શીખી શકાય.'

આત્માના રૂપને પામવાની વાત પણ એવી જ છે. કવિ કહે છે કે જે અનુભવ ગોચર હોય એને અનુભવથી જ પામી શકાય, એમાં બીજું કંઈ કહેવું - સાંભળવું કામ ન લાગે... આત્માના રૂપને પામવાની આ નાનકડી કવિતામાં અધ્યાત્મ મર્મ પણ કેવો કાવ્યાત્મક બનીને ઊપસી આવ્યો છે? સત્તરમી સદીની આ કાવ્યકૃતિની ભાષા, શબ્દવિનિયોગ વગેરે પણ તપાસવા જેવાં છે. - હરીન્દ્ર દવે

આંડાલ : અનુ. સુરેશ દલાલ - આ માગશરનો મહિનો

આ માગશરનો મહિનો ને આ પૂર્ણચંદ્રની રાત
ચલો સખી નાહવાને જઈએ, થઈ જઈએ રળિયાત.

ગોકુળની સુંદર કન્યાઓ ગોકુળનો છે મહિમા
સજીધજીને ચલો સખી! પછી જળમાં સરશું ધીમાં.
યશોદાની આંખોનો ઓચ્છવ; વનરાજ, નંદનો છોરો

ઘનશ્યામ દેહ ને કમલનયન એ : નહીં આઘો નહીં ઓરો.
ચહેરો જેનો ચંદ્ર સમો ને બધાંયનું સુખધામ
એ આપણને વરદાન આપશે : સ્તુતિમય સઘળાં કામ.

આંડાલ સાતમી સદીની કવયિત્રી. રાગરાગિણી ને સંગીત એના લોહીમાં. કૃષ્ણભક્તિ એના જીવનનું કેન્દ્ર. આપણી પાસે કેટકેટલા સંતકવિઓ છે : મીરાં છે. વિદ્યાપતિ, જયદેવ, તુલસીદાસ અને ત્યાગરાજ, સુરદાસ અને તુકારામ, પુરંદરદાસ, કબીર અને ગુરુ નાનક. આંડાલે તામિલમાં ગાયું. ત્યાગરાજે તેલુગુમાં પુરંદરદાસે કન્નડમાં. આંડાલ મંદિરના પૂજારીની પુત્રી. ભક્તિ એના લોહીમાં.

અંગ્રેજી પરથી ગુજરાતીમાં અનુવાદ કરવો એ કપરું કામ છે. કપરું છે એટલા માટે તો કરવું ગમે છે. પદ્યનો અનુવાદ લયબદ્ધ રીતે કરવો એટલે શું એ તો `ઘાયલ કી ગત ઘાયલ જાણે' આંડાલનાં ગીતો દક્ષિણમાં ઘરેઘરે ગવાય છે.

ઋતુનું ચક્ર એના ક્રમ પ્રમાણે ચાલે છે. ભક્તને માટે તો દરેક મહિનો કોઈક ને કોઈક રીતે મહત્ત્વનો છે. કૃષ્ણઘેલી ગોપીને તો ઓચ્છવ સાથે સંબંધ છે. જળ શરીરને સ્વચ્છ કરે છે. કદાચ આપણા મનની તૈયારી હોય તો કદાચ મનને પવિત્ર કરે છે. કવયિત્રી કહે છે કે આ માગશરનો મહિનો છે. પણ આટલેથી અટકતી નથી. મહિનો ભલે માગશરનો હોય પણ આજની રાત એ પૂર્ણચંદ્રની રાત છે. ભક્તિમાં કશુંયે અપૂર્ણ ન હોવું જોઈએ. જે કંઈ ન્યોછાવર કરવાનું હોય તે સંપૂર્ણ હોવું જોઈએ. દક્શિણનાં આવાં ભક્તિકાવ્યોમાં સ્નાનની સતત વાત આવે છે. ઈશ્વર પાસે જવું એ કંઈ નાનીસૂની ઘટના નથી. બાહ્ય રીતે સજીધજીને જઈએ એ એક અલગ વાત છે. પણ સ્નાન જાણે કે ભીતરના શણગારની --

શૃંગારની પૂર્વભૂમિકા છે. કૃષ્ણનું વ્યક્તિત્વ જ એવું છે કે એ કોઈનામાં બંધાય નહીં. એ સૌનો છે અને સૌ માટે છે. એ વસ્તુ નથી કે એને પકડીજકડી શકાય. એટલે જ બીજી પંક્તિમાં કહે છે ચલો સખી નાહવાને જઈએ. ઉત્તમ પ્રેમ ક્યારેય એકલપેટો નથી હોતો. પણ નહાઈને શું થશે? તો કહે છે કે થઈ જઈએ રળિયાત. આ રળિયાત થવું મહત્ત્વની વાત છે. ઈશ્વરને આપણું કશું મલિન નહીં પણ જે કંઈ આપણું સ્વચ્છ છે, રૂપાળું છે, લાવણ્યમય છે એ જ આપવાનું હોય.

ગોકુળનો મહિમા કેવળ ગોકુળને કારણે કે કેવળ કૃષ્ણને કારણે નથી. અહીં સમર્પણની સાથેસાથે સ્વમાન અને સ્વાભિમાનની વાત છે. ગોકુળમાં સુંદર કન્યાઓ છે. આ કન્યાઓને કારણે જ ગોકુળનો મહિમા છે. જવાનું તો નાહવા છે.

પણ મેલાંઘેલાં કપડાં ન ચાલે. જઈએ તો સજીધજીને જઈએ અને પછી આપણે જળમાં પડશું કોઈ કરતાં કોઈ ઉતાવળ નથી. કોઈ રોકણહાર નથી કે કોઈ ટોકણહાર નથી. કહે છે જળમાં સરશું ધીમાં. ઈશ્વરને પામવા માટે ધીરજ જોઈએ. એને પામીએ એટલું જ પૂરતું નથી. એને એકલા આપણો ન કરી મૂકીએ. એવું કરવા જઈશું તો અંતે એ આપણો રહેશે નહીં અને આપણને એકલતા વેઠવાની આવશે. ગોપી કૃષ્ણ કોનોકોનો છે એનો સહેજ અણસારો આપે છે. આ કૃષ્ણ યશોદાની આંખનો ઓચ્છવ છે. આખા વનનો વૃૃંદાવનનો રાજા છે. નંદનો છોરો છે. એનો દેહ ઘનશ્યામ છે. એ કમલનયન છે. એ તમારી ખૂબ નજીક નથી અને તમારાથી ખૂબ દૂર નથી.

રાતનો સમય છે. સ્પષ્ટ કર્યું છે કે માગશર મહિનાની પૂર્ણચંદ્રની રાત છે. કવિએ કાવ્યમાં એકવાક્યતા સાધી છે. કૃષ્ણના દેહનું વર્ણન કર્યું. આંખનું વર્ણન કર્યું, પણ એનો ચહેરો કેવો, તો કહે છે ચંદ્ર જેવો. ચંદ્ર ઊગે છે ત્યારે કોઈ એકનો નથી હોતો. એ તો સહુને શાતા આપે. એ બધાયનું સુખધામ છે. આપણે એના પર ઓવારી જઈને જાતને ન્યોછાવર કરીશું તો એના વરદાનથી આપણા કોઈ પણ કામને, કોઈ પણ કર્મને, નિંદાના ડાઘડૂઘ નહીં લાગે. એના કારણે આપણાં સર્વકર્મો સ્તુતિભાવ થઈ જશે.

આંડાલનું એક બીજું ગીત પણ જોવા જેવું છે :

ત્રણ પગલાંમાં ત્રિભુવન માપ્યું એનાં ગાવું ગીત
નાઈધોઈને અશુભ મુક્તિ : મંગલમય આ ચિત્ત.
પ્રતિમાસે ત્રણ ઝરમર વર્ષા : ખેતરને સંતોષ
માછલી ઊછળે : કમળફૂલમાં ભમરાને પરિતોષ.
મહિયારણની સામે છલોછલ દૂધની છલકે મટકી
અત્ર તત્ર સર્વત્ર જુઓને લક્શ્મી રહી છે મલકી.

ઇન્દુલાલ ગાંધી - આતમને ઓઝલમાં નાખ મા.

પડદાની આરપાર
પ્રભુજીને પડદામાં રાખ મા. પૂજારી, તારા -
આતમને ઓઝલમાં નાખ મા.

વાયુ વીંઝાશે ને દીવડો હોલાશે એની
ભીતિ વંટોળિયાની ભાખ મા,
આડે ઊભો તારો દેહ અડીખમ,
બાપુ, ભળી જાશે ખાખમાં. પૂજારી, તારા -

આતમને ઓઝલમાં નાખ મા.

ઊડી ઊડીને આવ્યાં પંખી હેમાળેથી,
થાક ભરેલો એની પાંખમાં;
સાત સમુંદરને પાર કર્યા એનું
નથી રે ગુમાન એની આંખમાં. પૂજારી, તારા -

આંખનાં રતન તારાં છોને હોલાય,
છોને હીરા લૂંટાય તારા લાખના;
હૈયાનો હીરો તારો નહિ રે લૂંટાય કો'થી,
ખોટા હીરાને ખેંચી રાખ મા. પૂજારી, તારા -

પુ. લ. દેશપાંડેએ એક એકાંકી લખ્યું હતું. એનો અનુવાદ તારક મહેતાએ કર્યો. નામ રાખ્યું : `ને રણછોડે રણ છોડ્યું'. વિષય કંઈક આવો હતો. મંદિરમાં રહીને ઈશ્વર થાકી ગયા છે. ભાવના ભૂખ્યા ઈશ્વર માટે ભક્તો ફૂલ-ફળ લાવે છે. અન્નકૂટ ધરાય છે. પણ એમને તો કશું પહોચતું જ નથી. ભક્તોની શ્રદ્ધા પણ ભગવાન કરતાં જાણે કે પૂજારીમાં વિશેષ છે એ બધું પૂજારીને ધરવામાં આવે છે. અને આ બધું ઈશ્વરને નામે, ધર્મને નામે થાય છે. ઈશ્વરને એમ થાય છે કે આ મંદિર નથી પણ કેદખાનું છે. એક દિવસ ઈશ્વર પ્રગટ થાય છે અને કહે છે કે મારે આ મંદિર છોડીને ચાલી જવું છે. આ ક્ષણે મંદિરમાં વકીલ પણ હાજર હોય છે. એ કહે છે કે તમે ગીતા પર હાથ રાખીને પુરવાર કરો કે તમે ઈશ્વર છો. એક બજારુ સ્ત્રી કહે

છે કે તમે મારી પિત્તળની બરણીને સોનાની કરી આપો તો માનું કે તમે ઈશ્વર છો. ઈશ્વરની આપણે આવી પરિસ્થિતિ કરી મૂકી છે.

ઈશ્વરના દરવાજા તો સહુને માટે હંમેશાં ખુલ્લા રહેવા જોઈએ. અમુક સમયે જ દર્શન થાય અને પછી દર્શન બંધ થઈ જાય એમાં તો ધક્કામુક્કીને કારણે ઈશ્વરની અલપઝલપ ઝાંખી થાય તો થાય.

ઇન્દુલાલ ગાંધીને ગીતનો પ્રકાર સહજ. એમનું એક પ્રસિદ્ધ ગીત `આંધળી માનો કાગળ' એક જમાનામાં ખૂબ પ્રચલિત હતું. આ ગીત પ્રજાને કંઠે વસેલું. કેટલાયે લોકો એવા હશે કે જેને આ ગીત ખબર હોય પણ કવિના નામથી અજાણ હોય.

ઉપાડની પંક્તિ જ અનન્ય છે. ગીતમાં ઉપાડની પંક્તિનું અત્યંત મહત્ત્વ છે. રમેશ પારેખની એક કવિતામાં આવે છે એમ આવી પંક્તિ જનોઈવઢ ઘા કરનારી હોય છે. પ્રભુજીને પડદામાં રાખવાનો શો અર્થ? પણ અહીં કેવળ મંદિરના સ્થૂળ પડદાની વાત નથી. બીજી પંક્તિમાં કહે છે `આતમને ઓઝલમાં રાખ મા' આપણું શરીર એક પડદો જ છે. શરીરની પાછળ આપણો આત્મા છુપાયેલો છે. જીવનમાં આપણે જેટલા પ્રેમથી નથી જીવતા એટલા ભયથી જીવીએ છીએ. મોટા ભાગના ભય આપણે ઊભા કરેલા છે. ભય સ્વયં આવે એ પહેલાં આપણે જાતજાતની ચિત્રવિચિત્ર વિષમ કલ્પનાઓ કરીએ છીએ અને અંદર ને અંદર અસ્વસ્થ થઈએ છીએ.

શરીરને શરીરનો ભય હોય છે. શરીરનો ભય પીડાનો હોય છે. મનનો ભય યાતનાનો હોય છે. આ પીડા અને યાતના માણસને બેચેન કરે છે. એક ભય છે કે જો વંટોળિયો આવે તો દીવો હોલવાઈ જશે. અડીખમ દેહની પાછળ રહેલો આત્મા એમ કેમ ઓલવાઈ જાય! અને માની લો કે દેહ પડ્યો તોપણ આત્માને તો કશું થતું જ નથી. આત્માને શસ્ત્રો વીંધી શકતાં નથી. અગ્નિ પ્રજાળી શક્તો નથી એ જાણીતું ભગવદ્ગીતાનું વચન છે. આત્મા નીકળી જાય છે પછી શરીર જ રહે છે. શિવ નીકળી જાય પછી શવ - શબ છે. જે બળે છે તે દેહ બળે છે આત્મા તો પંખી જેવો છે. એની પાંખમાં અંતે થાક હોય તોપણ એ સાત સમંદરને પાર કરીને ક્યાંય પણ જતો હશે તોપણ એનામાં ગુમાન નથી. ઇન્દુલાલ ગાંધીનાં

ગીતોમાં ક્યારેકક્યારેક અર્થનું અજવાળું ઓછું હોય પણ ધુમ્મસનાં વલયો ઝાઝાં હોય એટલે દરેક શબ્દનો અર્થ બેસાડી ન શકાય કે અમુક અર્થથી ઝાઝું અર્થઘટન કરી ન શકાય.

શરીરનો મહિમા ઓછો નથી. આત્મા જેવા આત્માએ પણ શરીરમાં રહેવું પડે છે. શરીરની વૃદ્ધાવસ્થા હોય છે. આત્માની વૃદ્ધાવસ્થા નથી હોતી. શરીરને કરચલીઓ પડે છે. આત્માને નહીં. આંખને મોતિયો આવે છે, પણ આત્મદર્શન કદીયે ઝાખું થતું નથી. આપણે શરીરને વળગીએ છીએ અને આત્માને ઓળખતા પણ નથી. શરીર અંતે ખોટો હીરો પુરવાર થાય છે. આપણે જેને કોહિનૂર માનતા હતા એનું

નૂર કોહી જાય છે. હૈયાનો હીરો કોઈ લૂંટી ન શકે. જે થાય છે એ શરીરને થાય છે. આત્મા તો હંસલાની જેમ શરીરના જૂના દેવળને છોડીને ક્યાંક જતો રહે છે.

ઉમાશંકર જોશી - પગરવ

પ્રભુ, તારો પગરવ જરી સુણાય.
વનવનવિહંગના કલનાદે,
મલયઅનિલના કોમલ સાદે.
ઉડુગણ કેરા મૂક વિષાદે
ભણકારા વહી જાય. પ્રભુ, તારો પગરવ.

ગિરિનિર્ઝરના નૃત્યઉમંગે,
સરિતતણા મૃદુમત્ત તરંગે,
ઋતુનર્તકીને અંગેઅંગે
મંજુ સુરાવટ વાય, પ્રભુ તારો પગરવ.

અહોરાત જલસિંધુ ઘૂઘવે,
ઝંઝાનિલ મઝધાર સૂસવે,
વજ્રઘોર ઘન ગગન ધૂંધવે.
ધ્વનિ ત્યાં તે અથડાય, પ્રભુ, તારો પગરવ.

શિશુકલબોલે, પ્રણયહિંડોળે,
જગકોલાહલના કલ્લોલે,
સંત-નયનનાં મૌન અમોલે
પડઘા મૃદુ પથરાય, પ્રભુ, તારો પગરવ.

મીરાંની એક પંક્તિ છે. `સુની હો મૈને હરિ આવન કી આવાજ.' હરિ આવવાના છે. એનો ધ્વનિ સંભળાય છે. ઈશ્વર આવે તો કેવી રીતે આવે? કોલાહલને રસ્તે તો નહીં જ. એનો પદધ્વનિ ખરો પણ નીરવ. કાનની ભીતરના કાનને સંભળાય એવો. સુંદરમ્ આધ્યાત્મિકતા માટે પોડિચેરી ગયા. ઉમાશંકરને તો કવિતા સ્વયં આધ્યાત્મિકતા. પ્રથમ પંક્તિ ઝીણવટથી સાંભળવા જેવી છે. સીધી જ વાત છે. હે ઈશ્વર! તારો પગરવ સંભળાય છે. પણ કવિનો સંયમ અને સચ્ચાઈ એક થઈ જાય છે. એકજ શબ્દમાં. પ્રભુ, તારો પગરવ જરી સુણાય. આમાં મહત્ત્વનો શબ્દ `જરી' છે. સહેજ સંભળાય છે. સહજ સંભળાય છે. કવિનો કાનનો કેમેરા ધ્વનિનાં અનેક દૃશ્યો ઝડપે છે. ઈશ્વર તો અદૃશ્ય છે. પણ ધ્વનિરૂપે દૃશ્ય છે. વનના

વિહંગના કલનાદમાં, તો પવનલહરના કોમળ સાદમાં. કવિની આંખ આકાશે પહોચે છે. રાતનો સમય છે. આવી સૂમસામ રાતમાં તારાઓના મૂગા વિષાદમાં પ્રભુના પગરવના ભણકારા વહી જાય છે. પગલાં હોય તો એને સાચવી પણ શકો. પગરવને સાચવી પણ કેમ શકાય? કવિની સમતુલા ગજબની છે. બીજો કોઈ કવિ હોત તો નરી પ્રસન્નતાની વાત કરત. પણ તારાઓના મૂગા વિષાદમાં પણ કવિ ધ્વનિની બારાખડી ઉકેલી શકે છે.

કવિએ અવાજનાં અનેક રૂપો આપ્યાં છે. અનેક આકારો આપ્યા છે. એનાં અનેક ગંગોત્રીસ્થાનો બતાવ્યાં છે. ઝરણાંના નર્તનનો ઉમંગ, સરિતાના મૃદુમત્ત તરંગ...

આ તો જળધ્વનિ થયા. ઋતુનર્તકીને અંગેઅંગે જે મંજુલ સુરાવટ થાય છે, એને પણ કવિ ઝીલી શકે છે. મોસમની પલટાતી લીલાનો લય કવિ ચૂકતા નથી.

ઝરણાંનો અને સરિતાનો જળધ્વનિ જુદો. અહોરાત ઘૂઘવતા સિંધુના ઘુઘવાટનું રૂપ જુદું. ઝંઝાવાતનો પ્રલયલય અને એનો સુસવાટ પણ જુદો. અવાજના રમ્ય રૂપની સાથે અવાજનાં રુદ્રરૂપ પણ કવિએ ઝડપ્યાં છે. આકાશમાં થતું મેઘનું તાંડવ અને ત્યાંથી અથડાતો ધ્વનિ. ઉત્તમ કવિ કોઈ પણ વસ્તુને કે કોઈ પણ વિષયને અંશમાં જોતો નથી. એ એને અખિલાઈમાં પામે છે. સામાન્ય કવિ ને અસામાન્ય કવિમાં ભેદ પડે છે તે આ જ પડે છે. બીજો કોઈ પણ કવિ હોત તો ત્રીજા અંતરે કવિતાનું અચ્યુતમ્ કેશવમ્ કરી બેઠો હોત. પણ કવિ અહીં અટક્યા

નથી. સમગ્ર પ્રકૃતિના ધ્વનિને ઓળખનાર તો મનુષ્ય છે. તો આ માણસ પાસે પણ કેટલા ધ્વનિ છે. બાળકની કાલીઘેલી વાણી, પ્રણયને હિંડોળે ઝૂલતા પ્રેમીઓનો ધ્વનિ. આ બધાની વચ્ચે કવિ જગતના કોલાહલને પણ ભૂલ્યા નથી અને આ કોલાહલમાંથી પણ કવિએ કલ્લોલને તારવી લીધો છે. બધા જ પોતપોતાની રીતે બોલતા હોય છે. પણ સંત વાણીથી નહીં પણ એની આંખના અબોલ મૌનથી બોલે છે અને એ સંતના વાચાળ મૌનના પડઘાને પણ પથરાતા જુએ છે. સામાન્ય માણસ કે વિદ્વાનની નજર આ ગીત પર જેટલી પડવી જોઈએ એટલી પડી નથી. આ કાવ્યને એક જ પંક્તિમાં સમેટવું હોય તો કહી શકીએ કે આ કાવ્ય ધ્વનિનું ઉપનિષદ છે.

ઉશનસ્ - ધન્ય ભાગ્ય

બાઈ રે, તારાં ભાગ્ય મહા બળવાન,
અમૃતપ્રાશણહાર તે તારાં ગોરસ માગે ક્હાન!

ઊંચે વ્યોમભવન, ખેલંદો ઊતર્યો તારે નેસ,
ગોરસ મિષે પ્રેમપિયાસી યાચત બાળે વેશ;
ધણી થૈ બેસે તોય શું કહીએ, આ તો માગત દાણ.

કંઈક બીજી જો મહિયારીની કોઈ ન ફોડે ગોળી,
રાત--દી પી પી પોતે, ગોરસ બગડ્યાં દેતી ઢોળી,
આપણું પીધું તુચ્છ, હરિનું ચાખ્યું બુંદ મહાન.

ગગરી ફોડી ભવ ફોડ્યો ને મહીમાં પ્રીત લૂંટાઈ,
કાનજી જેવો લૂંટણહાર ત્યાં કૈ ન બચાવવું, બાઈ!
બચિયું એટલું એળે, અહીં તો લૂંટવ્યું એટલી લ્હાણ!

સામાન્ય રીતે ગોપિકાગીતોમાં કૃષ્ણ સામે ફરિયાદ હોય છે : `યશોદા, તારા નટખટ નંદકુંવરને વાર,' કે આવી ફરિયાદોની આસપાસ થતી સંખ્યાબંધ રચનાઓ આપણે જોઈ છે, પણ અહીં કવિ ભાવનો નવો જ વળાંક લઈને આવે છે. આવી ફરિયાદ કરતી ગોપિકાને જ અહીં સંબોધન કરાયું છે. આ સંબોધન એની કોઈક સખીનું હોઈ શકે, અથવા જેને આવી ફરિયાદ કરવાનું નિમિત્ત નથી મળતું એવી કોઈક ગોપિકાનું પણ હોય.

સામાન્ય રીતે કવિતામાં અવળવાણીથી ચોટ સાધવામાં આવે છે. પણ અહીં કવિ સવળવાણીથી ચોટ લાવી શક્યા છે. એ તો ગોપિકાને સ્પષ્ટ શબ્દોમાં કહે છે : `બાઈ, તારા ભાગ્યનો તો પાર નથી; જે અમૃતનું પાન હંમેશાં કરે છે એવા કૃષ્ણ આજે તારા ગોરસની માગણી કરી રહ્યા છે.'

કૃષ્ણ જેવો કૃષ્ણ બાળકના વેશે યાચના કરે છે; પણ આ યાચના કંઈ ગોરસની નથી. ગોરસ તો માત્ર નિમિત્ત છે. એ તો પ્રેમનો તરસ્યો છે. ગોરસના બહાને એ પ્રેમ માગે છે. રોજ કૃષ્ણની કાંકરીથી ગોળીઓ ફૂટવાની ફરિયાદ કરતી ગોપિકાની સ્થિતિ કૃષ્ણના મથુરા ગયા પછી આવાં તોફાનોનાં અભાવમાં શું થયું એ તો આપણી વ્રજપરંપરાનાં ગીતોમાં જોઈ શકાય છે. કૃષ્ણ જેવો ગોરસ

માગનાર ન મળે તો આપણે તો કેટલું પી શકવાનાં છીએ? અને ન પી શકીએ એટલું ઢોળી જ નાખવાનું છે. જીવનનું પણ એવું છે. જીવન જો કૃષ્ણની ભક્તિથી રસી ન શકાય તો જીવન આપણે કેટલું માણી શકીએ? અને જે ન માણી શકીએ એ વેડફાતું હોય છે. કવિ અહીં એક સરસ વાત કહે છે : આપણે ગમે તેટલા ગોરસ પીએ એનો મહિમા જ નથી; હરિ જો એકાદ બિન્દુ પણ ચાખે તો એથી ભાગ્ય પલટાઈ જાય છે. જો કૃષ્ણ ધારે તો આ સમસ્ત સૃષ્ટિ એની જ છે. એ જોઈએ એટલું જ લઈ શકે છે; પણ આ તો માત્ર `દાણ' જ માગે છે - પ્રભુ આપણી પાસેથી ઝાઝી અપેક્ષા રાખતા નથી. ભગવાન આશુતોષ છે. જરામાં રીઝી જાય છે.

આવા ભગવાન જ્યારે ગાગર ફોડે છે ત્યારે ભવાટવિના ભ્રમણમાંથી મુક્તિ મળે છે. એ લૂંટે છે એ મહી નથી. એમાં આપણી પ્રીતિ પણ છે. કૃષ્ણ આપણા પ્રેમને લૂંટવા બેઠો હોય ત્યાં કશું પણ બચાવવાનો વિચાર પણ કેમ થઈ શકે? કૃષ્ણ જો લૂંટવા આવ્યો હોય ત્યાં જેટલું બચે એટલું એળે ગયું લેખાય.

ઈશાવાસ્યનો મંત્ર `ત્યાગ કરીને ભોગવ' અહીં ઉપનિષદ--વાણીના ભાર વિના આપણે સાંભળી શકીએ છીએ. કૃષ્ણ અને ગોપીનો સંબંધ પ્રેમનો સંબંધ છે અને પ્રેમના સંબંધમાં પરિગ્રહની વૃત્તિ રહેતી નથી. જે કંઈ લૂંટાવી દઈએ એ જ આપણું રહે છે. પ્રિયજનનાં નેત્રો જેના પર ન ઠરે એવી કઈ વસ્તુ આપણને

ક્યારેય ગમશે? અને આપણા પ્રિયજનને જે પરિતોષ આપી શકે એવી વસ્તુથી એને આપણે કદીયે વંચિત રાખી શકીશું?

વસ્તુત: આ લહાણનો અવસર જીવનમાં સૌ કોઈને મળે છે; સૌ કોઈના જીવનમાં આવી ક્ષણ આવે છે, પણ એ ક્ષણની જાણ જેનાં ધન્ય ભાગ્ય હોય એને જ થાય છે. એ જ `લૂંટવ્યું એટલી લ્હાણ' કહી શકે છે. પરિગ્રહની મુઠ્ઠી ખૂલી જાય એવો પ્રબળ પ્રેમ જે અનુભવે એવી ગોપિકાના પ્રેમનું આ ગીત છે. - હરીન્દ્ર દવે

કબીર - કૈસે દિન કટિ હૈ જતન

કૈસે દિન કટિ હૈ જતન બતાયે જઈઓ
એહિ પાર ગંગા વોહિ પાર જમુના
બિચવાં મંડૈયા હમકાં છવાયે જઈઓ!

અંચરા ફારિકે કાગદ બનાઈન
અપની સુરતિયાં હિયરે લિખાયે જઈઓ!
કહત કબીર સુનો ભાઈ સાધો
બહિયાં પકરિકે રહિયા બતાયે જઈઓ !

ક્યાંક એકલા નીકળી પડવાનું હોય અને મીરાં, કબીર અને ટાગોર સાથે હોય તો પછી કોઈ ચિંતા નથી. આ બધાં કવિતાનાં કલ્પવૃક્શો છે. ભીતરના સંતાપમાં શાતા આપે, માનવીય ક્રૂરતાની ઠંડીમાં હૂંફ આપે. અલબત્ત, કવિતા આપણે માત્ર એટલા માટે વાંચતા નથી પણ જ્યારે તરસ લાગે છે ત્યારે આ ત્રણેની કવિતા જળનો અને અમૃતરસનો અનુભવ કરાવે છે. આપણને તરસ ન લાગી હોય તો આપણને તરસ જગાડે પણ છે.

કોઈક માણસ વારંવાર એમ કહ્યા કરે છે કે હું સુખી છું તો એ શબ્દોમાં શ્રદ્ધા બેસતી નથી. કોઈક કવિએ કહ્યું'તું સુખ તો સૂર્ય જેવું છે. એ ચહેરા પર ઝગમગે

છે. મીરાં, કબીર કે ટાગોરની કવિતામાં સચ્ચાઈનો રણકો જુદો કરીને બતાવી શકાય નહીં. એ તો સૂર્યની જેમ ઝળહળતો જ હોય છે.

કબીરનું પદ નાનકડું, પણ એ પદનો અનુભવ આખો અવતાર ચાલે એટલો. જીવ અને શિવનો સંબંધ પ્રિયતમ અને પ્રિયતમા જેવો છે. બન્ને વિખૂટા પડી શકે નહીં. એકમેક વિના રહી શકે નહીં. અહીં વાતને વિપ્રલંભ શૃંગારની ભાષામાં વહેતી કરી છે. વિયોગ આવ્યો નથી પણ વિયોગ આવવાની તૈયારી થઈ ચૂકી છે. વિયોગ પણ એક યોગ છે, વિશિષ્ટ યોગ છે. સંયોગ વિના વિયોગ નથી અને વિયોગ વિના સંયોગ નથી. આપણે બધા જ સંયોગ અને વિયોગની પાતળી રેખા પર ઊભા છીએ.

પહેલી જ પંક્તિમાં પ્રિયતમ વિનાની અસહાયતા અને નિરાધારપણાની વાત છે. પ્રિયતમને સીધું સંબોધન છે. તમે જાઓ છો તો ખરા પણ તમારા વિના દિવસ અને રાત, રાત અને દિવસ કેવી રીતે વીતશે? તમે જ એનો ઉપાય બતાવતા જાઓ. કેલી પણ તમે જ કરો છો અને મુશ્કેલી પણ તમે જ કરો છો. ક્રીડા કરનારા તમે અને પીડા દેનારા તમે. આ પીડા અમારે કઈ રીતે વેઠવી એનો ઉપાય અને ઉપચાર તમે જ બતાવો. વેણીભાઈની એક પંક્તિ યાદ આવે છે :

તમારા વિનાના અમે અમારા વિનાના.

એક બાજુ ગંગા છે અને એક બાજુ જમના છે અને ગંગા અને જમનાની વચ્ચે તમે જાઓ તો અમારે માટે એક મઢૂલી તૈયાર કરીને જજો. તત્ત્વજ્ઞાનીઓ આ ગંગાજમના અને આ વચ્ચેના માર્ગને ઇગલા, પિંગલા અને સુષુમ્ણા માર્ગ તરીકે ઓળખે છે. મારી સીધી સમજ આવી છે કે એક બાજુ જાત છે, બીજી બાજુ જગત છે. આ બન્નેની વચ્ચે તમે છો તો હું કાયમ તમારામાં લીન અને તલ્લીન રહું એવી મારી મનની મઢૂલી કરી આપો. તમારું જ તપ, તમારા જ જપ, તમારી જ આસક્તિ, તમારી જ ભક્તિ, તમારી જ સ્તુતિ, તમારો જ રંગ, તમારો જ રાગ, તમારી જ આગ, તમારું જ જળ, તમારું જ જ્ઞાન, તમારી જ સમાધિ. તમારી જ ચૂંદડી ઓઢી છે. તમે જાઓ તો જતાંજતાં આ ચૂંદડીનો પાલવ ચીરી નાખો. એનો

કાગળ બનાવો અને અને એ કાગળ પર તમારી મોહિની મૂરત -- તમારી સૂરત આ હૃદયમાં આલેખતા જજો.

આ અંતિમ કથનમાં ઉત્કટતાની પરાકાષ્ઠા છે. જતા પ્રિયતમને બાંય પકડીને રોકી તો શકાય નહીં, પણ એ બાંય પકડવામાં છૂટા નથી પડવું એનો ભાવ છે. તમે જાઓ છો તો ખરા, પણ જતાંજતાં મને રાહ બતાવવા જાઓ. આ રસ્તો તે કયો રસ્તો? હું તમારી સાથે ને સાથે કાયમ રહી શકું એવો કોઈ રસ્તો બતાવો. તમારું સતત સાન્નિધ્ય મળે, એનો કોઈ રસ્તો બતાવો.

કબીર - ઘૂંઘટ કા પટ ખોલ રે

તોકો પીવ મિલેગે ઘૂંઘટ કા પટ ખોલ રે,
ઘટ ઘટ મેં વહ સાંઈ રમતા કટુક વચન મત બોલ રે.

ધન જોબન કો ગરબ ન કીજૈ જૂઠા પંચરંગ ચોલ રે,
સુન્ન મહલ મેં દિયના બારિ લે આસા સો મત ડોલ રે.

જોગ જુગત સો રંગમહલ મેં પિય પાયો અનમોલ રે,
કહૈ કબીર આનંદ ભયો હૈ બાજત અનહદ ઢોલ રે.

કબીરનું આ અત્યંત પ્રસિદ્ધ પદ છે. પ્રસિદ્ધ થયું હશે કદાચ જ્યુથિકાને કારણે. પણ પ્રસિદ્ધ ન થયું હોત તોયે આ મહત્ત્વનું પદ છે. કહેવાય છે કે કવિતાના આકાશમાં કોઈક કવિ સૂર્ય જેવા, તો કોઈક ચંદ્ર જેવા અને કોઈક નક્ષત્રો જેવા ને કેટલાયે આગિયા જેવા હોય છે. મારે માટે કબીર એ કેવળ સૂર્ય કે ચંદ્ર નથી, પણ કવિતાનું સ્વયં આકાશ છે. એમનાં દોહા અને પદ આપણાં મન પર ચંદનનો લેપ કરે છે અને શાતા આપે છે.

કાવ્યની પ્રથમ પંક્તિ ખૂબ જ મહત્ત્વની છે, કારણ કે એ આપણામાં શ્રદ્ધા પ્રેરે છે. શ્રદ્ધાની સોગાત આપવી એ નાનીસૂની વાત નથી. તને પ્રિયતમ મળશે એની પ્રતીતિ આપે છે. પણ પ્રિયતમ એમનેમ ન મળે. આપણે પક્ષે પણ કંઈક કરવાનું

હોય છે. આપણે ઘૂંઘટનો પટ ખોલવાનો હોય છે. આપણી અને પ્રિયતમની આડે આ જે પટ છે એ આડો આવે છે. આપણો ચહેરો ઢંકાયેલો છે અને પરમાત્માનો ચહેરો ખુલ્લો છે. આ પટ ખસી જાય તો પરમેશ્વરનો સાક્ષાત્કાર થાય.

કબીર વણકર હતા. એટલે વસ્ત્રની ભાષા બોલ્યા. આ ઘૂંઘટ એટલે શું? આપણાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર ઇત્યાદિ. ટૂંકમાં, આપણો પ્રલંબ અહમ્. અહમ્ ખસે તો `સોહમ્' મળે. પરમાત્મા બીજે ક્યાંય નથી. એ કાશીમાંય નથી અને વૃંદાવનમાંય નથી, એ તો આપણા ઘટઘટમાં છે. માણસની પાછળ જ માધવ છે. એટલે એને કડવાં વચન ન કહેવાં જોઈએ. સંસારનો પણ આપણો અનુભવ છે કે આપણે જો આપણી આસપાસની વ્યક્તિને કડવાં વચન કહીએ તો એ દૂર ને દૂર

જાય છે. ઈશ્વર આપણી અંદર જ છે. એ આપણી વાણી અને મૌન બંનેને સાંભળે છે. એ આપણી મીઠાશ અને કડવાશ બંનેને ઓળખે છે.

`ઇસ તનધન કી કૌન બડાઈ' ગાનાર કબીર ઘૂંટીઘૂંટીને કહે છે, આ ધન અને યૌવનનો ગર્વ શાનો? કશું ટકે એવું નથી, કશુંય શાશ્વત નથી, કશુંય કાયમ માટે તમારી પાસે રહેવાનું નથી. આપણું પાંચ તત્ત્વનું બનેલું ખોળિયું; એ પણ ક્ષણભંગુર છે. તો આ ક્ષણભંગુરનું મમત્વ અને મહત્ત્વ શા માટે?

કબીર કેવા મોટા ગજાના કવિ છે કે શૃંગારની ભાષામાં એ ગહન જ્ઞાનની વાત કરે છે. શૂન્યનો મહેલ છે. આ શૂન્યનો મહેલ એ બ્રહ્માંડ. આ બ્રહ્માંડમાં જ તું

બ્રહ્મનો દીવો પ્રગટાવ અને મૃગજળ જેવી આશાઓથી ચલિત ન થા. `આસ સો મત ડોલ' એ પંક્તિ આ કવિ જ લખી શકે. આશાથી જીવવું હોય તો હતાશાનો મુકાબલો કરવો પડે. અને હતાશાથી પાર જવું હોય તો આશાથી વિચલિત ન થવાય.

શૂન્યના મહેલમાંથી કવિ રંગમહેલમાં જાય છે. પણ આ `રંગમહલ' રાગ વિનાનો છે. જે વીતરાગ હોય એને જ બ્રહ્માંડનો રંગ મળે. અહીં પ્રિયતમા અને પ્રિયતમનું મિલન થાય છે -- જ્ઞાનના દીવાની સાક્શીએ. આ રંગમહલ એ બ્રહ્માંડનો રંગમહલ છે. અહીં જે મિલન થાય છે એ અણમોલ છે. પ્રિયતમ પોતે જ અણમોલ છે. મિલન થયું, પછી એના આનંદને વર્ણવવો કઈ રીતે? સુખ ખંડિત

હોય છે આનંદ અખંડિત હોય છે. સુખને હદ હોય છે આનંદ અનહદ હોય છે. અને આ અનહદનો જ ઢોલ વાગ્યા કરે છે. અહમ્નો દહનખંડ શૂન્યના શયનખંડમાં પલટાઈ જાય છે અને આત્મા અને પરમાત્માની `શુભદૃષ્ટિ' થાય છે.

કબીર - પાની બિચ મીન પિયાસી

પાની બિચ મીન પિયાસી
મોહિ સુન સુન આવત હાંસી.
આતમજ્ઞાન બિના સબ સૂના,
ક્યા મથુરા ક્યા કાસી.

ઘર મેં વસ્તુ ધરિ નહિ સૂઝે
બાહર ખોજત જાસી.
મૃગ કી નાભિ માહિં કસ્તૂરી
બનબન ખોજત જાસી.

કહૈ કબીર સુનો ભાઈ સાધો
સહજ મિલે અવિનાશી.

કબીરનું આ પદ એની પ્રથમ પંક્તિને કારણે પ્રસિદ્ધ છે. લોકો આ પંક્તિનો ઉપયોગ અને દુરુપયોગ પણ કરે છે. એનો અંદરનો મર્મ બહુ ઓછા સમજે છે. કવિને નવાઈ લાગે છે, અચરજ થાય છે, અચંબો થાય છે. અજ્ઞાન પર હસવું આવે છે. એમાં ઉપાલંભ છે, કટાક્ષ છે, દયા છે, કરુણા છે. આવું તે કેમ બની શકે કે પાણીમાં માછલી પ્યાસી રહે? એ પાણીનો વાંક છે કે માછલીનો વાંક છે? સરોવર કે સાગરની વચ્ચે જો જીભ તરસી રહે, કંઠ કોરો રહે તો જળનો વાંક ન હોય. આ સૃષ્ટિમાં રહીને, મૃગજળની માયા લગાડીને, જળને કોરે મૂકી મિથ્યા

તત્વની ગલીમાં પડ્યા તો પથ્થર સાથે પ્રીત બાંધવા જેવું કામ કર્યું કહેવાય. અને એટલે જ આવું સાંભળીને હસવું આવે છે.

બધું જ હોય પણ ભીતરનું જ્ઞાન ન હોય તો બહારનો ઠાઠમાઠ નકામો છે. મથુરા અને કાશી જવાથી ઈશ્વર ન મળે. ઈશ્વરનું સરનામું આપણી બહાર નથી. કદાચ આપણે પોતે જ ઈશ્વરનું સરનામું છીએ. મુખ્ય વાત એ છે કે આપણે આપણને કાગળ લખતા નથી અને લખીએ છીએ તો સરનામાં ખોટાં કરીએ છીએ. આપણા જ ઘરમાં, આપણા શરીરમાં પરમાત્મા છે પણ આપણે બહાર વલખાં મારીએ છીએ. પછીની વાત જાણીતી છે. પણ જ્યારે કબીરે પહેલી વાર કહી ત્યારે કેટલી બધી તાજી હતી! આપણી સ્થિતિ કસ્તૂરીમૃગ જેવી છે. કસ્તૂરીની સુવાસથી

આપણે મત્ત -- ઉન્મત્ત થઈએ છીએ પણ આપણે સુવાસવ્યાકુળ બની સુવાસને બહાર શોધીએ છીએ પણ કસ્તૂરી તો આપણી નાભિમાં છે. બધું જ વિનાશમય છે. આ વિનાશની વચ્ચે કેવળ સહજ સાધનાથી આપણને અવિનાશી મળી શકે, જેની સ્થાપના આપણી ભીતર છે. પણ કરુણતા એ છે કે આપણે ભીતર ઉથાપ્યું છે અને બહારને સ્થાપ્યું છે. અને એટલે જ હસવા જેવી વાત છે કે પાણીમાં હોવા છતાંય માછલી પ્યાસી છે.

કબીર - સાહેબ મેરા એક હૈ

સાહેબ મેરા એક હૈ દૂજા કહા ન જાય,
દૂજા સાહેબ જો કહૂં સાહેબ ખરા રિસાય.

ચાર ભુજા કે ભજન મેં ભૂલિ પરે સબ સંત,
કબિરા સુમરે તાસુકો જાકે ભુજા અનંત.

સોઈ મેરા એક તૂ ઔર ન દૂજા કોય,
જો સાહબ દૂજા કહૈ દૂજા કુલ કો હોય.

કબીર એટલે જ્ઞાન અને ભક્તિનો સમન્વય. કબીર એટલે તત્ત્વજ્ઞાન અને કવિતાનો સમન્વય. કબીર એટલે ઘૂંટાયેલી અનુભૂતિ. કબીરનાં દોહા અને પદ એ આપણા ભારતીય સાહિત્યની મહામૂલી મિરાત. અહીં આજે કબીરના કેટલાક દોહાઓ વિશે વાત કરીશ. દોહાની બે પંક્તિમાં સમગ્ર અનુભૂતિવિશ્વ કબીર સમાવી શકે છે.

કૃષ્ણે ભગવદ્ગીતામાં જે અનન્ય ભક્તિની અને એકનિષ્ઠાની વાત કહી છે એ વાત અહીં પોતીકી રીતે મુલાયમ નક્કરતાથી પ્રગટે છે. આપણી પરંપરામાં ઈશ્વરને પ્રિયતમ તરીકે સ્વીકાર્યો છે. એ સાહેબ છે. સાહેબ તો એક જ હોય, બીજો હોય જ નહીં. મીરાં કહે છે કે એમ `મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઈ.' અને જો

બીજાને સાહેબ કહું તો મારો ખરો સાહેબ છે એ રિસાઈ જાય. અને બધું પાલવે પણ સાહેબ રિસાય એ પાલવે નહીં. કહેવાયું છે એમ `પ્રેમગલી અતિ સાંકડી'. એમાં બીજા કોઈનો પ્રવેશ હોય જ નહીં. બેની વચ્ચે ત્રીજાની જરૂર જ નથી.

કહેવાય છે કે અશ્વને પૂછીએ કે તારો ઈશ્વર કોણ? -- તો એનો ઈશ્વર પણ અશ્વ જેવો જ હશે. માણસે ઈશ્વરને સાકાર કર્યો લગભગ માણસ જેવો જ. પણ એ માણસ કરતાં વિશેષ શક્તિશાળી છે એ બતાવવા માટે એને આંખ-કાન-નાક-મો આપીને ચાર ભુજાઓ આપી, જેથી એ પુરવાર થાય કે ઈશ્વર માણસ કરતાં શક્તિશાળી છે. કબીર સગુણ ભક્તિના નહીં પણ નિર્ગુણ ભક્તિના છે. એટલે કહે છે કે ભલભલા સંતો ચાર બાહુના ઈશ્વરની બલિહારી ગાવામાં ભૂલા પડ્યા. કબીર

તો એવા ઈશ્વરને યાદ કરે છે, એવા ઈશ્વરનું સતત સ્મરણ કરે છે કે જેને અનંત બાહુઓ હોય.

કબીર પોતાના ઘટમાં એક જ વાત ઘૂંટે છે કે મારો સાહેબ, મારો સાંઈ એક જ છે, સર્વત્ર છે, સર્વવ્યાપક છે. જ્યાં જાઉ ત્યાં એ છે. જ્યાં જોઉ ત્યાં એ છે. આ એક સિવાય અન્યને જે સાહેબ ગણે છે તે કોઈ બીજા કુળનો માણસ ગણાય. જે એકને જ સાહેબ ગણે તે ઉત્તમ કુળ.

કરસનદાસ માણેક - હરિ, હું તો એવું જ માગું મોત!

હરિ, હું તો એવું જ માગું મોત!
એવું જ માગું મોત, હરિ, હું તો એવું જ માગું મોત!

આ થયું હોત ને તે થયું હોત, ને જો પેલું થયું હોત,
અંત સમે એવા ઓરતડાની હોય ન ગોતાગોત!
હરિ, હું તો એવું જ માગું મોત!

અંતિમ શ્વાસ લગી આતમની અવિરત ચલવું ગોત :
ઓતપ્રોત હોઉ આપ મહીં જ્યારે ઊડે◌ે પ્રાણ-કપોત!
હરિ, હું તો એવું જ માગું મોત!

કાયાની કણી કણીથી પ્રગટે એક જ શાન્ત સરોદ :
જોજે રખે પડે પાતળું કદીયે આતમ કેરું પોત!
હરિ, હું તો એવું જ માગું મોત!

ઘનવન વીંધતાં, ગિરિગણ ચડતાં, તરતાં સરિતા સ્રોત,
સન્મુખ સાથી જનમજનમનો : અંતર ઝળહળ જ્યોત!
હરિ, હું તો એવું જ માગું મોત!

ઈશ્વર જીવન આપે છે. મનુષ્ય યથાશક્તિમતિ, એ જીવન જીવે છે. સંઘર્ષો, મથામણો, આનંદ આ બધાંનો અનુભવ કરે છે. પ્રત્યેક મનુષ્ય વ્યાસ વિનાનું

મહાભારત છે અને એની મનોભૂમિ કૃષ્ણ વિનાનું કુરુક્ષેત્ર છે. માણેક મહાભારતના અઠંગ અભ્યાસી.

કવિએ મોતને માગ્યું છે આ કાવ્યમાં. મનુષ્યને ઇચ્છા પ્રમાણેનું જીવન તો મળતું નથી, પણ ઇચ્છા પ્રમાણેનું મૃત્યુ મળે તોપણ કેવી ધન્યતા! મૃત્યુ એ જીવનનું પૂર્ણવિરામ છે કે નવજીવનની શરૂઆત છે એની ચર્ચા તત્ત્વજ્ઞાનીઓ માટે છે. કવિ જે મૃત્યુને ઝંખે છે એ મૃત્યુ અત્યંત શાંત, નીરવ, સ્વસ્થ. મૃત્યુ પોતે જ જાણે કે ગીતાનો સ્થિરપ્રજ્ઞયોગ. અંતિમ વેળાએ, અબળખા, ઓરતા, વાસના, મનોરથ, કોડ આ બધાંનાં વળગણ શા માટે? આ બધાંથી પર જીવનની જાણે કે સ્વાભાવિક ગતિ હોય એવી મૃત્યુની સ્થિતિ, ઉપસ્થિતિ હોવી જોઈએ.

મૃત્યુ આવે છે ત્યારે આપણે જીવન માટે વલખાં મારતા, તરફડિયાં મારતા માણસોને જોયા છે. જિજીવિષા એ રેશમનો તંતુ છે, કાથાનું દોરડું નહિ. પણ મનુષ્ય એ રેશમનું દોરડામાં રૂપાંતર કરી નાખે છે. આ કાયા, આ લોહી, લોહીનો લય-આ બધાંનો ઘોઘાટ નહિ, કોલાહલ કે ધમાલ નહિ, પણ શરીરમાંથી એક શાંત સરોદ પ્રગટ્યા કરે એની જ ઝંખના. આખી જિંદગી તો આત્માને ઓળખ્યા વિના ચાલી જતી હોય છે. અંતિમ સમયે શોધ બીજા કશાની નહિ, કેવળ આત્માની, આત્મા પાછળ છુપાયેલા પરમાત્માની જ હોય. હું મારામાં લીન થાઉં ત્યારે પણ પ્રાણ ઊડે તો જ કોઈક અ-લૌકિક આકાશ પામ્યાનો અર્થ અને આનંદ.

જીવનમાં કેટલીયે કપરી વિષમતાઓ વેઠી. સારાનરસા સઘળા અનુભવો કર્યા. વન પણ વીધ્યાં અને વાદળોનાં વન પણ વીધ્યાં. પર્વતોનાં કપરાં ચડાણ પણ કંઈ ઓછાં નહોતાં અને આ બધાંનો થાક ઉતારે એવી એક સરિતા પણ વહેતી, જે પોતે તરતી અને તારતી. કવિનું અંતિમ સ્તોત્ર છે કે મૃત્યુ આવે ત્યારે આંખ સામે હોય કેવળ જનમજનમનો સાથી--આપણા સૌનો, આપણે બધા જ સ્વજનથી વિખૂટા પડતા હોઈએ ત્યારે આપણો એકમાત્ર સ્વજન -- સજ્જન -- સજન પરમાત્મા. દયારામે પણ અંત સમયે અલબેલો છેલો આવે એવી પ્રાર્થના કરી હતી અને ટાગોરે સન્મુખે શાંતિનો પારાવાર હોય એવી ઝંખના પ્રગટ કરી હતી.

આખા જીવનની અશાંતિ વેઠ્યા પછી કોઈ પણ જીવ શાંતિને ઝંખે એ યાચના સ્વાભાવિક છે. મૃત્યુનું આ નાનકડું ગીત હકીકતમાં તો જીવનના વ્યાકરણનું પૂર્ણવિરામ છે.

`કલાપી' - આપની યાદી

જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની;
આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની!

માશૂકોના ગાલની લાલી મહીં લાલી અને
જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની!

જોઉ અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર;
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની!

તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં;
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની!

આ ખૂનને ચરખે અને રાતે અમારી ગોદમાં;
આ દમ-બ-દમ બોલી રહી ઝીણી સિતારી આપની!

આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા;
યાદી બનીને ઢાલ ખેચાઈ રહી છે આપની!

દેખી બૂરાઈ ના ડરૂં હું, શી ફિકર છે પાપની?
ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની!

થાકું સિતમથી હોય જ્યાં ના કોઈ ક્યાંયે આશના;
તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની!

જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને;
અહેસાનમાં દિલ ઝૂકતું, રહેમત ખડી ત્યાં આપની!

પ્યારું તજીને પ્યાર કોઈ આદરે છેલ્લી સફર;
ધોવાઈ યાદી ત્યાં રડાવે છે જુદાઈ આપની!

રોઉ ન કાં એ રાહમાં બાકી રહીને એકલો?
આશકોના રાહની જે રાહદારી આપની!

જૂનું-નવું જાણું અને રોઉ હસું તે-તે બધું;
જૂની-નવી ના કાંઈ તાજી એક યાદી આપની!

ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી;
જોયું ન-જોયું છો બને જો એક યાદી આપની!

કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી;
છે આખરે તો એકલી ને એ જ યાદી આપની!

ગુજરાતી કાવ્યકુંજમાં કેકા તો કલાપીની જ! તેમાંયે `આપની યાદી' જેવી ગઝલમાં કલાપીના અંતરાત્માની જે મહેક છે તે તો અપૂર્વ જ. `આપની યાદી' કલાપીના અક્ષરજીવનનું પરમ આકર્ષક સ્મારક છે.

પ્રસ્તુત કાવ્યનો ઉપાડ -- એનો મત્લાનો શેર જ પ્રભાવક છે. કવિની નજર (આ સામાન્ય જનની નજર તો નથી જ) જ્યાંજ્યાં ઠરે છે ત્યાંત્યાં એને પરમાત્માનું સ્મરણ પ્રાપ્ત થાય છે. આ તો જ્યાંથી પરમાત્માનું દર્શન - સ્મરણ પ્રાપ્ત થતું હોય ત્યાં જ ઠરવા જેવું - નજરને ઠેરવવા જેવું કવિને લાગે ને?! કવિ જ્યારે `ઘટઘટમાં સાંઈ રમતા' હોવાનું દર્શન કરે ત્યારે એમના અંતરનો ઉમળકો - આનંદનો ઉછાળ આંખોમાં પ્રગટ ન થાય એમ બને? પરમાત્માનું - સૃષ્ટિના

મહાન સર્જકનું રૂપ એના સર્જનમાંથી કવિને પ્રત્યક્ષરૂપે અનુભવવા મળ્યું છે અને તેનો સત્ત્વોદ્રેક જ કવિની અશ્રુધારામાં મૂર્તરૂપે પ્રગટ થતો કવિ બતાવે છે.

આ પરમાત્માનું દર્શન જ્યાંજ્યાં પ્રેમ છે, જ્યાંજ્યાં સૌન્દર્ય છે ત્યાંત્યાં થાય જ. માશૂક-પ્રિયતમા એ જ ઈશ્વર અથવા ઈશ્વર એ જ માશૂક - પ્રિયતમા. અહીં માનુષી પ્રેમ (ઇશ્કેમિજાજી) અને દિવ્ય પ્રેમ (ઇશ્કેહકીકી) એકરૂપ થઈ જાય છે. પ્રિયતમાના ગાલની લાલીમાં જ પ્રિયતમાના આંતરબાહ્ય સૌન્દર્યનો ઉઘાડ પામી શકાય. એ સૌન્દર્યનુંયે સૌન્દર્ય - એ ગાલની લાલીમાંનુંયે લાલીપણું તે જ ખુદાઈ નૂર છે. જ્યાંજ્યાં બગીચા (ચમન) છે, જ્યાંજ્યાં ગુલાબ છે - એ રીતે જ્યાંજ્યાં સૌન્દર્યનું વાતાવરણ છે - હવામાન છે ત્યાં ત્યાં બધે જ પરમાત્માની સાક્ષાત્કૃતિ

કરાવે એવા અઢળક સંકેતો છે. કવિ ન્હાનાલાલની `બ્રહ્માંડ કહે છે કે બ્રહ્મ છે' -- એ પંક્તિના મર્મની પ્રતીતિ કરાવે એવી કવિ કલાપીનીયે ભાવાનુભૂતિ છે. આ પરમાત્માની સૃષ્ટિમાં જ્યાંજ્યાં સ્નેહ ને સૌન્દર્યનું દર્શન થાય છે ત્યાંત્યાં કવિને પરમાત્માની યાદ આપતી પગલીઓ જોવા મળે છે. પ્રેમની ઉન્નતતા ને કૃતાર્થતા તો માનુષી પ્રેમમાંથી દિવ્ય પ્રેમમાં સંક્રાન્તિ - ઉત્ક્રાન્તિ સાધવામાં રહેલી છે અને એવી સિદ્ધિ અહીં કવિના સૂફી હૃદયને સહજતયા જ લાધેલી પ્રતીત થાય છે.

આ કવિને દરિયાની (અહીં `દરિયાવ' શબ્દ પણ `મીઠો' લાગે છે - ખારાશ વગરનો!) મધુર લહેરખીનો સ્પર્શાનુભવ થતાંયે પરમાત્માની `નાજુક સવારી'ના સૂક્ષ્મ ને સુકુમાર સૌન્દર્યદર્શનનો અનુભવ થાય છે. જ્યાં પ્રાણતત્ત્વની ગતિ

ત્યાં જ પરમાત્માની સં-ગતિ. હવાની લહેરખીમાં અનાદિ-અનંત એવા પરમાત્માની `નાજુક સવારી'ની ઝાંખી તો કવિની આંખે જ - પરમાત્માદીધી કવિ-પ્રતિભાના પ્રકાશે જ થઈ શકે એવી આધ્યાત્મિક ને આહ્લાદક ઘટના છે. કવિ એ ઘટનાનું સુકુમાર-સુરેખ ચિત્રણ પ્રસ્તુત ગઝલના આ ત્રીજા શેરમાં કરાવે છે તો એના ચોથા શેરમાં એ જ `નાજુક સવારી'વાળા પરમાત્માની ગેબી કચેરી જેવા આ વિશાળ આકાશનું - વિશ્વદરબારનું ભવ્ય ને ભભકદાર દર્શન કરાવે છે. એ તો આ જગત કચેરી ભરીને બેઠેલો છે. રાત્રે આકાશમાં દેખાતાં તારા-નક્ષત્રો તો એના દરબારખંડને ઝગમગાવનારાં ઝુમ્મરો છે. એ જોતાં જ કવિની દૃષ્ટિને પરમાત્માના પારાવાર પ્રભાવ-પ્રતાપની ઉદાત્ત પ્રતીતિ થાય છે.

જેમ આસપાસનું વિશ્વ તેમ પોતાનું પંડ પણ પરમાત્માની જ સનાતન ઉપસ્થિતિનું સતત પ્રમાણ આપી રહે છે. જે બ્રહ્માંડે છે તે પિંડે છે અને જે પિંડે છે તે બ્રહ્માંડે છે. પોતાનું પિંડ - પંડ જ `લોહીનો ચરખો' છે - હરઘડી હરદમ - અવિરત ચાલ્યા જ કરતો! કવિ પરમાત્માની ચેતનાનો સંચાર પોતાના લોહીમાં તેમ પોતાના શ્વાસમાંયે અનુભવે છે. જ્યારે કોઈ નથી હોતું ત્યારે પરમાત્મા જ કવિની સાથે, કવિની સોડમાં - ગોદમાં હોય છે. પરમાત્માનું અનાહત સંગીત - વિશ્વસંગીત કવિની અંદર ને કવિની આસપાસ ચાલ્યા જ કરતું હોય છે. એ સાંભળવા-માણવા માટે અંત:શ્રુતિ - અંદરનો કાન જોઈએ. કવિ તો પરમાત્માનું જ વાદ્ય - વાજું. પરમાત્મા જે સૂર છેડવા ચાહે છે એ જ કવિમાંથી પ્રગટવાનો.

પરમાત્માની સિતારીયે કદાચ કવિ સ્વયમ્ છે. પરમાત્મા જ કવિ થકી એનું મધુમય આનંદ - સંગીત રેલાવે છે. એ સંગીત સર્જનનું છે, સ્નેહનું છે; સૌન્દર્યનું છે, શાંતિનું છે. કવિ સંગીતનો સ્વર પોતાની અંત:શ્રુતિથી આબાદ રીતે પકડે છે. પરમાત્મા હાજરાહજૂર હોવાનો અહેસાસ જ કવિનું આંતરબળ છે, કવિની ધરપત છે, કવિને નષ્ટભ્રષ્ટ કરી દેવા તત્પર એવાં આસુરી તત્ત્વોનો - આંતરબાહ્ય રિપુઓનો તોટો નથી; પણ એની સામે ડરવાપણું છે જ નહીં, કેમ કે પરમાત્માની જ, પ્રિયતમાની ગોદ સમી સુરક્ષાભરી ઓથ કવિને સાંપડેલી છે. અગ્યાત દુશ્મનો ખંજરનો વરસાદ વરસાવે તોયે હવે લેશ પણ ગભરાવાપણું નથી, કેમ કે રામનામની - પરમાત્માની સ્મૃતિ-સ્મરણરૂપ ઢાલ સતત એ ખંજરો સામે રહીને

કવિને સર્વથા સુરક્ષા અર્પે છે. પરમાત્મા જ પોતાના પ્રેમી - ભક્તને માટે જે કંઈ વેઠવું પડે તે બધું જ વેઠી લે છે. પરમાત્માની આવી શ્રદ્ધા - સબળ ઢાલ છે માટે તો જીવનમાં કવિને પરમાત્માદીધ અભયનું વરદાન અનુભવવા મળે છે. કવિ ખુમારીથી, અલગારીપણાના આવેગથી કહે છે કે પોતે હવે બૂરાઈ કે પાપથીયે ગભરાતા નથી, કેમ કે બૂરાઈ ને પાપમાંથીયે બચાવી લે - ઉદ્ધારે એવી પરમાત્માની કૃપા-કરુણાથી પવિત્ર ગંગા પોતાને હવે પ્રાપ્ત થયેલી છે. જે પરમાત્માના શરણે જાય છે એની જવાબદારી પરમાત્મા જ નિભાવે છે. ભગવદ્ગીતામાં તો યોગેશ્વર શ્રીકૃષ્ણે આ બાંયધરી આપેલી જ છે : (તું બધા ધર્મોની આળપંપાળ છોડી એકમાત્ર મારા શરણે જ આવી જા. હું તને બધાં

પાપોમાંથી છુટકારો અપાવીશ; જરાયે ઉદ્વિગ્ન ન થતો.) જે મનુષ્યને પરમાત્માના પ્રેમનો સંપ્રસાદ સાંપડે એને પછી આધિ, વ્યાધિ ને ઉપાધિ શું કરી શકવાનાં હતાં?

જ્યારે મનુષ્ય સાવ એકલો પડી જાય, એની આસપાસ કોઈ દોસ્તીદાવે ફરકનારુંયે ન હોય ત્યારે જરૂર, જીવવાનોયે થાક લાગે; પરંતુ એવી પરિસ્થિતિમાંયે જો `રામ-અમલમાં રાતામાતા' રહેવાનો મીરાંના જેવો સંકલ્પ-કીમિયો હાથવગો-હૈયાવગો હોય તો પછી થાકવાનો પ્રશ્ન જ રહેતો નથી. જેમ સિતમ-દુ:ખની ઝાળ અડે તેમ, પછી તો રાજેન્દ્ર શાહના ગુલમોરની માફક પ્રફુલ્લવાનું જ રહે. (`આભ ઝરે ભલે આગ હસી હસી ફૂલ ઝરે ગુલમ્હોર!') કવિ

આવા અનુભવમાં પરમાત્માનો પ્રેમની ખુમારીભર્યો, તાજગીભર્યો ભાવસંબંધ જ નિમિત્તભૂત હોવાનું શ્રદ્ધાપૂર્વક દર્શાવે છે. જેનું કોઈ નથી એના પરમાત્મા છે તે પ્રતીતિ જ કવિને જીવવા માટેની મોટી તાકાત આપી રહે છે.

જ્યાં પ્રેમનું - દોસ્તીનું મિલન છે ત્યાં પણ પરમાત્માની રહેમતનો - દયા-કરુણા-કૃપાનો અનુભવ થાય છે. જ્યારે કોઈ મિત્ર બનીને - પ્રેમી બનીને એનો હાથ કવિ તરફ લંબાવે છે ત્યારે એના એ હાથમાં કવિને તો પરમાત્માનો જ હાથ દેખાય છે. જ્યાં પ્રેમ છે ત્યાં પરમાત્મા છે; જ્યાં કરુણા છે ત્યાં પરમાત્માની કૃપા છે. એ રીતે કવિને પ્રેમ ને મૈત્રીના અનુભવમાં પરમાત્માની જ સક્રિયતા પ્રત્યક્ષ થાય છે અને તેઓ તેથી એના પ્રત્યે અસીમ કૃતજ્ઞતાનો ભાવ અનુભવે છે. કવિ

પરમાત્માના સ્નેહમય વરદાને વધુ વિનમ્ર, વધુ શ્રદ્ધાનત બને છે. જીવનમાં જ્યારેજ્યારે કવિ કોઈ સ્નેહીજનની ચિરવિદાયનો અનુભવ કરે છે ત્યારે પણ તેમને પરમાત્માથી જુદા પડવાનો ભાવ જ રડાવી રહે છે. પ્રેમીથી -- પ્રેમથી જુદા પડવું એટલે જ પરમાત્માથી જુદા પડવું. આ `પ્રેમને આંસુનો કવિ' એ શી રીતે બરદાસ્ત કરી શકે? જ્યાંજ્યાં પ્રેમ છે, જ્યાંજ્યાં પ્રેમની અભીપ્સા છે, પ્રેમની પ્રતીક્ષા છે ત્યાંત્યાં અંતતોગત્વા તો પરમતત્વ માટેની - પરમાત્મા માટેની જ અભીપ્સા ને પ્રતીક્ષા હોય છે. કવિની સાર્થકતા અને ધન્યતા તો પરમાત્માને યાદ કરવામાં, એના માટે થઈને ઝૂરવામાં - રોવામાં છે!

જીવનમાં તો કંઈકંઈ નવાજૂની અનુભવવા મળવાની; હસવા-રોવાના અનેક પ્રસંગો પડવાના; પણ એવી સમવિષમ અનુભવોવાળી સ્થિતિમાંયે જો પરમાત્માનું સ્નેહસ્મરણ, વિના વિક્ષેપે, ચિત્તમાં કાયમ રહે - તાજું રહે તો ભયો ભયો! જ્ઞાન-ગુમાનનાં ગાંસડાંપોટલાં શા કામનાં છે? શું જોવા મળ્યું અને શું નહીં એના હિસાબો, એનાં લેખાંજોખાંયે શા કામનાં છે? કામધેનુ જેવું કામનું હોય તો છે પરમાત્માનું સ્મરણમાત્ર! ચિત્તમાં અહર્નિશ પરમાત્માની પ્રત્યક્ષ હાજરીનો અહેસાસ સ્મરણ દ્વારાયે થતો રહે તો આ કવિને પછી દુનિયાદારીની જાળજંજાળની - આળપંપાળની કોઈ ફિકરચિંતા નથી. ખુદાઈ પ્રેમમાં મસ્ત કવિ પછી કિસ્મતનીયે પરવા કરતા નથી. પરમાત્માના પ્રેમમાં મસ્ત કવિને જીવનના

કંટકમય કઠોર માર્ગે ભુલાવામાં પડવાનું, ઠોકરો ખાવાનું થાય તો એનીયે ચિંતા નથી. એમના ચિત્તમાં તો પરમાત્માનું સ્નેહસ્મરણ જ સદાને માટે જીવંત -- તાજું રહે તો એ પૂરતું છે. દુનિયામાંનો એક પણ પદાર્થ, એક પણ ખ્યાલ એવો નથી જે છેવટે પરમાત્માનું સ્મરણ કરાવતો ન હોય. આ સમગ્ર વિશ્વસર્જન એના સર્જનહારની જ યાદી આપતું રહે છે. એ પરમાત્માની યાદ લઈને જીવવામાં જ મનુષ્યના સ્નેહજીવનની અધ્યાત્મજીવનની સાર્થકતા છે. આ કાવ્ય એ સાર્થકતાનો અનુભવ-સંકેત આપતું કાવ્ય છે.

આમ, આ કાવ્ય કલાપીની પ્રેમશ્રદ્ધા ને પરમાત્માશ્રદ્ધાના અનુપમ રણકારથી આપણા હૃદયને સભર કરી દે છે. અહીં ભાષાબાજી કે બેતબાજીનો કેર કે ભાર

નથી. અહીં તો છે પરમાત્મા પ્રત્યેના શ્રદ્ધાપૂત પ્રેમની નિર્મળ-મધુર સેર-સરવાણી. પરમાત્માની યાદીના ધ્રુવભાવને શેરેશેરે ઘૂંટીને ઘનીભૂત કરતી આ `આપની' રદીફવાળી મુસલ્સલ ગઝલ મુસ્તફઈલુન્ અર્કાનવાળા રજઝ છંદમાં રચાઈ છે. કવિએ અહીં ગઝલનું કાફિયા-રદીફવાળું માળખું ચુસ્તીથી જાળવ્યું નથી; આમ છતાં અહીં ગઝલના મિજાજનો -- ગઝલિયતનો સંતર્પક અનુભવ થાય છે. કવિએ અહીં પરમાત્માનાં રમ્ય-ભવ્ય રૂપોને જે રીતે શેરોમાં પ્રત્યક્ષ ભાવે રજૂ કર્યાં છે તે રસાકર્ષક છે. એમાંયે ગઝલના પૂર્વાર્ધમાં કવિ ઇન્દ્રિયસંવેદ્યતા સવિશેષ દાખવે છે. ઉત્તરોત્તર તેઓ સંવેદનમાંથી ચિંતન પ્રતિની ગતિ દાખવતા હોય એવું પણ લાગે. આ કૃતિના આરંભમાં જે ભાવસઘનતા ને

પ્રત્યક્ષતા છે તે ક્રમશ: દર્શન-ચિંતન પ્રતિનો ઝોક દાખવતી, વૈશ્વિકતામાંથી આધ્યાત્મિકતામાં પરિણમન સાધતી વિરમે છે. આત્મસભરતાની આહ્લાદકતા અને પરમાત્મપરાયણતાની પ્રસન્નતા અહીં એકરૂપ થતી પ્રશમમાં પરિણમતી અનુભવાય છે. ગઝલની આબોહવાને પોષતી -- જમાવતી પદબાનીમાં અધ્યાત્મ સંવેદનાને કાવ્યાત્મક દર્શનની ભૂમિકાએ સફળ રીતે અભિવ્યક્ત કરી શકતી આ ગઝલ ગુજરાતી ગઝલપરંપરાની એક અભૂતપૂર્વ સિદ્ધિ છે એમ કહેવું જોઈએ.

ચન્દ્રકાન્ત શેઠ

કાન્ત - સાગર અને શશી

આજ મહારાજ! જલ પર ઉદય જોઈને
ચન્દ્રનો, હૃદયમાં હર્ષ જામે.

સ્નેહઘન, કુસુમવન વિમલ પરિમલ ગહન
નિજ ગગન માંહી ઉત્કર્ષ પામે;

પિતા! કાલના સર્વ સંતાપ શામે!
નવલ રસ ધવલ તવ નેત્ર સામે

પિતા! કાલના સર્વ સંતાપ શામે!

જલધિજલદલ ઉપર દામિની દમકતી

યામિની વ્યોમસર માંહી સરતી;
કામિની કોકિલા કેલિ કૂજન કરે

સાગરે ભાસતી ભવ્ય ભરતી.
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!

તરલ તરણી સમી સરલ તરતી!
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!

આ કવિતાને આ પ્રથમ હું અનેક વેળા મળી ચૂક્યો છું. નિર્જીવ પાઠ્યપુસ્તકનાં પાનાં ઉપર આ કવિતાને જીવતી જોઈ છે. વાતાવરણને પામવાને બદલે સામસામી અર્થો ગોઠવવાની ગડમથલ કરતા શિક્ષકોની પકડમાંથી છટકી જતાં પણ આ કાવ્યને જોયું છે. `સમુદ્રતટે શરદપૂર્ણિમા' એવા કોઈ નિબંધમાં પણ અવતરણરૂપે `સાગર અને શશી'ની પંક્તિઓ ઊતરી પડતી હોય એમ જોયું છે અને ભલભલા વિવેચકોની કલમને કસતી આ કાવ્યની અખૂટ શક્તિનું દર્શન પણ ક્યાં નથી કર્યું?

કવિતા વિશે વાત કરું ત્યારે મનમાં એમ પણ થાય છે કે શબ્દોમાં વ્યક્ત કરીએ છીએ એના કરતાં મૌનમાં અવ્યક્ત રહે છે ત્યાં તો કવિતાનું રૂપ નહિ વસતું

હોય? અને છતાં આપણે શબ્દોને -- જાણે કે દૂત હોય એમ -- મોકલીએ છીએ મૌનનાં કમાડ ઢંઢોળવા. કદાચ, એકાદ તિરાડમાંથી પણ એના રૂપની ઝલક જોઈ શકાય.

બીજા કોઈના નહિ પણ માત્ર તમારા જ કાન સાંભળી શકે એમ આ કાવ્ય મનના એકાન્તમાં વાંચવા જેવું છે. તમારું સીધુંસાદું પઠનમાત્ર એને ગુંજનનો ઘાટ આપી દેશે એવું એનું લયમાધુર્ય છે.

રાત, ચંદ્ર, સમુદ્ર, એકાંત -- પ્રકૃતિનું અનુપમ વાતાવરણ સર્જવા માટે આ ચાર તત્ત્વો પૂરતાં છે. આ ચારમાં મળે છે પંચામૃતની એક અમૃત સામગ્રી જેવું

કવિહૃદયનું સંવેદન. આનંદને અભિવ્યક્ત કરવાનો હૃદયનો સ્વભાવ છે અને એટલે જ આ એકાંતમાં પ્રકૃતિના સ્પર્શથી મુખરિત થઈ ઊઠેલું કવિહૃદય ઈશ્વરને જ કહી ઊઠે છે :

આજ મહારાજ! જલ પર ઉદય જોઈને
ચંદ્રનો, હૃદયમાં હર્ષ જામે.

કદાચ આવી ક્ષણોમાં જ કવિઓને ઈશ્વરનો સાક્ષાત્કાર થતો હશે. ઈશ્વરનું સર્જેલું વાતાવરણ અનુભવીને કવિ ઈશ્વરને જ પાછું સમર્પે છે, નવી રીતે શબ્દો દ્વારા

સર્જીને. `કવિ એ નાનકડો બ્રહ્મા છે' એવું ક્યાંક વાંચ્યું'તું એની પ્રતીતિ તો આવી કોઈ ભાવસૃષ્ટિનું નિર્માણ જોઈએ ત્યારે જ થાય.

ઇમારતોની ઉપર ઊગતો આકાશમાં જે ચંદ્ર આપણે જોઈએ છીએ તે, અને જલ પર ઉદય પામતો ચંદ્ર -- આ બન્ને આમ તો એક જ હોય છે છતાં કેટલા બધા જુદા છે! અને આ કાવ્ય વાંચીને આપણા વિસ્મયનું બિંદુ વિકાસ પામીને પોતાની અંદર એક જ વાતને ઘૂંટે છે કે ખરેખર અહીં ચંદ્રના ઉદયની વાત છે કે ચંદ્રોદયની સાક્શીએ થતા પોતાની ઊર્મિના ઉદયની વાત છે!

આ કાવ્યમાં આનંદ છે, પણ એ શાંત આનંદ છે અને એથી જ એ વાચાળ છે એના કરતાં મૂગો વિશેષ છે. માટે જ કવિ કહે છે : `હૃદયમાં હર્ષ જામે.' આનંદના સ્થાયી ભાવનું અહીં સૂચન છે, પણ શાંત હોય તોપણ એ આનંદ છે અને ઊછળે નહિ તો એ આનંદ નહિ. એટલે જ એ પછીની પંક્તિઓમાં જણાય છે ઊર્મિની કલ્પના, શબ્દનો કેફ.

સ્નેહઘન, કુસુમવન વિમલ પરિમલ ગહન,
નિજ ગગન માંહી ઉત્કર્ષ પામે.

કવિતાની આવી સંગીતસભર પંક્તિઓને અનુભવીને જ રસિકોએ કવિતાનો અનુવાદ અશક્ય છે એવો સાહસિકોને ઇશારો કર્યો હશે.

પ્રથમ દૃષ્ટિએ અહીં નર્યું નાદસૌન્દર્ય જ છે એમ લાગે. અર્થ લગભગ નેપથ્યમાં જ રહે છે. શબ્દનો અર્થ સતત સાથ નથી આપતો એમ પણ થાય, કદાચ! એલિયટની ઉક્તિ યાદ આવે છે : `Genuine poetry can communicate before it is understood.' આખા કાવ્યમાં આમ પણ અનુભૂતિની પરાકાષ્ઠા નાદ દ્વારા સૂચવાય છે. પૂર્ણિમાના શીતળ અને વ્યાપક પ્રકાશ જેવી અર્થની ધૂસર દ્યુતિ પથરાઈ છે. દેખીતી રીતે અસંગત લાગતી પંક્તિઓને ખોલીને જોઈએ તો કોઈ વિરલ સંગતિ છે.

ચંદ્રની સાથે આકાશ તો સંકળાયેલું જ હોય, અને આકાશ એટલે વાદળોની સૃષ્ટિ અને વાદળો તો બહુરૂપી. વાદળોનાં અનેક રૂપોમાંથી કવિએ તો આપણને એક જ રૂપ બતાવ્યું અને આપણે હજી એ રૂપ જોઈએ ત્યાં તો એને અરૂપ કરી મૂક્યું. કવિ છેવટે તો ઘન અને ગહનની, વાણી અને મૌનની, રૂપ અને અરૂપની જ લીલા કરતો હોય છે.

આ કાવ્યમાં સ્નેહઘન, કુસુમવન -- આ બે શબ્દો ઊથલાવીઊથલાવીને જોવા જેવા છે. અને આ બેની વચ્ચે રહેલું વિમલ પરિમલ તત્ત્વ છે. એને તો કવિએ આ બે શબ્દોની પાછળ સહેતુક તો નહિ મૂકી દીધું હોય! જીવનમાં પણ આ તત્ત્વ વચ્ચેથી સરકીને પાછળ જ રહી નથી જતું? વ્યક્ત આકાશ અને પૃથ્વીની વચ્ચે

રહેલું અવ્યક્ત એવું -- પરિમલ જેવું વિમલ ગહન તત્ત્વ આજે નિજહ્રદયમાં ઉત્કર્ષ પામે છે. જલ પર ચંદ્રના ઉદયની સાથેસાથે જલ જેવા આર્દ્ર હ્રદયમાં કશાક અવ્યક્ત તત્ત્વનો ઉદય થાય છે એનો સૂર ધીમેધીમે અનાક્રમક રીતે કાવ્યમાં આકાર પામે છે.

`મહારાજ!' એ સંબોધનમાં થોડુંક distance છે. હવે તો એ દૂરતા પણ ભૂંસાઈ ગઈ. `પિતા! કાલના સર્વ સંતાપ શામે!' આ પંક્તિ પાસે આવીએ છીએ એટલે પ્રારંભના શબ્દ `આજ'નો મહિમા વિશેષ સમજાય છે. અનંતની મુદ્રાનું જેના પર અંકન થઈ ગયું છે એવી આજની આ ક્ષણ છે. આ એ ક્ષણ છે કે જેમાં બધી જ ગઈ કાલ એના સર્વ સંતાપ સાથે ઓગળી ગઈ છે. રાત એ દિવસનો તાપ

શમાવે, પણ મનનો સંતાપ કોણ શમાવે? ઈશ્વરના લોચન જેવા ચંદ્રની સાથે એક ક્ષણ પણ `મળે દૃષ્ટોદૃષ્ટ' તો મનના, ભૂતકાળના બધા જ સંતાપો એકીસાથે શમી જાય છે.

ઈશ્વરનું ધવલ નેત્ર એ ચંદ્ર એમ કવિએ કહ્યું : કોઈક કવિએ આકાશમાં થતી વીજળીને જોઈને એમ કહ્યું હતું કે પરમાત્મા જાણે પોતાના હસ્તાક્ષર આપી રહ્યા છે એ પણ અહીં યાદ આવે છે. નિરંજન ભગતે એક કાવ્યનો પ્રારંભ આ રીતે કર્યો :

શ્વેત શ્વેત

આ ચાંદની કે નભ કેરું હેત?

ચંદ્રના ઉદયની આ એક જ ક્ષણ. એ ક્ષણની ત્વરિત ગતિને આ પંક્તિઓમાં કવિએ મૂકી છે :

જલધિજલદલ ઉપર દામિની દમકતી,

યામિની વ્યોમસર માંહી સરતી.

યામિની વ્યોમના સરોવરમાં સરે છે. આ પંક્તિની અર્થછાયા પણ ઉકેલવા જેવી છે. ગઈ કાલ સુધી સંતાપ હતો, રાત કેમેય વીતતી નહોતી અને આજે સર્વ સંતાપ શમતાં -- `યામિની વ્યોમસર માંહી સરતી'

`કામિની કોકિલા કેલિ કૂજન કરે'--સાગરની ભવ્ય ભરતીના ઘુઘવાટની પડછે કોકિલાનું કેલિકૂજન મૂકી કાન્તે કલાકારની રીતે -- અવાજનાં બે અંતિમ રૂપો -- એની ભવ્યતા અને એની રમ્યતાનો આપણને પરિચય આપ્યો છે.

ઈશ્વરનું એક ક્ષણનું પણ સાન્નિધ્ય અહમ્ના સીમાડાઓ ભૂંસ્યા વિના કેમ રહે? જોકે એમ કહેવું જોઈએ કે જ્યાં સુધી અહમ્ના સીમાડાઓ ભૂંસાતા નથી ત્યાં સુધી ઈશ્વરની નિ:સીમતાનો અનુભવ જ થતો નથી. માત્ર પોતાની જ સૃષ્ટિ નહિ, પણ સારીયે સૃષ્ટિ સમુલ્લસિત થઈ ઊઠી છે અને ઉલ્લાસના આ સાગર પર કોઈક તરલ નાવ સમી આખી સૃષ્ટિ તરતી રહી છે.

પ્રકૃતિનું દૃશ્ય, એની આંતરસૃષ્ટિ પર અસર, અને એની સાથે સમષ્ટિનો સંવાદ. ઘન અને ગહન એવો બેવડો અનુભવ. ઇન્દ્રિયગોચર કલ્પન દ્વારા કોઈક અગોચર વિશ્વનો સ્પર્શ આ કાવ્યમાં અનુભવાય છે.

ગોચર અને અગોચર એવા બન્ને વિશ્વની વાતનો સંકેત સ્પેનિશ કવિ લોર્કાના કાવ્યમાં પણ જુદી રીતે મળી રહે છે એને પણ અહીં ઓળખી લઈએ :

The Moon Peeps Out

When the moon comes out, the bells are lost

and the impenetrable paths appear.

When the moon comes out sea covers the earth,

and the heart feels an island in the infinite.

No one eats oranges beneath a full moon.

It is proper to eat green and icy fruit.

When the moon comes out with a hundred identical

faces, silver money sobs in the purse.

I

કાર્ડિનલ ન્યૂમેન : અનુ. નરસિંહરાવ દિવેટિયા - પ્રેમળ જ્યોતિ તારો..

પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવન-પંથ ઉજાળ.   ધ્રુ૦

દૂર પડ્યો નિજ ધામથી હું ને ઘેરે ઘન અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ,
મારો જીવન-પંથ ઉજાળ. 1

ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ; દૂર નજર છો ન જાય,
દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય,

મારે એક ડગલું બસ થાય. 2

આજ લગી રહ્યો ગર્વમાં હું ને માગી મદદ ન લગાર,
આપ-બળે માર્ગ જોઈને ચાલવા હામ ધરી મૂઢ બાળ,
હવે માગું તુજ આધાર. 3

ભભકભર્યાં તેજથી હું લોભાયો, ને ભય છતાં ધર્યો ગર્વ,
વીત્યાં વર્ષોને લોપ સ્મરણથી સ્ખલન થયાં જે સર્વે,
મારે આજ થકી નવું પર્વ. 4

તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ આજ લગી પ્રેમભેર,
નિશ્ચે મને તે સ્થિર પગલેથી ચલવી પહોચાડશે ઘેર,

દાખવી પ્રેમળ જ્યોતિની સેર. 5

કર્દમભૂમિ કળણભરેલી, ને ગિરિવર કેરી કરાડ,
ધસમસતા જળ કેરા પ્રવાહો, સર્વ વટાવી કૃપાળ,
મને પહોચાડશે નિજ દ્વાર. 6

રજની જશે ને પ્રભાત ઊજળશે, ને સ્મિત કરશે પ્રેમાળ,
દિવ્યગણોનાં વદન મનોહર મારે હૃદયે વસ્યાં ચિરકાળ,
જે મેં ખોયાં હતાં ક્ષણ વાર. 7

કાર્ડિનલ ન્યૂમેનની આ પ્રાર્થના છે. આ પ્રાર્થનાનો અનુવાદ પંડિતયુગના કવિ નરસિંહરાવ દિવેટિયાએ કર્યો છે. `ભજનાંજલિ'માં કાકાસાહેબ કાલેલકરે આ વિશે જે લખ્યું છે તે જાણવા જેવું છે :

ગાંધીજીએ જ્યારે દક્શિણ આફ્રિકામાં સામુદાયિક જીવન જીવવાનો પ્રારંભ કર્યો ત્યારે ત્યાં રોજ સાંજે પ્રાર્થના થતી હતી. એમાં એમને ગમેલાં અંગ્રેજી ભજનો પણ ગવાતાં. એમાંથી એમને જે ભજન અત્યંત પ્રિય હતું તેના ગુજરાતી અનુવાદો ભારત કાયમ માટે રહેવા આવ્યા ત્યારે ગાંધીજીએ અનેક કવિઓ પાસેથી મગાવ્યા એમાં આ અનુવાદ એમને સૌથી વધારે ગમ્યો.

ગુજરાત સદ્ભાગી છે કે મહાત્મા ગાંધી જેવી વ્યક્તિએ `આશ્રમભજનાવલિ'નું સંપાદન કર્યું છે. ગાંધીજીને રામ કે રહીમના કે ક્રાઇસ્ટ કે કૃષ્ણના ભેદ ન હોય. મંદિર, મસ્જિદ, દેવળ, ગુરુદ્વારાનો ભેદ ન હોય. `આશ્રમ ભજનાવલિ'માં એક રીતે જોઈએ તો સર્વધર્મની પ્રાર્થના છે. એમાં સંસ્કૃતના શ્લોકો છે. સિંધી, બંગાળી ભજનો છે. કુરાનમાંથી પણ પ્રાર્થનાઓ છે. ઉપનિષદના અંશો છે. આટલી નાની ભજનાવલિમાં ગાંધીજીએ શું-શું નથી સમાવ્યું?!

મંત્રો ઉચ્ચારવાના હોય છે એટલે જ મંત્રોચ્ચારનો મહિમા છે. મંત્રોચ્ચારના ધ્વનિથી દીવાલોમાં પણ સ્પંદનો જાગે છે તો માનવહૃદયને તો એ અસર કરી જ જાય. ભજન વાંચવાની વસ્તુ નથી. એકાંતમાં ગુંજવા ને ગાવાની કોઈ અલૌકિક

ચીજ છે. ભજન સમૂહમાં ગવાતું હોય તોપણ અંતે તો પ્રત્યેક જીવનો શિવ સાથેનો લયબદ્ધ સંવાદ છે. કીર્તન સામૂહિક પ્રાર્થના જ છે એટલે તો એકસાથે બે શબ્દો `ભજનકીર્તન' બોલીએ છીએ.

જીવનમાં આસપાસ ચારેકોર અંધારું છવાયેલું હોય. એકાદ કિરણની પણ આશા ન હોય. અંધકારને ઉકેલવાની આપણી પાસે કોઈ ભાષા ન હોય ત્યારે આપણા જીવનપંથને ઉજાળે છે પરમકૃપાળુ પરમાત્માની જ્યોતિ. આ જ્યોતિ કોરી નથી હોતી. એટલે જ કવિએ kindly lightનો અનુવાદ પ્રેમળ જ્યોતિ કર્યો. સામાન્ય રીતે જ્યોતિ સ્ત્રીલિંગ શબ્દ છે પણ અહીં કવિએ પુલ્લંગિમાં એનો પ્રયોગ કર્યો છે, કારણ કે ખ્રિસ્તીઓ ઈશ્વરને પિતા તરીકે જુએ છે. આપણે ઈશ્વરને પરમ

શક્તિરૂપે, દેવીસ્વરૂપે પણ જોઈએ છીએ. આપણે ત્યાં દેવીમાહાત્મ્ય પણ છે. ઈશ્વરને આપણે નરરૂપે, નારાયણરૂપે પણ જોઈએ છીએ.

અહીં કવિ અંધકારમાંથી પ્રકાશ તરફ જવા માટે પ્રાર્થના કરે છે જેથી જીવનનો પંથ ઊજળો થાય. અહીં સ્થૂળ અંધકારનો સંકેત નથી. આપણું અજ્ઞાન પણ એક અંધકાર જ છે. જેટલા આપણે અજ્ઞાની અને ભક્તિભાવ વિનાના એટલા જ આપણે ઈશ્વરના ધામથી દૂર. અંધારામાં કોઈ ખોવાઈ ગયેલું બાળક હોય એવી જીવની સ્થિતિ છે અને ઈશ્વરના સંતાન જેવા આપણી સંભાળ પરમ પિતા સિવાય તો કોણ લઈ શકે?

એક તો અંધકાર, કાળોડિબાંગ. નજીકનું કે દૂરનું કશું ન દેખાય. ક્યાં પહોચશું અને ક્યારે પહોચશું એની કોઈ ગતાગમ આતમને નહોય ત્યારે આપણી આંગળી ઝાલીને કોઈ સહેજ પણ આગળ લઈ જાય તો એક ડગલું પણ પૂરતું છે. માણસને મારી નાખે છે એનો ગર્વ, એનો અહંકાર. આશા વિનાનો હોય અને અસહાય હોય તોપણ પોતા પર એટલો મુસ્તાક હોય કે મનમાં એક વિચારને ઘૂંટ્યા કરે : હું શું કામ કોઈની મદદ માગું? આ ગર્વમાં ને ગર્વમાં જ મદદ માગી નહીં. મનમાં હતું કે આપબળે માર્ગને ઓળંગી જઈશ, પણ એ નરી મુગ્ધતા--મૂઢતા હતી. એક વાર ખબર પડી જાય કે ઈશ્વરની ઇચ્છા વિના પાંદડું પણ હલતું નથી ત્યારે સૂર્યના કિરણથી જેમ બરફ ઓગળવા માડે એમ આપણો

અહંકાર ઓગળી જાય. બાહ્ય વૈભવ જુઠ્ઠો છે. છકાવી દેનારો છે. એમાં ભય અને ગર્વ બંને ભળેલા છે. આંતરપ્રકાશ મરજીવાને સાંપડેલા મોતી જેવો છે. વર્ષોનાં વર્ષો બાહ્ય ભભકમાં ગયાં. આ ભભકના સ્મરણનો જો કાયમ માટે લોપ થાય અને એની સાથે સંકળાયેલાં સર્વ સ્ખલનો અલોપ થાય તો પ્રકાશનું--પ્રભાતનું નવું પર્વ પ્રાપ્ત થાય.

આપણો પગ તો હંમેશાં ડગમગ થતો હોય છે, પણ પ્રભુની મહેર હોય તો એ આપણા ડગમગતા પગને સ્થિર કરી શકે. ઈશ્વરને કોઈ વહાલાંદવલાં નથી હોતાં. કોઈકે કહ્યું'તું કે આપણે ઈશ્વરમાં માનીએ કે ન માનીએ ઈશ્વર આપણામાં માને છે. ઈશ્વર આપણને ઓશિયાળા બનાવીને નિભાવતો નથી, પણ પૂર્ણ પ્રેમથી

નિભાવે છે અને એને જ કારણે કાળી રાતમાં એ જ પોતે આપણા પગને ધીર અને સ્થિર કરીને ઘેર પહોચાડશે.

આપણે આપણા અરણ્યમાં અટવાયા છીએ. આપણા અરણ્યમાં હોઈહોઈ ને હોય શું? સિવાય કે વેરઝેરનાં ઝાડ. આપણે આપણા કાદવમાં આળોટીએ છીએ. આંખ સામે પ્રચંડ પહાડો છે. પગમાં આપણને તાણી જતો ધસમસતા જળનો પ્રવાહ છે. આ બધાને, કૃપાળુની કૃપા હોય તો જ તરી જઈએ. શંકા હોય ત્યાં શ્રદ્ધા નથી હોતી અને શ્રદ્ધા હોય પછી કશાની જરૂર પણ નથી. શ્રદ્ધાભરપૂર હૃદય કહે છે કે રાત વહી જશે. પ્રભાત ઊઘડશે. પ્રેમાળ સ્મિત મળશે. અને હૃદયમાં ચિરકાળ વસેલા દિવ્યગણોના ચહેરા જોવા મળશે. આ ચહેરાઓ આપણી અંદર જ છે.

પણ આપણે એને ક્ષણવાર માટે જ જોયા હતા. ક્ષણનો જે સાક્ષાત્કાર થયો એનો તંતુ તૂટી ન જાય તો એ ક્ષણ પર શાશ્વતીની મુદ્રા અંકિત થયા વિના રહે નહીં. પછી તો ટાગોરના એક કાવ્યમાં આવે છે એમ આપણે માત્ર એટલું જ કહેવાનું રહે :

ધન્ય ક્ષણ : આ ધન્ય અવસર

સવારના સોનેરી ગાલીચે તમે બિરાજ્યા હે પરમેશ્વર.

કેથેલિન રેઇન o અનુ. મકરન્દ દવે - પ્રીતમના ઓરડા

મારા પ્રીતમના ઓરડા ઊચા કે ઓરડા ઓહો કર્યા રે લોલ૦
હરિયાળા ડુંગરાને ગોચરમાં પાથરી ફૂલભરી જાજમની ભાત,

સાંજલ તારાનો રૂડો દીવો બળે ને ઓલી આસમાની છત રળિયાત.
વાયરાના ઊઘડતા ચોગમ કમાડ અને ઝરમરિયા પડદાના સૂર;
ઊચા પહાડ તણા એકાકી થંભ અને દરિયાઈ બેટ દૂર દૂર.
મારા પ્રીતમના ઓરડા ઊચા કે ઓરડા ઓહો કર્યા રે લોલ.

(2)
મારા પ્રીતમના ઓરડા ન્યારા રે ઓરડા અભરે ભર્યા રે લોલ.

ધીગો તે ઘોધ વહે રાતોની રાત કાંઈ વીધીને બરફાળ છાતી.
ચટ્ટાને ચકરાતી આંબે જ્યાં આભને પાંખો ગરુડની તાતી.
પ્રીતમના ઉબરાને અંઘોળી ઘૂઘવે ભરતીના લોઢ લોઢ લાખો,
જળચરનાં ઝુંડ જ્યાં ખેલે વિવિધ કાંઈ ખેલે નજર જ્યાં નાખો.
મારા પ્રીતમના ઓરડા ન્યારા કે ઓરડા અભરે ભર્યા રે લોલ.

(3)
મારા પ્રીતમના ઓરડા મીઠા કે ઓરડા આંખે ઠર્યા રે લોલ.
કોઈ મને લાવ્યું રે ઊઘરેટી આંખે ને જાગીને જોયું તો હે--ય!
નદિયું ને મોજાં ને સૂરજ ને વાદળ ને પંખી તો મીઠડાં લેય.
બળતે બપોર સુણું પાંદડાંની આડશે વહેતી હવાની વાણ,

જેનું ન મુખ હજી જોયું તે વાહ, મને કેવી દે પ્રીતની લ્હાણ!
મારા પ્રીતમના બાહુમાં પોઢું કે નેણલાં હેતે હર્યાં રે લોલ --
મારા પ્રીતમના ઓરડા મીઠા કે ઓરડા આંખે ઠર્યા રે લોલ.

કેથેલિન રેઇનની કવિતાનો આ અનુવાદ છે, પણ અનુવાદ સમાંતર સર્જન ક્યારે બને છે તેનું ઉદાહરણ આપી શકાય એટલો સમૃદ્ધ એ છે. દુનિયા સાથે કવિને પ્રેમનો નાતો હોય છે : રોબર્ટ ફ્રોસ્ટે કહ્યું હતું કે I had a lover's quarrel with the world. આ દુનિયા સાથે મારે પ્રેમીનો ઝઘડો હતો. અહીં આ કવિતામાં માત્ર દુનિયા સાથે જ નહીં, સચરાચર સાથે કવયિત્રી પ્રેમનો નાતો બાંધે છે. એ આ સચરાચરને `પ્રીતમના ઓરડા' તરીકે ઓળખાવે છે. પ્રીતમના ઓરડા એ સૂચક

પ્રતીક છે. લગ્ન પછી પ્રીતમના ઓરડામાં પ્રવેશતી નવવધૂ એનાથી અપરિચિત હોય છે. આપણે પણ આ દુનિયામાં છીએ છતાં બ્રહ્માંડનાં રહસ્યોનો તાગ ક્યાં મેળવી શક્યા છીએ? પરંતુ આ અજ્ઞાન પ્રેમની પરિભાષામાં વિસ્મય બની જાય છે : અને એટલે જ કહે છે : `ઓરડા ઓહો કર્યા!'

આ ઓરડાની વિશાળતા હવે કવિ બતાવે છે. હરિયાળા ડુંગરો અને ગોચરનાં મેદાનોમાં ફૂલોની બુટ્ટાદાર જાજમ પથરાઈ છે. Evening Star. સાંજલ તારાનો મઝાનો દીપ પ્રગટે છે. સાંજે ઘરમાં દીવો પ્રગટાવવાની પરંપરાનું સ્મરણ પણ અહીં થઈ આવે છે. આકાશની આસમાની છત, પવનનાં કમાડ અને વરસાદના ઝરમરિયા પડદા : પ્રીતમના ઓરડાનું આ વર્ણન આપણને ભારતીય પરંપરામાં

બંધબેસતું લાગે છે. પ્રકૃતિમાં જ પરમેશ્વરનો અંશ જોતા આપણા સંતકવિઓના ઉદ્ગારોની કોટિમાં આ પંક્તિઓ આવી જાય છે. પરંતુ પ્રેમમાં વિસ્મય સાથે વાત અટકતી નથી. વિસ્મય તો પ્રથમ મિલનનું હોય છે. પછી એકમેકથી આપણે સમૃદ્ધ બનીએ છીએ. જે વ્યક્તિ-વ્યક્તિના પ્રેમ માટે સાચું છે એ જીવ-શિવના અનુબંધ માટે પણ એટલું જ સાચું છે. એટલે જ પેલો `ઓહો'નો ભાવ એક તરફ રહે છે. એને બદલે `ઓરડા અભરે ભર્યા'નો -- સમૂહ બન્યાનો ભાવ આપણા મનમાં વસે છે.

વિસ્મય પ્રકૃતિ વિશે હતું, પરંતુ સમૃદ્ધિ એમાં રહેલા ચેતનની છે: ઘૂઘવતો ધોધ, ગરુડની પાંખો, ઉબરાને અંઘોળી જતાં ભરતીનાં મોજાં અને જળચરો : આ બધાં

ચેતનાનાં પ્રતીકો છે; અહીં હવે માત્ર વિસ્મયનો ભાવ નથી રહેતો. છતાં વિસ્મયનો ભાવ સદંતર સરી પણ નથી જતો પણ વિસ્મયની સાથે પ્રેમ સમૃદ્ધ બને છે. એ પછીનું સોપાન આવે છે તૃપ્તિનું. પ્રેમની પરાકાષ્ઠા તૃપ્તિમાં છે : ઊંચા ઓરડાનું વિસ્મય થાય, ન્યારા ઓરડાથી સમૃદ્ધિ અનુભવાય પણ મીઠા ઓરડા--એ તો આંખ ઠારે.

હજી આંખમાં થોડી ઊંઘ ભરી હોય ત્યાં ઝબકીને જાગીએ અને આખું વાતાવરણ જોતાં કંઈક વિસ્મય, કંઈક સમૃદ્ધિના ભાવ સાથે તૃપ્તિની ચરમસીમાઓને અડકી જવાય ત્યારે કેવો ઉદ્ગાર નીકળી પડે! `જાગીને જોયું તો હે--ય!' નદી, મોજાં, સૂરજ, વાદળ અને પંખી--આ સૌ હવે અપરિચિત નથી રહેતાં. એ તો આપણાં

મીઠડાં લે છે : અને જેનું મુખ હજી નથી જોયું એવા એ વિરાટ પ્રિયતમના બાહુમાં એનાં હેતે હેરી રહેલાં નેત્રોની છાયામાં આપણે પોઢી શકીએ છીએ!

। હરીન્દ્ર દવે

ગંગાસતી o મેરુ તો ડગે જેનાં મન ના ડગે

મેરુ તો ડગે જેનાં મન ના ડગે,
મરને ભાંગી પડે બ્રહ્માંડ જી;
વિપત્તિ પડે તોય વણસે નહીં,
સોઈ હરિજનનાં પ્રમાણ જી.

ચિત્તની વૃત્તિ જેની સદાય નિરમળ,
ને કોઈની કરે નહિ આશ જી;
દાન દેવે પણ રહે અજાચી
રાખે વચનમાં વિશ્વાસ રે જી - મેરુ.

હરખ ને શોકની આવે નહિ હેડકી,
આઠ પહોર રહે આનંદ જી,
નિત્ય રે નાચે સત્સંગમાં ને
તોડે માયા કેરા ફંદ જી – મેરુ.

તન મન ધન જેણે પ્રભુને સમર્પ્યાં,
તે નામ નિજારી નર ને નાર જી,
એકાંતે બેસીને આરાધના માંડે તો,
અલખ પધારે એને દ્વાર જી - મેરુ.

સતગુરુ વચનમાં શૂરા થઈ ચાલે,

શીશ તો કર્યાં કુરબાન રે,
સંકલપ વિકલપ એકે નહિ ઉરમાં,
જેણે મેલ્યાં અંતરનાં માન રે. - મેરુ.

સંગત કરો તો તમે એવાની કરજો,
જે ભજનમાં રહે ભરપૂર જી,
ગંગાસતી એમ બોલિયાં,
જેને નેણ તે વરસે ઝાઝાં નૂર જી - મેરુ.

ભગતિ કરો તો એવી રીતે કરજો પાનબાઈ !
રાખજો વચનુંમાં વિશ્વાસ રે,

ગંગાસતી એમ બોલિયાં
તમે થાજો સતગુરુજીનાં દાસ રે. - મેરુ.

ગંગાસતીનું આ પ્રસિદ્ધ ભજન છે. એવા પણ લોકો હશે કે જેમને આમાંની કેટલીક પંક્તિઓ યાદ હશે, પણ ખબર નહીં હોય કે આ ભજન કોનું છે. કવિનું નામ આ જ રીતે ભાષામાં ભૂંસાઈ જતું હશે અને કવિનું કામ આ જ રીતે ભાષામાં ઊપસતું હશે. ગંગાસતી અને પાનબાઈ, સાસુ અને વહુ. આજે પણ આ સંબંધ સકારણ વગોવાય છે. મધ્યકાલીન યુગની ગંગાસતી અને પાનબાઈની જોડી આદર્શ સાસુવહુ તરીકે, ગુરુશિષ્યા તરીકે પ્રખ્યાત છે. એમ કહેવાય છે કે ગંગાસતીએ જે કાંઈ ગાયું તે પાનબાઈના અંતરાત્માને ઉછેરવા માટે. મા તો ગર્ભ ધારણ કરે

અને શરીર આપે. પણ વહુના આત્માની આવી માવજત આખા જગતના સંસારમાં વિરલ કહી શકાય. સાસુ મહેણાં માટે જાણીતી છે, ગાણાં માટે નહીં, ગંગાસતીનું ગીત આત્માને જ્ઞાનથી અજવાળે એવું છે. આ બધા સંસારી સંતોને પોતે વિરલ કવિતા કહે છે, એની કોઈ સભાનતા નહોતી. એકએક વ્યક્તિ વિદ્યાપીઠ જેવી. અનુદાનનો પ્રશ્ન જ નહોતો. જે કાંઈ હતું તે ઈશ્વરનો અનુગ્રહ. પરમની કૃપા અને ગ્રેસ.

મેરુ પર્વત માટે કહેવાય છે કે એના જેવો કોઈ અડગ પર્વત નથી. આમ પણ પર્વત પલાંઠી વાળીને બેઠો તે બેઠો. પર્વતને જોઈએ એટલે એની અવિચળતા પ્રત્યે ધ્યાન ખેચાય. પર્વતની પુત્રી નદી ચંચળ અને પર્વત અચળ. અમસ્તાં

પણ પ્રકૃતિનાં તત્ત્વોનું ધ્યાન ધરીએ તો દરેક તત્ત્વમાં કશુંક છે. પર્વતની અડગતા, નદીનું સાતત્ય, આકાશની ભવ્યતા, પૃથ્વીની રમ્યતા, વીજળીની રુદ્રતા, તડકાનું તાંડવ, ચાંદનીનું ચંદન--આખી ભગવદ્ગીતાનો વિભૂતિયોગ પ્રકૃતિમાં વ્યક્તિ અનુભવી શકે.

ગંગાસતી બહુ મોટી વાત કહે છે. મેરુ જેવો પર્વત ડગે, પણ મનુષ્યનું મન ન ડગે તો એ સંકલ્પશુદ્ધ મનુષ્ય હેમખેમ જીવી જાય. બ્રહ્માંડને ભાંગવું હોય તો ભાંગે, પણ મન ન ભાંગે, એ તો અચળ અને અવિચળ રહે. મન જેટલી ચંચળ વસ્તુ કોઈ નથી. ચાંચલ્યને સ્થિરતા આપવી, એને ધીરતા અને વીરતા આપવી એ ભવ્ય પુરુષાર્થ છે. આપણે સાચો હરિજન કોને કહીશું ? ઈશ્વરનું જણ કોને

કહીશું ? રામશ્યામના સ્વજન કોને કહીશું ? ઈશુના અંતેવાસી કોને કહીશું ? મહંમદના મિત્રો કોને કહીશું ? એક જ જવાબ છે. પાર વિનાની વિપત્તિ પડે તોયે ભીતરથી જે વણસે નહીં તે હરિજન. વિપત્તિમાં જેની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા ડગે નહીં એ હરિજન. કોઈ રાવ નહીં, ફરિયાદ નહીં, ભગવાનને ભાંડવાની વાત નહીં. વિપત્તિમાં લાચારીથી કશું આછુંપાછું કે કાળુંધોળું કરવાનો વિચાર નહીં. ક્યાંય અંદરનો વણસાડ નહીં કે ભીતરનો કચવાટ નહીં એ હરિજનનું પ્રમાણ છે.

આપણા ચિત્તની વૃત્તિ કોઈ ને કોઈ રીતે ખરડાયેલી હોય છે. પ્રવૃત્તિઓના ડાઘા હોય છે. પ્રવૃત્તિ સાથે મનુષ્યનો પ્રકૃતિગત અહમ્ છે. અહમ્ની સાથે અપેક્ષા, અપેક્ષાની સાથે મહત્ત્વાકાંક્ષા, સફળ થાય તો છાક, નિષ્ફળ જાય તો હતાશા. આ

બધું માણસમાત્ર સાથે સંકળાયેલું હોય છે, પણ કેટલાક વિરલા એવા હોય છે કે એમની વૃત્તિ ક્ષણ પૂરતી નહીં, પણ કાયમ પૂરતી નિર્મળ હોય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ -- આ બધા મળ છે. આના વિના રહેવું એટલે નિર્મળ. ક્ષણ બે ક્ષણ પૂરતા તો ક્યારેય કોઈક નિર્મળ રહી શકે, પણ સદાયે નિર્મળ રહે એ વ્યક્તિમાંથી વિભૂતિ થયાની પ્રક્રિયા છે. આપણે જે કાંઈ હતાશ થઈએ છીએ, એનું મૂળ આપણી સાંસારિક આશા અને અપેક્ષામાં છે. બનતાં લગી રમણલાલ સોનીની પંક્તિ છે : `ન રાખ આશા કદી કોઈ પાસ, કરી શકે કોણ પછી નિરાશ.' કોઈની પણ આશા ન રાખવી એ અંતરથી સુખી થવાનો રાજમાર્ગ છે. આશા એ સુખની વચ્ચેનો અંતરાય છે. પોતાનાથી બને તો કોઈકને આપી છૂટે, આપ્યા

પછી પોતાના મનમાં પણ આપ્યું છે એની વાતને ન ઘૂંટે. આવા વિસ્મરણના વરદાનની સાથે જે રહે એને આપ્યાનો ભાવ કે ભાર નથી રહેતો. જે આવો ભાવ કે ભાર રાખે છે એને માટે સંસાર એ શેરબજાર છે, જ્યાં લિયાદિયાના સોદાઓ થતા હોય છે. આપ્યા પછી વળતરની અપેક્ષા નહીં. આપનારને એક જ સત્, અને તે અજાચકનું વ્રત. આવા જાતકના ઇતિહાસ લખાતા નથી. એને વિશ્વાસ કે ભરોસો પરમમાં હોય છે. એને માટે કોઈ પામર નથી. આ ભરોસો છે તે ભગવાનનો છે.

પછી એક અદ્ભુત વાત છે. ચિત્તની અવસ્થાને જે વ્યક્તિ આટલી ઊચી અને સ્થિર ભૂમિકાએ જાળવી શકે એવા સદ્ભાગીને હરખશોકની હેડકી નથી આવતી. એનો

સંબંધ દિવસ ને રાત, રાત ને દિવસ, પળેપળે, સ્થળેસ્થળે, કહો કે આઠે પહોર ઓમદ્ધડદ્ધદ્ધધ્ સાથે હોય છે. સત્ચિત્ અને આનંદનું પ્રયાગ આમ જ સરજાય છે. આવા માણસો નથી ચાલતા કે નથી દોડતા. નથી બેસતા કે નથી સૂતા. ભીતરથી સત્સંગનું નર્તન જ ચાલતું હોય છે. આ નિત્યનર્તન-કીર્તનમાં ડૂબેલો જીવ માયામાં ફસાતો નથી, પણ માયાથી ઊફરો ચાલતો હોય છે.

મોટા ભાગના માણસો સમર્પણની વાતો કરે છે, પણ એમનું સમર્પણ હાફ-હાર્ટેડ હોય છે. જે માણસ ભગવાનમાં ભરોસો રાખે અને આવતી કાલની ચિંતા કરે એનો અર્થ એવો કે એને પૂરો ભરોસો નથી. અધૂરો ભરોસો સૌથી વધુ ખતરનાક છે. તન, મન અને ધન જેણે ઈશ્વરને અર્પણ કર્યાં હોય એને પછી સ્મરણ પણ ન

હોય અને સ્વપ્ન પણ ન હોય. એની ક્ષણેક્ષણમાં શાશ્વતનું સ્વર્ગ હોય. એવા માણસ સ્વભાવશત્રુ ન હોય, નિરામય હોય. એના ભીતરનો ફોટોગ્રાફ લઈએ તો ત્યાં ડાઘડૂઘ વિનાનું આરસનું મંદિર જ દેખાય. માણસે રક્ષણ કરવાનું છે પોતાના એકાંતનું. નામસ્મરણ અને આરાધના હોય, નરી અને નકરી ભક્તિ હોય તો આપણે આંગણે આવ્યા વિના ઈશ્વરનો પણ છૂટકો નથી. ઈશ્વરને પણ આપણું સરનામું શોધવામાં રસ છે. અને ઈશ્વર એવો ભોળોભટ્ટકડો અને અણઘડ નથી કે ખોટે બારણે ઘંટડી વગાડે.

સાચા શિષ્યો સદ્ગુરુના વચનને ઉવેખે નહીં. જે ગુરુને નર્યા સત્માં રસ હોય એના પંથ પર તો એ જ ચાલે, જે ભીતરથી શૂરવીર હોય. પ્રીતમની પંક્તિઓ યાદ

આવે છે, `હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને; પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.' આ કુરબાની એ જ જીવનની કૃતાર્થતા. દ્વિધાથી પીડાવાનું નહીં અને કોઈને પીડવાના પણ નહીં, સંકલ્પ અને વિકલ્પની કરવતથી વહેરાવાનું નહીં. ગુમાનની ગાંઠડી ઉતારી નાખવાની. એ ઊચકીને ચાલીએ તો જ બેવડ વળી જઈએ.

સંગત કોની કરવી ? પહેલી સંગત તો અંગતની હોય અને જે ભજનમાં ભરપૂર રહે એવાનો સત્સંગ. જે ભજનમાં સભરસભર હોય એનો સમદર કદીયે સુકાવાનો નહીં. સંતો તો આંખથી ઓળખાય એવા, કારણ કે એમની આંખમાં જ સો સો વોલ્ટના બલ્બ શરમાઈ જાય એવું, વાત્સલ્યભરપૂર તેજ હોય છે. આ તેજ

અમૃતનું અજવાળું થઈને વરસે છે. એ આપણને આંધળા નથી કરતું, પણ આપણે આપણી આરપાર જોઈ શકીએ એવી દૃષ્ટિ અને હરિવરની સૃષ્ટિ આપે છે.

ગંગાસતી આ આખી વાત પાનબાઈને સ્વયંસ્ફુરિત ભજનના લયમાં કહે છે, પોતાનાને કહે છે, એટલે ઉપદેશ નથી લાગતો પણ આત્મીયતા લાગે છે. ભક્તિ અધૂરા ભરોસે થાય નહીં, એની વાત ઘૂંટીઘૂંટીને કહે છે અને જો દાસ થવાનું હોય તો સદ્ગુરુના જ થવાય. એટલે કે સત્ના જ થવાય. ચિત્તનું સત્ સાથે અનુસંધાન થાય, તો પછી જીવનમાં આનંદનું અવતરણ થાય.

ચન્દ્રકાન્ત શેઠ - ઊડું જોયું

ઊડું જોયું, અઢળક જોયું;
મનમાં જોયું, મબલક જોયું.
ઝાકળજળમાં ચમકી આંખો, એ આંખોમાં જ્યોતિ,
કોક ગેબના તળિયાનાં મહીં ઝલમલ ઝલમલ મોતી!

તળિયે જોયું, તગતગ જોયું;
ઊંડે જોયું, અઢળક જોયું.
માટીથી આ મન બંધાયું ને મનથી કૈ મમતા;
એ મમતાની પાળે પાળે હંસ રૂપાળા રમતા!

જળમાં જોયું, ઝગમગ જોયું,
ઊંડે જોયું, અઢળક જોયું.
આ ઘર, ઓ ઘર કરતાં કરતાં,ધૂમી વળ્યા આ મનખો;
ધૂણી-ધખારે ઘટ ઘેર્યો પણ અછતો રહે કે તણખો?

પલમાં જોયું, અપલક જોયું;
હદમાં જોયું, અનહદ જોયું;
ઊંડું જોયું, અઢળક જોયું.

ચન્દ્રકાન્ત શેઠ આપણા પ્રસિદ્ધ કવિ છે. કાવ્યના અનેક પ્રકાર સફળ રીતે અજમાવ્યા છે. પણ ગીતનો પ્રકાર એમને હૈયાવગો, હોઠવગો અને આપબળે કાનવગો.

આ ગીતમાં એમણે ગહન વાતને છેડી છે. પણ લયમાં લાઘવ અને સરળતા. પછી પ્રમાણમાં પ્રલંબ પંક્તિ. આપણે ઘણું બધું જોયું ન જોયું કરીએ છીએ. આંખ આડા કાન કે કાન આડી આંખ. આપણું ભ્રમણ, સ્પંદન, નિરીક્ષણ બધું જ ઉપરછલ્લું. અહીં ઊંડાણથી જોવાની સપ્રાણ વાત છે. મનમાં મબલક જોવાની વાત છે. ઝાકળજળમાં ચળકતી આંખ, આંખમાં જ્યોતિ, તળિયે મોતી આ બધું ત્યારે મળે જ્યારે ઊંડે અને એકીટશે જોઈએ ત્યારે. અહીં ઇયત્તા અને ગુણવત્તાનો

વિરલ સમન્વય છે. મનમાં મબલક જોયું ખરું, પણ જોયું ત્યારે મનનો માટી સાથેનો સંબંધ.. એ મમતાની પાળ, પાળ પાસે રમતા રૂપાળા હંસ -- અને ફરી પાછું જળ અને ઝગમગ જ્યોત.

આખો મનખાવતાર એટલે અલકચલાણું, ચલકચલાણું. પ્રવાસ વિનાનો પ્રવાસ. જાત સાથે જાતરા. આ બધામાં એક તણખો છે -- જે છૂપ્યો છુપાતો નથી. ચિત્તમાં કોઈ ચિનગારી તો છે જ. કોઈક અગનપિપાસા હોય જ છે. પલમાં અપલક રીતે જોતાં સમગ્ર કાળનું દર્શન. હદમાં જોયું ત્યારે જ અનહદની ઓળખાણ થઈ. સીમમાંથી અસીમ તરફની ગતિનું આ ગીત. સહેજ પણ દુર્બોધ થયા વિના સહજપણે સરળતા સિદ્ધ થઈ છે. ગીતમાં ક્યાંય આયાસના ઉઝરડા

દેખાતા નથી. ચન્દ્રકાન્ત શેઠને કોઈક અંદરની તરસ કશુંક લખવા સતત પ્રેરે છે. તેમના એક બીજા ગીતનો ઉપાડ પણ જોવા જેવો છે :

અંદર ઊતરું કોના માટે?
કોના માટે બહાર ફરું
કોના માટે જંગલઝાડી
ડુંગર દરિયા પાર કરું?

`ગગન ખોલતી બારી' કવિનો અલાયદો ગીતસંચય છે.

વર્ષો પહેલાં `કુમાર'ના તંત્રી બચુભાઈ રાવતે મારી ગીતરચનાને પરત કરતાં લખ્યું હતું કે હજી છંદોબદ્ધ કાવ્યો લખવા પ્રમાણમાં સહેલાં છે, ગીત લખવાં મુશ્કેલ છે. બચુભાઈ એટલે એવી વ્યક્તિ કે જેમણે મેઘાણીએ કહ્યું એ પ્રમાણે ગુજરાતી કવિતાનાં બાળોતિયાં ધોયાં. આપણાં નબળાં કાવ્યો કોઈ તંત્રી ન છાપે એને માટે તંત્રીના સદા ઋણી હોવું જોઈએ, કારણ કે આપણી નબળી કૃતિ દ્વારા આપણે જ ઉઘાડા પડતા હોઈએ છીએ. છંદ હોય કે લય હોય, કવિતા સિદ્ધ કરવી એ બહુ દુર્લભ ઘટના છે. છંદમાં શબ્દના સ્થાન નિશ્ચિત હોય છે, પણ કવિતાનો સ્વભાવ જ હંમેશાં અનિશ્ચિત હોવાનો છે. લય એટલે ગતિ. સ્વૈરગતિ. છંદ એટલે પણ ગતિ; પણ એની ગતિ નિશ્ચિત હોય છે. ગીતમાં ગતિ હોય છે પણ શબ્દની

સાથેના શબ્દોની સહોપસ્થિતિને કારણે ગતિનું નિર્માણ થતું હોય છે. શિખરિણી એના એ જ છે. અને છતાં બાલાશંકર, કાન્ત અને ઉમાશંકરનો શિખરિણી જુદો જ હોવાનો. કવિતામાં અંતે મહિમા છંદોલયનો છે.

જયન્ત પાઠક - ચાનક રાખું ને. . .

ચાનક રાખું ને તોય ચૂકું :
ગુરુજી, કેમ પગલું હું નિશ્ચેમાં મૂકું!

ચાખી ચાખીને મેં તો ભોજનિયાં કીધાં
ગળણે ગાળીને સાત પાણીડાં પીધાં
દૂધનો દાઝેલ, છાશ ફૂંકું!

અંધારું મૂકી હું ચાલું ઉજાસમાં
પીછો છોડે ન તોય પડછાયો, પાસમાં
લીલાને સળગાવે સૂકું!

છોડું છેડો તો એક, દૂજો વીટાતો
આ પા ઉકેલું દોર એ પા ગૂંચાતો
પડઘા લાંબા ને વેણ ટૂંકું!

માણસની ઝંખના તો શિખર પર પહોચવાની હોય છે. એને કશાક પરમની લગની લાગે છે. ચિત્તને કોઈક સત્ત્વની ચાનક છે. આ પરમતત્ત્વને પામવું છે, એવી મનમાં ગાંઠ વાળે છે, સંકલ્પ કરે છે, પણ કરેલા બધા જ સંકલ્પો ટકતા નથી. દયારામની જેમ `નિશ્ચેના મહેલમાં વસે મારો વ્હાલમો'ની પ્રતીતિ હોય છે. પણ ઘણી વાર આપણે જ કારણે આપણા જ નિશ્ચેનો મહેલ પત્તાંનો મહેલ પુરવાર થાય છે. ગમે એટલી ચાનક રાખીએ તોયે ચૂકી જવાય છે અને અહીં

વેપારીની તકિયાકલામ `ભૂલચૂક લેવીદેવી' કામ નથી આવતી. ઉત્તમની ચાનક રાખીએ, પણ આપણને જ ખબર ન પડે એમ અચાનક મધ્યમ કે અધમમાં સરી પડીએ છીએ. દુનિયા તો વિષમ અને વસમા અનુભવ આપે અને નક્કી કરીએ કે આપણે ક્યાંય કડવાશ નથી રાખવી અને છતાંયે કોઈકને કડવું વેણ કહી પણ દેવાય. કોઈ પણ માણસનો મોટામાં મોટો પુરુષાર્થ એ હોઈ શકે કે દુનિયા ભલે મને આઘાત-પ્રત્યાઘાત આપે. પણ હું મારી નિર્દોષતા કઈ રીતે જાળવી શકું અથવા ખોવાઈ ગયેલી નિર્દોષતા કઈ રીતે પ્રાપ્ત કરી શકું. દૂષિત અને દોષિત જગતમાં નિર્દોષતા જાળવવી કપરી છે, પણ અશક્ય નથી. સાચવીસાચવીને

ચાલીએ તોયે ક્યાંક સરી પડાય છે. સાત ગળણે ગાળીને પાણી પીએ અને છતાં કોઈક ઘૂંટડો દઝાડે છે.

અંધારાને પાછળ મૂકીને આપણે અજવાળા તરફ પ્રયાણ કરીએ પણ આપણો જ કાળો પડછાયો આપણો પીછો છોડે નહીં અને રહ્યાસહ્યા અજવાળાને કાળુંડિબાંગ કરી મૂકે અને આમ સૂકાની ભેગું લીલું પણ સળગવા લાગે.

બાવાની લંગોટી જેવી વાત છે. એક છોડીએ છીએ ત્યાં બીજું વીટળાય છે. માંડ દોર ઉકેલીએ ત્યાં કશુંક ગૂંચવાય છે. આપણાં વેણ ટૂંકાં હોય છે. પણ એના પડઘા લાંબા હોય છે. વાણી વિલોપાય છે અને પડઘાઓ ઘેરાય છે. સીધીસાદી

સરળ ભાષામાં ભજનના ઢાળમાં આ કૃતિ રચાઈ છે. આપણા સિવાય આપણો ગુરુ થઈ પણ કોણ શકે? કવિએ અહીં વાતવાતમાં બોલાતી આપણી કહેવતનો પણ સાર્થક ઉપયોગ કર્યો છે.

જીવણ ૦ વાડી રે વેડીશ મા હો!

મારી રે વાડીના ભમરલા વાડી વેડીશ મા.

મારી રે વાડીમાં માનસરોવર
નાજે ધોજે પણ પાણીડાં ડોળીશ મા.
મારી રે વાડીમાં ચંપો ને મરવો

ફોરમ્યું લેજે પણ કળિયું તોડીશ મા.
દાસી જીવણ કે સંતો ભીમ કેરે ચરણે
સરખાસરખી જોડી રે તોડીશ મા.

જીવણ, મધ્યકાલીન કવિ. આ મધ્યકાલીન કે સમકાલીન એવું આપણે કહીએ છીએ એ તો ઐતિહાસિક સંદર્ભ પૂરતું જ. કવિનો ઇતિહાસ હોઈ શકે અને ઇતિહાસ એટલે ભૂતકાળ. સાચી કવિતાને ભૂતકાળ સાથે સંબંધ નથી હોતો, પણ અનંત ભવિષ્યકાળ સાથે હોય છે. જીવણના જીવન વિશે હું કશું જાણતો નથી. આમ પણ મધ્યકાલીન કવિઓ વિશે કશું જાણવા જઈએ છીએ તો સવિશેષ તો કિંવદંતી કે દંતકથાઓ મળે છે. એમાંયે પાછા ચમત્કારો ભળેલા હોય. આ ચમત્કારો વિશે એક પુસ્તક હતું. એનું શીર્ષક મને ગમી ગયું હતું. `મિરેકલ્સ આર માય વિઝિટિંગ કાર્ડસ્' સંતો ચમત્કાર કરે છે, ત્યારે લોકોનું ધ્યાન ચમત્કારમાં હોય છે, પણ જેને નમસ્કાર કરવા જોઈએ એવા ઈશ્વરમાં નથી હોતું. ચમત્કારો લોકપ્રિયતા લાવે

અને પ્રભુપ્રિયતાને અળગી અને આઘી ઠેલે. આ પદ નાનકડું છે. લય અને લાઘવ સ્પર્શે એવાં છે. માણસ જન્મે છે પછી ઝાડી અને ઝાંખરાંને દૂર કરતાં વહાલ ઊપજે એવી એક વાડી વિકસાવે છે.

પણ માણસ જ માણસનો શત્રુ થાય છે, ત્યારે એ વાડી વેડાઈ જાય છે. મનુષ્યનું મન એકથી વધુ વાર ભમરા સાથે સરખાવાયું છે. આમ જોઈએ તો ભમરાનું ગજું વાડીને વેડવાનું નથી, પણ મન જ્યારે ભમરો થાય ત્યારે ભલભલી વાડીઓ વીખાય, માળાઓ ચૂંથાય. વાડી પણ મારી અને ભમરો પણ મારો. આમ, મારું જ મને મારી નાખે. એક સીધીસાદી મારી વિનંતી છે ભમરાને કે વાડી વેડીશ મા. તું અહીં રહે, ગમે એવું ગુંજન કર. આ ગુંજનમાં પણ નામસ્મરણ હોય તો ઉત્તમ.

મારી વાડીમાં માનસરોવર છે. મનસરોવર અને માનસરોવર વચ્ચે એક કાનાનો જ ફેર છે. વાડીમાં જો ક્હાનો હોય તો મનસરોવર માનસરોવર થાય. કવિ ભમરાને કહે છે કે તું નહાજેધોજે, પણ એનાં પાણીને ડહોળતો નહીં. સૌથી વધુ બીક આપણને આપણી જ લાગતી હોય છે. ક્યારે પાણી ડહોળાઈ જશે એ કહેવાય નહીં. હળવું ગુંજન ક્યારે ગાજશે એનાં ખ્યાલ કે ખબર નથી હોતાં. વાડીમાં ફૂલો છે અથવા ફૂલો છે એને કારણે તો વાડી છે. આ પંક્તિમાં કેવળ કાવ્યાત્મકતા નથી, પણ હળવું છતાં સહેજ પણ નકારવા જેવું નહીં; પણ સામે ચાલીને સ્વીકારવા જેવું, અત્તરના પૂમડા જેવું તત્ત્વજ્ઞાન છે. કવિ કહે છે, આ ફૂલની ફોરમ લેજે, પણ એની કળીઓને તોડતો નહીં. સંસારમાં રહીને અપરિગ્રહ

કઈ રીતે રાખી શકાય, એવું કાવ્યાત્મક વ્યાકરણ છે, જીવનની કિતાબની શુદ્ધિ જાળવતું. ફૂલ કે કળીને તોડીએ છીએ ત્યારે એના માલિક થઈએ છીએ અને એનું ફૂલત્વ, ફોરમત્વ ગુમાવી બેસીએ છીએ. કોઈ પણ જીવંત વસ્તુને પઝેસ કરવી એનો અર્થ એટલો જ કે એને ચીજવસ્તુ બનાવી દેવી અને ચીજવસ્તુ બને પછી એમાં જીવ ન હોય અને જે નિર્જીવ હોય તે મડદું હોય. માણસે મડદાના માલિક થવામાં શું કામ રસ લેવો જોઈએ. જીવ અને શિવની સરખાસરખી જોડી છે. આ જોડીને તોડવાનો કોઈ અર્થ નથી; પણ ભમરીલું મન શિવને જ ભૂલે તો એ જોડી તૂટે અને આ જોડી અખંડ રહે એવી જ પ્રાર્થના છે.

જયંત પાઠકનું ગીત આ પદની પડખે મૂકીએ તો બંને એકમેકની સામસામું અજવાળું પાથરે એમ છે :

મન ભમરા કે મત ભટકો.
એક વખત લાગ્યો ના છૂટશે ચંચલતાનો ચટકો.
રત રતનાં ફૂલનાં મધુપ્રાશન,
દલ દલનાં કોમલતમ આસન;

આ જગબાગ વિશે આકર્ષક કલી કલીનો લટકો
રૂપરંગની વિધવિધ રમણા
આ સુન્દર, સુન્દરની ભ્રમણા;

ભોગવી ભોગવી આખર હૈંવો ખૂટી ગયાનો ખટકો.
સ્વૈર ભ્રમણ અવ છોડ અધીરા,
વિષયોની   ઉન્માદક   મદિરા.
એના ચરણકમલદલપ્રાન્તે તવ ઉડ્ડયનો અટકો.

જુગતરામ દવે - અંતરપટ

અંતરપટ આ અદીઠ! અરેરે! આડું અંતરપટ આ અદીઠ!
અહીં મેં માંડી, તહીં તે માંડી, આંખની આતુર મીટ;
પળ ઊપડી પટ પુનઃ બિડાયું, વા વાયો વિપરીત.

અરેરે!...
તું મારાં -- હું તારાં ઝીલું વિરહે વ્યાકુળ ગીત;
રાગ સુણ્યો પણ રંગ ન રેલ્યો, વસમું એ સંગીત.

અરેરે!...
આ પા ઊછળે, તે પા ઊછળે, હૃદયો ભરી ભરી પ્રીત;

આકર્ષણ, પણ સ્પર્શ નહીં ક્ષણ, ચેન પડે નહિ ચિત્ત.

અરેરે!...
ખીણ કે ખાડી, નદી નથી આડી, વંડી વાડ કે ભીત;
હાથ ચડે નહીં તોય નડે, આ ઝાકળઝીણું ચીર.

જુગતરામ દવેનું ધ્યેય ક્યારેય સાહિત્ય નહોતું. એમનું ધ્યેય તો હતું સમાજસેવા. એ આજે પણ ઓળખાય છે `વેડછીના વડલા' તરીકે. એમની પાસેથી આપણને થોડુંક સાહિત્ય પણ મળ્યું છે. આ એમનું કોઈને પણ ગમી જાય એવું પદ છે; આકરા વિવેચકોની કસોટીમાંથી પણ પાર પડી શકે.

આપણી અને ઈશ્વરની વચ્ચે એક પટ છે, પડદો છે, ઘૂંઘટ છે, નકાબ છે. એક ન થવા માટે આટલો અંતરાય પૂરતો છે. આ પડદો દેખાતો નથી, પણ પડદો છે એ હકીકત છે ને એની વેદના છે, જે વેદના ઉપાડની પંક્તિમાં `અરેરે' દ્વારા વ્યક્ત થઈ છે. ઈશ્વરને પામવા માટે મીટ તો ચારે બાજુએ માંડીએ; એકાદ ક્ષણ માંડ પટ ઊપડ્યો, પાછો બિડાયો, વિપરીત પવન વાયો, ઝાંખી સાક્ષાત્કારમાં પરિણમી નહીં. ક્ષણનો પણ સાક્ષાત્કાર થાય અને એનું સાતત્ય જળવાય તો આંખનાં ઉપવાસ-વ્રત પૂરાં થાય. જેવો મને ઈશ્વરના વિરહનો અનુભવ છે, એવો ઈશ્વરને પણ હોઈ શકે. આ વિરહનાં વ્યાકુળ ગીત ક્યાંક તો ઝિલાતાં હશે. રાગ સંભળાય છે, પણ એ રાગને અંતે આનંદનો રંગ રેલાતો નથી, એની વ્યથા છે અને રાગ

અને અનુરાગ હોવા છતાંયે અનુબંધ બંધાતો નથી, એટલે સંગીત વસમું લાગે છે. આમ તો હૃદયમાં ઊછળે છે પ્રેમનો પારાવાર. પૂરતું આકર્ષણ છે, ક્ષણભરનું પણ ચેન નથી, પણ આભાસ છે -- સાક્ષાત્કારનો સ્પર્શ નથી. એક લોકગીતમાં આવે છે કે, `રામા, કાશીના લોકોને પૂછ્યું અહીંથી ભાગીરથી કેટલે દૂર? / ધરમીને મન ઢૂંકડું ને પાપીને પગલેથી દૂર.' ઈશ્વરને પામવામાં શું આડે આવે છે? બે જણની વચ્ચે નથી ખીણ કે નથી ખાડી, નથી આડી નદી, નથી વંડીવાડ કે ભીત; તોપણ જેમ આવતો લાગે છે તેમ દૂર સરી જાય છે, એટલે હાથમાં તો આવતો જ નથી. કશું મૂઠીમાં પકડાતું નથી. તો નડે છે શું? બંનેની વચ્ચે એક ઝાકળઝીણું ચીર છે. આ ચીર તે કદાચ આપણને દગો દેતો આપણો જ સ્થૂળ કે સૂક્શ્મ

અહમ્ જ હોઈ શકે અને અહમ્ હોય તો સોહમ્ સંભળાય નહીં. આ ગીતની સરળતા સચ્ચાઈના રણકારને કારણે અને પ્રારંભથી અંત લગીના એક જ પ્રાસને કારણે સ્પર્શે છે. છેલ્લી પંક્તિમાં અભિવ્યક્તિની રીતિને વ્યાકુળતાનો પણ અનુભવ થાય છે.

તુકારામ ૦ સ્તુતિ

અમને બ્રહ્મહત્યા અવરની સ્તુતિ । પાંડુરંગ વિના નહીં કોઈ અનુભૂતિ ।।

એક જ ભાવ, અમે વિષ્ણુદાસ । બીજા કોઈ દેવનો ન લઈએ શ્વાસ ।।

મારી જીભના ટુકડા થઈ જાય હજાર । જો આમાં કાંઈ પણ થાય ફેરફાર ।।

તુકા કહે મારો આ છે સંકલ્પ । નહીં તો મને પાપ અનલ્પ ।।

સંત તુકારામ મહારાષ્ટ્રના ઉત્તમ કવિ. માત્ર મહારાષ્ટ્રના નહીં સમગ્ર રાષ્ટ્રના. ભક્તિની અભિવ્યક્તિમાંથી જે પ્રગટી એ એમની કવિતા. એમના અભંગો ઈશ્વરના

ચરણમાં મૂકેલાં ભાવસુગંધિત પુષ્પો. તુકારામ થવું એટલે ચૈતન્યને ક્ષણેક્ષણે વિકસિત કરવું. તુકારામ એમના અભંગને કારણે લોકપ્રિય હતા.

મરાઠી કવયિત્રી સંત બહિણાબાઈએ કહ્યું છે કે તુકારામના હાથની પાછળ પાંડુરંગનો હાથ છે. તુકારામે ભક્તિને અનેક રૂપે, અનેક રીતે ગાઈ છે. સંતકવિને માટે વિઠોબાથી વિશેષ કશું નથી. માતા, પિતા, બહેન, ભાઈ, પિતરાઈ, ગુરુ, તારણહાર, પોતાનો જણ, પોતાનું મન, પોતાનો વિસામો, માત્ર વિઠોબા. કવિ એમની લાક્ષણિક રીતે કહે છે :

કોઠમડાં પાકે ને કડવાશ જાય I પાંડુરંગની આવી લીલા કહેવાય II

કામ ક્રોધ લોભ બધા થઈ ગયા ચૂપ | સૃષ્ટિ આખી આનંદસ્વરૂપ ||

આ અભંગમાં જીવનનિષ્ઠ ભક્તિની વાત છે. `એક વાર જે દેવ સ્થાપ્યા તે સ્થાપ્યા' જેને સ્થાપ્યા છે તેને કદી ઉથાપાય નહીં. પાંડુરંગ સિવાય અન્ય કોઈ પણ નહીં. આ ભવમાં જો કોઈ એકની જ અનુભૂતિ હોય તો તે પાંડુરંગની. ભલે એને હજાર નામે બોલાવીએ. નામ જુદાં પણ દેવ તો એક જ. પાંડુરંગ સિવાય જો કોઈ અવરની સ્તુતિ થાય તો એ બ્રહ્મહત્યા જેટલું પાપ છે. અમે દાસ એકલા વિષ્ણુના એટલે કે, એકલા પાંડુરંગના. શ્વાસમાં બીજા કોઈનું નામ નહીં. બે પંક્તિ યાદ આવે છે :

શ્વાસની આ તો આવનજાવન

એને તારું નામ દીધું છે
મેં તો તારા હોઠનું અમરત
આંખ ભરીને આમ પીધું છે.

ભૂલેચૂકે જો આ જીભ કોઈનું પણ નામ રટે તો જીભના હજાર ટુકડા થઈ જાય. એમાં કશો ફેરફાર ન થાય. બીજા કોઈનું નામ ન લેવું એ જ મારો સંકલ્પ છે. જો આ સંકલ્પ તૂટે તો અનલ્પ પાપનો હું અપરાધી કહેવાઉ. આ અભંગ સાથે એમનું એક બીજું અભંગ પણ જોવા જેવું છે :

અહંકાર-શૂન્ય કર્યું શરીર । પાંડુરંગને ત્યાં કર્યા સ્થિર ।।

લાલનપાલન એમનું કામ | દેહનું મેં તો સોપ્યું તમામ ||
અહમ્નું મરણ ને એમનો વાસ | જ્યોતિ પ્રગટ થઈ અવિનાશ ||
એક ઘા ને અહમ્નો નાશ | હવે વાણીને નથી અવકાશ ||

રામનારાયણ પાઠકે ક્યાંક લખ્યું છે કે સંતોની પરિષદ હોય તો એમાં નરસિંહથી માંડીને કેટકેટલા સંતો હોઈ શકે. માની લો કે આવી પરિષદ ભરાય તો એમાં તુકારામ પણ અગ્રસ્થાને હોય. જોકે શું નરસિંહ કે શું તુકારામ, એમને આવી પરિષદની લેવાદેવા જ ન હોય. તુકારામનું નામ આપણી સમગ્ર આધ્યાત્મિક કવિતામાં તારેતારે રણઝણતું રહેવાનું. અભંગોમાં ક્યારેક તુકારામ સીધેસીધું આત્મનિવેદન કરે છે તો ક્યારેક દૃષ્ટાંતો કે ઉદાહરણોથી કામ પાર પાડે છે.

દયારામ - નિશ્ચેના મહેલમાં વસે

નિશ્ચેના મહેલમાં વસે મારો વ્હાલમો, વસે વ્રજલાડીલો રે!
જે રે જાયે તે ઝાંખી પામે જી રે!
ભૂલા ભમે તે બીજા સદનમાં શોધે રે, હરિ ના મળે એકે ઠામે રે!
સત્સંગ દેશમાં ભક્તિનગર છે રે, પ્રેમની પોળ પૂછી જાજો રે!
વિરહતાપપોળીઆને મળી મહોલે પેસજો રે,
સેવાસીડી ચડી ભેળા થાજો રે!

દીનતાપાત્રમાં મનમણિ મૂકીને ભેટ ભગવંતજીને કરજો રે!
હુંભાવપુંભાવ નોછાવર કરીને રે શ્રીગિરિધરવર તમો વરજો રે!

એ રે મંડાણનું મૂળ હરિઇચ્છા રે, કૃપા વિના સિદ્ધ ન થાયે રે!
શ્રીવલ્લભશરણ થકી સહુ પડે સહેલું રે દૈવી જન પ્રતિ દયો ગાયે રે!

કૃષ્ણ જેવો કોઈ પ્રિયતમ નથી. એના જેવો કોઈ પ્રિયતમ-પ્રભુ નથી, પણ કૃષ્ણની મુશ્કેલી એ છે કે એ હંમેશાં ગોકુળ અને વૃંદાવનમાં રહેતા નથી. કૃષ્ણ ગોવાળિયો છે અને વળી પાછો રાજા છે. ગોપીઓને ઝૂરતી મૂકીને એ મથુરા પણ જાય. ગોપીઓ તો `ભોળી ભરવાડણ' જેવી. જે જાય છે એને શોધવાનો છે. જે એક વાર મળ્યો છે એને પામવાનો છે. હોઠ પર નામ છે પણ એનું સરનામું ક્યાં? આંખ `હરિદર્શનની પ્યાસી' છે. જે માણસ પરિસ્થિતિને સ્વીકારે છે એ માણસ જ પરિસ્થિતિનો ઉકેલ શોધી શકે છે.

દયારામની ગોપી જેટલી શૃંગારરસિક છે એટલી જ મનની માર્મિક છે. કૃષ્ણ ગયો છે છતાં ગયો જ નથી. કૃષ્ણનું નામ તો આપણે બોલીએ છીએ. એ તો એને `મારો વ્હાલમો' કહે છે. મારો શબ્દ અધિકારસૂચક છે અને આ અધિકાર એ પ્રેમનો અધિકાર છે. ગોપીને માટે હવે હરિવર ગોકુળની મઢૂલીમાં પણ નથી અને મથુરાના મહેલમાં પણ નથી. તાલાવેલી તો એટલી જ છે, પણ પ્રેમનો સ્થાયીભાવ એને વેવલાઈ સુધી નથી લઈ જતો, એ તો ખુમારીથી કહે છે કે મારો વાલમ મારા નિશ્ચયના મહેલમાં, મારા સંકલ્પના સદનમાં, મારી શ્રદ્ધાના ભવનમાં રહ્યો છે. બહાર જોવાનાં વલખાં મારવા વ્યર્થ છે. વ્રજનો આ લાડકો તો મારી

ભીતર છે. ઘાંઘાં થઈને જો એને કોઈક એક શહેરમાં, કોઈક એક પોળમાં, કોઈક એક સદનમાં શોધશો તો ભોઠા પડીને પાછા આવશો.

ગોપીને પોતાને જ સરનામું મળી ગયું છે. એ સરનામું નકશા પરનું કોઈ બિંદુ નથી પણ ભક્તિનો પારાવાર સિંધુ છે. કૃષ્ણ એમ ને એમ ન મળે. ગુરુકૃપાથી મળે. સત્સંગથી મળે. સત્સંગ નામનો એક મહાન દેશ છે. મહાન કરતાં વિરાટ દેશ છે એમ કહેવું વધુ યોગ્ય છે. આ દેશમાં ભક્તિનગર છે અને એ નગરમાં પ્રેમની પોળ છે. કવિએ ઉઘાડીને વાત કરી છે અને છતાંયે આ સરનામું આપ્યું તોપણ પ્રત્યેક જીવ માટે ત્યાં પહોચવું શક્ય નથી. કવિએ ભક્તિને પ્રથમ સ્થાન આપ્યું છે, પણ કેવળ ભક્તિ પૂરતી નથી. ભક્તિ પછી પ્રેમ છે.

પ્રેમલક્ષણાભક્તિની વાત છે. જે ભક્તિનું લક્ષણ જ પ્રેમ હોય તે પ્રેમલક્ષણાભક્તિ. જેમણે વિરહને ઊંડાણથી જીરવ્યો છે એને પૂછશો તો કદાચ ત્યાં પહોચવાનો માર્ગ અને પ્રવેશ મળે તો મળે. એના મહેલમાં પહોચવું એ સહેલું નથી. એનો મહેલ એટલે ગોપીનો નિશ્ચે મહેલ. કેટલો મોટો મહેલ હશે એ. સેવાની સીડીઓ હોય તો જ પગથિયેપગથિયે ચઢીને મોહનને--મનમોહનને પહોચી શકાય.

નિશ્ચય કરીએ એટલું પૂરતું નથી. સંકલ્પ ગમે એટલો સબળ હોય પણ એની બાહ્ય તાકાત કે આંતરતાકાત પૂરતી નથી. જે માણસ ઈશ્વર સાથે જોડાય છે એના સંકલ્પમાં આપોઆપ નમ્રતા પ્રગટે છે. આ દીનતા--નમ્રતાના પાત્રમાં તમારે તમારો મનમણિ મૂકવાનો છે. મન તો આપણું `ઇન્દ્રિયોના ચાળે' ચઢેલું

હોય છે. મનમણિ મૂકવાનો છે એનો અર્થ એવો કે આપણે આપણા અહંકારમુક્ત મનને નમ્રતાની છાબમાં મૂકવાનો છે. આ છાબ લઈને આપણે ભેટસોગાતરૂપે ઈશ્વરને ચરણે મૂકવાની છે. રજનીશજીએ એક ઠેકાણે કહ્યું હતું કે આપણે ઈશ્વર પાસે બે હાથ જોડીને ઊભા રહીએ છીએ એનો અર્થ એટલો જ કે આપણે આપણી વિરોધી વૃત્તિઓને ત્યજી દઈને એક જ વૃત્તિમાં સ્થિર થઈએ છીએ. ઈશ્વર પાસે માથું નમાવીએ છીએ એનો અર્થ એટલો જ કે આપણે આપણા અહમ્‌ને એના ચરણકમળમાં -- શરણકમળમાં મૂકીએ છીએ. પછી `હું' ભાવ નથી રહેતો. પુભાવ એટલે પુરુષભાવ પણ નથી રહેતો. આપણું સર્વસ્વ ન્યોછાવર કરી દઈએ અને

લિંગભેદથી પર થઈ જઈએ ત્યારે શ્રીગિરધરવર સાથે આપણાં લગનીભર્યાં લગ્ન થાય.

વાત કહેતા તો કહી દીધી કે મારો વ્હાલમો નિશ્ચેના મહેલમાં વસે છે, પણ આ સંકલ્પનું બળ પણ હરિઇચ્છા વિના શક્ય નથી. હરિની કૃપા વિના હરિની ઇચ્છા પળ ન પ્રગટે. એક વાર વલ્લભનું શરણ મળે પછી બધું જ સહેલું અને સમુંસૂતરું છે. વહાલમથી વલ્લભ સુધીની આ ભક્તિયાત્રા છે.

દયારામ o મનજી ! મુસાફર રે

મનજી ! મુસાફર રે ! ચાલો નિજદેશ ભણી !
મુલક ઘણા જોયા રે ! મુસાફરી થઈ છે ઘણી !

સ્વપુર જવાનો પંથ આવ્યો છે, રખે ભૂલતા ભાઈ !
ફરીને મારગ મળવો છે નહીં એવી તો અવળાઈ,
સમજીને સુધા રે ! ના જાશો ડાબા કે જમણી. મનજી !

વચ્ચે ફાંસીઆ વાટ મારવાને બેઠા છે બેચાર,
માટે વળાવા રાખો બેત્રણેક ત્યારે તેનો નહીં ભાર;
મળ્યો છે એક ભેદુ રે ! બતાવી ગતિ સહુ તે તણી. મનજી !

હાવાં માલ વહોરો શેઠના નામનો થાય ના ક્યહું અટકાવ,
આપણે કરતાં જોખમ આવે, ફાવે દાણીનો દાવ,
એટલા સારુ રે ! ના થાવું વહોરતના ધણી. મનજી !

જો જો જુગ થકી જાવું છે, કરજો સંભાળીને કામ,
દાસ દયાને એમ ગમે છે હાવાં જઈએ પોતાને ધામ,
સૂઝે છે હાવાં એવું રે ! અવધ થઈ છે આપણી ! મનજી !

દયારામની કવિતા એટલે શૃંગારરસનું સરોવર. આ સરોવરમાંથી પણ વૈરાગ્યભક્તિનાં કમળ ખીલ્યાં છે અને આમ એમનાં આ કમળો જલકમલવત્

રહ્યાં છે. કાવ્યશાસ્ત્રને આધારે જ્યારે કવિતાનું વિવેચન કરીએ છીએ ત્યારે આપણે કવિતાની પરિભાષા અને એના વ્યાકરણમાં સરી પડીએ છીએ. સહજપણે કવિતાની વાત કરીએ છીએ ત્યારે આપણે કવિતાના આનંદને પ્રગટ કરીએ છીએ. કોઈકે કહ્યું છે કે કવિતાને માણવી હોય તો Interpretation અને Interpenetrationની કળા ભાવકને પક્ષે હોય તો એના ઊંડાણને પામી શકાય.

આ કાવ્ય મનને સંબોધીને છે. મન આપણું હોય છે પણ એ આપણામાં જ રહીને આપણને હેરાનપરેશાન કરે છે. મન આપણું સાંભળતું નથી અને આપણે આખી જિંદગી મનનું સાંભળીએ છીએ અને એના ઓશિયાળા થઈ જઈએ છીએ. માણસનું મન એ સામાન્ય રીતે શ્રીમંતના ફટવી મૂકેલા સંતાન જેવું છે. મન

પાસેથી ધાર્યું કામ કઢાવવું એ ભારે કપરું કામ છે, કારણ કે આપણે મનને એક એવી ટેવ પાડી છે કે મન આપણી પાસેથી ધાર્યું કરાવે.

અહીં મનને `મનજી' કહીને સંબોધે છે. ફટવેલા મન પાસેથી ધાર્યું કામ કરાવવું હોય તો આટલા ભાઈબાપા કરવા પડે. મન રખડું છે, ભટકું છે, ચંચળ છે, એની પાસે કોઈ નકશો નથી, નર્યો સ્વચ્છંદી નશો છે. આ મનને કવિ કહે છે કે આજ લગી ઘણી મુસાફરી કરી, ખૂબ રખડ્યા, અનેક મુલકો જોયા, અનેક અનુભવો લીધા. હવે ક્યાંક આની હદ આવવી જોઈએ. હદનો ખ્યાલ આવે પછી જ અનહદમાં જવાય. ઘણું રખડ્યા પણ સ્વપુરને અવગણીને. છેવટે તો માણસે

નિજધામ તરફ એટલે કે જીવનમાંથી મરણ તરફ એટલે કે મોક્ષ તરફ જવાનું હોય. આત્માએ પરમાત્મા તરફ વળવાનું હોય.

પારકા દેશમાં પાન ખાઈને પદમશી થયા હોઈએ એવી રીતે ઘણું મહાલ્યા. પોતાના દેશ તરફ ક્યાં જોયું ? બહારનો સંબંધ રાખ્યો ભીતરને અવગણીને. આ રસ્તા તરફ જવું સહેલું નથી. એક વાર સંકલ્પ કર્યો પછી નાકની દાંડીએ નીકળી જવા જેવું છે. આ રસ્તો જીવનમાં એક જ વાર મળે છે. ક્યાંક ડાબે-જમણે થયા, ક્યાંક આડાઅવળા થયા તો ચરણ ચાલ ને તાલ બંને ચૂકી જશે. અંદરવટિયા થવું હોય તો બહારવટિયાનો મુકાબલો કરવો પડે. રસ્તામાં કામ, ક્રોધ, લોભ, મદ, મોહ કેટલાય બહારવટિયાઓ છે.

માણસ સાદો પ્રવાસ કરે તોપણ પાસે જેટલો માલસામાન ઓછો હોય તો હળવો થઈને ચાલે. લૂંટાવાનો ભય નહીં. જીવનમાં પણ માણસે Travel Lightlyનો સિદ્ધાંત રાખવો જોઈએ. અને જે કંઈ દાગીનાઓ છે એ આપણા છે જ નહીં, દામોદર શેઠના છે. આપણે ક્યાંય પણ ધણી થઈને બેઠા એટલે આવી બન્યું. જખમ અને જોખમ આપણે જ વેઠવાં પડે.

પોતાને ધામ જઈએ ત્યારે જેટલું ઓછું એટલું સારું. ઘણો પ્રવાસ કર્યો; હવે તો અવધ આવી ગઈ છે. અત્યાર સુધીનો જે હતો એ પ્રવાસ હતો. હવે યાત્રાનો પ્રારંભ થાય છે. અંતમાંથી અનંત તરફ જવાની અહીં વાત છે.

દયારામ આ પદમાં અણસમજુ મનને સમજણ આપતાં આપતાં લયબદ્ધ વાત કરે છે. આ લયનો જાદુ એવો છે કે આપણા કવિ ન્હાનાલાલે પણ એક કાવ્ય કર્યું છે : `મારાં નયણાંની આળસ રે ન નિરખ્યા હરિને જરી'. લયને રસ્તે જતાંજતાં દયારામે સંસારને સમેટવાના વિલયનું કાવ્ય કરીને નવા પ્રદેશના ઉદય તરફ આંગળી ચીધી છે.

નરસિંહ મહેતા - ગોકુલ વહેલા પધારજો

ગોકુલ વહેલા પધારજો રે;
મથુરા જાવ તો મારા સમ હો લાલ. ગોકુલ૦
રથ જોડીને અક્રૂર આવિયા રે;
એ તો મને દુખડાંના દેનાર હો લાલ. ગોકુલ૦
ઓ જાય, ઓ જાય, રથ મારા નાથનો રે;
માંહે બેઠા હળધર વીર હો લાલ. ગોકુલ૦
આગળ રાધાજી ઊભાં રહ્યાં રે;
મારા હૃદિયા પર રથ ખેડ હો લાલ. ગોકુલ૦
મહેતા નરસિંહનો સ્વામી શામળો રે;

વહાલે મારે રમાડ્યા છે રાસ હો લાલ.   ગોકુલ૦

રાધાની પાંપણો પર તોળાઈ રહેલા આંસુના પારદર્શક ટીપા જેટલા આ નાનકડા પદમાં આપણા આદ્યકવિ નરસિંહ મહેતાએ ભક્તિનું ને વિરહનું એક નાનકડું જીવન ચીતરી આપ્યું છે! આ જાણીતા પદને સૂરની બંદિશમાં અનેક કલાકારોએ બેસાડ્યું છે. એક વખત શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય પાસે સાંભળેલું, સ્વરના આરોહ-અવરોહથી અને શબ્દનાં વિવિધ ઉચ્ચારણોથી આ પદમાં રહેલ વિનંતી અને આજ્ઞાના વિરોધમૂલક ભાવોને પુરુષોત્તમ ઊપસાવી શક્યા હતા એ સ્મરણ હજી તાજું જ છે.

મિલનના લલાટ ઉપર વિરહનું રાતુંચોળ તિલક તો ચિરયૌવનનો અભિશાપ લઈને વળગેલું જ છે. કોઈ જતું હોય. કોઈ લઈ જતું હોય. કોઈ `વેદનાનું વરદાન દઈ' જતું હોય ત્યારે અમળાતા હૃદયને શી રીતે વાચા આપવી? જવું અનિવાર્ય જ છે એવો સંદેશો આપવા અને અપાવવાનું સમજાવવા અક્રૂર આવિયા છે. કૃષ્ણનો આ મિત્ર ગોપીઓને અને રાધાને `ક્રૂર' જ લાગે ને! પણ કર્તવ્યની વેદી પર હોમાઈ જતું હૈયું `મારા સમ'ની આણ રચવા સિવાય બીજું કરી પણ શું શકે? આ કંડારેલા દુ:ખ જેવા પદને અંતે નરસિંહ વહાલે રમાડેલા રાસની યાદ તાજી કરાવે છે... ગમે તેવું દુ:ખ હોય તોપણ પ્રિય વ્યક્તિનું અશુભ

કેમ વાંછી શકાય! એક સંસ્કૃત શ્લોકનો શ્રી મકરન્દ દવેએ કરેલો અનુવાદ યાદ કરવા જેવો છે :

`ના જાઓ!' વચનો અમંગળ, ન હેતાળ `લ્યો, આવજો!'
રોક્યે મોટપ, ને `ગમે ત્યમ કરો!' એમાં ઉદાસીનતા;
`જો જો હો! નહિ જીવશું તમ વિના' -- એ તો બને ના બને
તેથી કૃષ્ણ, ખરાં વિદાયવચનો જાતાં મને શીખવો.

આ પદમાં તો પેલા ક્રૂર અક્રૂરને `મને દુખડાંના દેનાર' કહે છે અને રથની આગળ ઊભેલી રાધા `મારા હૃદિયા પર રથ ખેડ' એટલું જ કહીને પોતાના હૃદયની

અકથ્ય વેદનાને વાચા આપે છે. પેલા રથમાં તો ગતિ છે જેને `ઓ જાય, ઓ જાય' કહીને કવિ ચિત્રિત કરે છે, પણ આ રથના જે ચીલા રાધાના હૃદયમાં પડ્યા છે તે તો કેમે કરીને, કાળે કરીને પણ ભૂંસાવાના નહીં, ચીલામાં કચડાતી કાંકરીનો કચડાટ અને કચવાટ સદાસદૈવ પોતાના હૃદયમાં જીવતો રાખવાની રાધાના હૈયાની હામને જ આપણે તો ગાવી રહી! પોતા વતી અને ગોપીઓ વતી રાસ `લીલા'ના આનંદને કવિ ગાય છે એમાં તો વેદનાનું મસાણ સોસો મશાલો લઈને બેઠું થાય છે. પ્રિય વ્યક્તિના ગયા પછી સમય કાચબો થઈને ઢસડાય છે. એટલે જ એ અખૂટ સમયરણમાં ગોપીની--રાધાની--નારીની આસક્તિ અને ભક્તિ, લગાવ અને લગની અહીં ઉક્તિ પામે છે.

પ્રાચીન કે મધ્યકાલીન કૃતિઓ લોકકંઠે માળો બાંધીને વર્ષો સુધી રહેલી એટલે એમાં પાઠફેર ન આવે તો જ નવાઈ... `ગોકુલ વહેલા પધારજો રે' ને પાઠફેરથી `વહેલેરા' પણ બોલાય છે. હજી તો અક્રૂર લેવા આવ્યા ત્યાં તો લઈને ગયા પણ ખરા. રાધાના હૃદયને ખેડીને રથ તો ગયો,... પણ પેલો `રથિન' તો તેના હૃદય ઉપર ખોડાઈ જ ગયો છે! વ્યક્તિની આવનજાવનના કારણે શાશ્વત અને સનાતન પ્રેમને આંચ આવતી નથી... શાંતિની ભ્રમણામાં જીવનાર વ્યક્તિ પોતાની આંખ સામે ને આંખની ભીતર પ્રજ્વળતી શ્રદ્ધાની મશાલને પરમાણી કે માણી ન શકે... એ તો એટલું જ!

જગદીશ જોષી

નરસિંહ મહેતા - મેહુલો ગાજે ને માધવ નાચે

મેહુલો ગાજે ને માધવ નાચે, રૂમઝૂમ વાગે પાયે ઘૂઘરડી રે,
તાલ પખાજ વજાડે રે ગોપી, વહાલો વજાડે વેણુ વાંસલડી રે. મે૦

પહેરણ ચીર, ચરણા ને ચોળી, ઓઢણ આછી લોબરડી રે;
દાદુર, મોર, બપૈયા બોલે, મધુરી શી બોલે કોયલડી રે. મે૦

ધન વંસીવટ, ધન જમનાતટ, ધન ધન આ અવતાર રે;
ધન નરસૈંયાની જીભલડીને, જેણે ગાયો રાગ મલ્હાર રે. મે૦

નરસિંહ મહેતા ગુજરાતી ભાષાના આદિકવિ. આ બધા કવિઓને વાંચીએ ત્યારે એમ થયા કરે કે આ કવિઓએ લખ્યું નથી. એમનાથી લખાઈ ગયું છે. જીવનના સમ-વિષમ અનુભવોને અનુભવી છતાંય એને ગાળી-ટાળીને નર્યા આનંદના ઉદ્ગારનાં કેટલાંક કાવ્યો એવાં આલેખ્યાં છે કે એની લિપિ શિલાલેખની જેમ ગુજરાતી કવિતામાં અમર થવાને સર્જાયેલી છે. મૂળ તો ઈશ્વર પ્રત્યેની દૃઢ ભક્તિ. એક કાવ્યમાં કહે છે એમ ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાંહી રે.

આ ભક્તિવશ જીવ ક્યારેક નિરતિશય આનંદની લીલાનું કાવ્ય કરી બેસે છે ત્યારે એનું કેટલું સુભગ, સંગીતમય અને આહ્લાદક પરિણામ આવી શકે એનું આ નાનકડું પદ ઉત્તમ ઉદાહરણરૂપે છે. વાત સાવ સીધી, સાદી, નાની છે. પણ એનો

ઊર્મિઉછાળો કોઈ જુદા જ સ્તર પર આપણને લઈ જાય છે. મીરાં જેમ `રાજા તારા ડુંગરિયા પર બોલે ઝીણા મોર' એમ બારીક ધ્વનિને સાંભળી શકી તેમ અહીં ધ્વનિનું, અવાજનું આદમકદ રૂપ છે. વર્ષાનું વાતાવરણ ઘેરાયું છે. અહીં વિરહની કોઈ વાત નથી. અહીં હૃદયનો કોઈ વલોપાત નથી. નર્યો આનંદ છે. નરવો આનંદ છે. અંગે-અંગમાં રોમાંચિત સંગીતના ધ્વનિ પ્રગટે છે. મેહુલો ગાજે ને માધવ નાચે. રજનીશજી કહેતા કે કૃષ્ણ એ એક જ ઈશ્વર એવા છે જે મન મૂકીને નાચી શકે છે. He is a Dancing God. સહેજ મેહુલો ગાજે ત્યાં માધવ નાચવા મંડે. ઈશ્વર જેવો ઈશ્વર પ્રકૃતિને તાલ આપતો નાચે ત્યારે ગોપીઓ તો કઈ રીતે પોતાની જાતને રોકીટોકી શકે. એમના પગમાં ઘૂઘરીનો રણકાર છે.

અહીં અવાજનાં અનેક રૂપો છે. મેહુલાના ગાજવાનો અવાજ. ગોપીના પગની ઘૂઘરડીનો અવાજ. તાલ-પખવાજનો અવાજ અને આ બધા અવાજના મેળામાં વહાલાની વાંસળીના અવાજનું સૌંદર્ય અને સ્વરૂપ. એવું જ નથી કે અહીં કૃષ્ણ અને ગોપીઓ જ નાચે છે. સમગ્ર પ્રકૃતિ પણ જાણે કે કૃષ્ણની ગોપિકા થઈને પોતપોતાના આનંદને અભિવ્યક્ત કરતી અવાજની કેલી પ્રગટ કરે છે. દાદુર, મોર, બપૈયા અને કોયલ કંઈકેટલા વિવિધ કંઠ અહીં સુરીલા થઈને પ્રકટે છે. ચારે બાજુ સંવાદ છે. બધા જ મગ્ન છે. પોશાક પણ આછો છે. એ પણ સાંકેતિક છે. વર્ષાઋતુ ઢાંકપિછોડાની નથી. ભીજાઈ જઈને તરબોળ થવાની છે. કશું અપ્રકટ રાખવું જ નથી. કોઈ ઢાંકપિછોડો નથી કે નથી કોઈ છોછ. ઓઢણ પણ

આછું જ છે. બધું જ લગભગ અનાવૃત્ત. એટલું જ નહીં પણ હૃદયમાં છુપાયેલી લાગણી એ નર્તન દ્વારા, ઘૂંઘર દ્વારા, વાંસળી દ્વારા ભલે બેફામ રીતે પ્રગટ થાય. વેણીભાઈ પુરોહિતની પંક્તિ યાદ આવે છે : `બિના છમાછમ ઝરણાં નાચે, નાચે નભના તારા! પાયલ ક્યાં પહેરે છે કોઈની નાડીના ધબકારા?' નરસિંહ મહેતાએ ગાયું છે `આજની ઘડી તે રળિયામણી.' તો આ રળિયામણી ઘડી તે જમના-તટને, બંસીવટને ધન્ય કરી મૂકતી સહજ આનંદનૃત્યની ઘડી. આ ક્ષણ મળે એનો અવતાર ધન્ય થઈ જાય અને નરસિંહની જીભ પર તો વર્ષાને ઇજન આપે એવો મોહન-સંમોહનનો મલ્હાર રાગ છે. આખી કવિતામાં ઇકારાન્તનો ઉપયોગ એવી સરસ રીતે થયો છે કે કોઈ પાકા કાનનો કવિ જ આવું લખી શકે.

નરસિંહ મહેતા - રામસભામાં

રામસભામાં અમે રમવાને ગ્યાં'તાં,
પસલી ભરીને રસ પીધો, હરિનો રસ પૂરણ પીધો.

પહેલો પિયાલો મારા સદ્ગુરુએ પાયો,
બીજે પિયાલે રંગની રેલી,
ત્રીજો પિયાલો મારા રોમે રોમે વ્યાપ્યો,
ચોથે પિયાલે થઈ છું ઘેલી.

રસબસ એકરૂપ થઈ રસિયા સાથે,
વાત ન સૂઝે બીજી વાટે.

મોટા જોગેશ્વર જેને સ્વપ્ને ન આવે,
તે મારા મંદિરિયામાં મહાલે.

અખંડ હેવાતણ મારા સદ્ગુરુએ દીધાં,
અખંડ સૌભાગી અમને કીધાં.
ભલે મળ્યા મહેતા નરસિંહના સ્વામી,
દાસી પરમ સુખ પામી.

સાઠેક વર્ષ પહેલાંની વાત છે. રેડિયો તે વખતે મુંબઈમાં નવોનવો. મુંબઈ જેવા મોટા શહેરમાં પણ થોડાંક ધનાઢ્ય ઘરોમાં રેડિયો જોવા-સાંભળવા મળે. મુંબઈ

રેડિયોકેન્દ્ર ઉપરથી તે સમયે રોજ સવારે સાતેક વાગ્યે ગુજરાતી પ્રભાતિયાં, મંગળગીત, પદ અને ભજન જેવી ભક્તિસંગીતની રચનાઓ પ્રસારિત થતી. કાર્યક્રમની શરૂઆતમાં વાદ્ય-સંગીતમાં એક વિશિષ્ટ ધૂન બજતી. એ ધૂનની મીઠાશે મારા પર જબરું કામણ કર્યું હતું. કાર્યક્રમમાં આવતાં સુંદર ગીત-ભજન કરતાંય એ ધૂન સાંભળવાના આકર્ષણને કારણે નિયત સમયે હું રેડિયો સાંભળવા બેસી જતો. આજે પણ મારા કંઠમાંથી એ વાદ્યસંગીત જેવા ધ્વનિઓ કાઢી એ ધૂન હું બરાબર સંભળાવી શકું. વરસો વીતતાં ચાલ્યાં. રેડિયો વધારે વ્યાપક, લોકપ્રિય અને વૈવિધ્ય-ભરપૂર બનતો ગયો. કાર્યક્રમો બદલાતા રહ્યા. રેડિયો સિલોનનું આક્રમણ થયું. મને ગમતી પેલી ધૂન વાગતી બંધ થઈ. વર્ષો સુધી એ

ધૂન સાંભળવા ન મળી, પણ મારા ચિત્તમાં તેની સ્મરણ-રેખાઓ અકબંધ જળવાઈ રહી. હું સમજું છું ત્યાં સુધી એ ધૂનમાં મધ્યકાલીન પ્રભાતિયાંનો ઢાળ વાદ્યસંગીતમાં બદ્ધ થયો હતો.

પચીસેક વર્ષ પછી 1968-69ના અરસામાં એ ઢાળની ધૂન મને એકાએક ફરી સાંભળવા મળી. આ વખતે એ ધૂનના સંગીત સાથે શબ્દો પણ અંકિત થયા હતા. સંજોગ કંઈક આવી રીતે બન્યો : સંગીતકાર હરેશ બક્શી સાથે અનાયાસ પરિચય થયો. તેમની સાથે મૈત્રી જામી. તેમના નેજા નીચે તેમની બહેનો પારુબહેન, બંસરીબહેન અને બીજા સાથીદારો સાથે અમે અમદાવાદમાં `સંગીતિ' નામની સંસ્થા સ્થાપી હતી. `સંગીતિ'ના કાર્યક્રમોમાં નરસિંહ મહેતાનું ભજન

`રામસભામાં' પેલી મારી પ્રિય ધૂનના ઢાળમાં હરેશભાઈ સમૂહસ્વરોમાં ગવડાવતા. ભજનનો એ જ મૂળ ઢાળ હતો. સાંભળીને હું તો ખુશીથી છલકાઈ ઊઠ્યો. વર્ષોજૂના ઢાળ સાથેનાં મારાં લગાવ, ખેચાણ ને અભિસંધાનને કારણે મને તો ભજન અત્યંત ગમ્યું જ, પણ શ્રોતાઓ પણ ભજન સાથે ડોલતા, હાથ ને પગથી તાલ આપતા અને છેલ્લો અંતરો આવતાં તો ગાયક-કલાકારો સાથે ગાતા થઈ જતા! આ બયાન બતાવી આપશે કે મકરન્દ દવે કહે છે તેમ, `ભજનનો ખરો રસ તો તેના અસલી ઢાળમાં... રહેલો છે. શબ્દ વડે કહે છે તે કરતાં ભજન સૂર વડે વધુ કહે છે.' આપણા સાહિત્યમાં નરસિંહ મહેતાનું સ્થાન અનન્ય છે. ભક્તિ-કાવ્યધારાના એ સૌથી પહેલા મહત્ત્વના કવિ. એથી જ એમને

ગુજરાતના `આદિકવિ'નું બિરુદ અપાયું છે. `હૂંડી', `કુંવરબાઈનું મામેરું', `શામળદાસનો વિવાહ' જેવી આત્મચરિત્રાત્મક કૃતિઓ એમણે રચી હોવાનું મનાય છે; એ જ રીતે કૃષ્ણના જીવનપ્રસંગો આધારિત ઘણાં દીર્ઘકાવ્યો એમને નામે છે; પણ લોકહ્રદયમાં તો તેમનાં પદ, રાસ, પ્રભાતિયાં, જ્ઞાન-બોધનાં કાવ્યો અને ભજનોને કારણે જ નરસિંહ અમર રહેશે.

એમણે ભક્તિરસ આકંઠ પીધો છે અને ભરપૂર ભજનરસ પિવડાવ્યો છે. `રામસભામાં'ના ભજનમાં એમણે પિયાલા ભરીભરીને, પસલી ઉપર પસલી ભરીને ભજનરસ પાયો છે અને આપણને ભક્તિરસમાં તરબોળ કર્યા છે. ભજન ભક્તિરસનો પર્યાય બની જાય છે.

નરસિંહે મોટે ભાગે કૃષ્ણભક્તિ ગાઈ છે, વિશેષત: ગોપીઓની પ્રેમલક્ષણા ભક્તિની કૃતિઓ લખી છે, પણ પ્રસ્તુત ભજનમાં ઉલ્લેખ `રામસભા'નો થયો છે. નરસિંહ કૃષ્ણભક્ત ખરા, પણ તેમનામાં રામભક્તિ સાવ અદૃશ્ય નથી જ. `અમે રે વેવારિયા રામનામના', `પઢો રે પોપટ રાજા રામના' જેવી રચનાઓમાં તેમની રામપ્રીતિ જોવા મળે છે. સ્વ. જયંત કોઠારીએ નોધ્યું છે તેમ, `મધ્યકાલીન પરંપરામાં કેટલીક વાર રામ અને કૃષ્ણ એ નામો પર્યાય જેવાં બની ગયેલાં દેખાય છે.' મીરાંની એકનિષ્ઠ કૃષ્ણભક્તિ જાણીતી છે. `મેરો તો ગિરધર ગોપાલ દુસરો ન કોઈ.' ગાનારી મીરાંએ પણ રામનામનો છોછ રાખ્યો નથી. `રામ રમકડું જડિયું', `રામ રાખે તેમ રહીએ' કે `પાયોજી મૈ તો રામરતનધન પાયો' જેવાં ગીતો

મીરાંમાં જડે છે. રામભક્તિ અને કૃષ્ણભક્તિ જેવી ચુસ્ત-જડ ભેદભાવની સંકુચિતતા કદાચ મધ્યકાલીન સંતકવિઓમાં નહોતી. `રામસભા'ના ઉલ્લેખ કે બીજી કોઈ ઝીણી-મોટી વિગતને કારણે કોઈ `વિદ્વાન' `રામસભામાં'ને નરસિંહની કૃતિ તરીકે ન પણ સ્વીકારે, તેને કોઈ રામભક્તે લખેલી ને નરસિંહને નામે ચડાવેલી રચના પણ ગણે, તોય મારે માટે કોઈ ફેર પડતો નથી. ભજનના કર્તૃત્વનો પ્રશ્ન વિદ્વાનો ભલે ચર્ચા કરે, મને તો કર્તા જાણ્યા વગર અને અર્થ પૂરો સમજ્યા વગર પણ પ્રસ્તુત ભજનનાં સૂર, ભાવ, કાવ્યસૌંદર્ય અને હર્ષોલ્લાસ સ્પર્શી ગયેલાં, મને તે બધાંએ મળી મસ્ત ને ઘેલો કરી દીધેલો. અર્થ સમજ્યા પછી મસ્તી દ્વિગુણીત થઈ છે.

ભક્તિપરંપરામાં ગુરુનો મહિમા ભારે છે. ગુરુ વિના જ્ઞાન મળે નહીં, મારગ જડે નહીં. ગુરુ વગરનો જણ `નૂગરો' કહેવાય. આત્મપ્રેમી જ્ઞાનીઓ ભલે ગુરુ વગર ચલાવી લે, પણ ભક્તિમાર્ગી માટે તો નૂગરા કહેવાવું ગાળ જેવું લાંછન છે. સદ્ભાગી હોય તેને સાચો ગુરુ મળે. ગુરુનો ઉપદેશ એ જ અમૃતરસ. એ રસ દેગડા ભરી ન લેવાય, ખોબેખોબે ન પિવાય. એની તો પસલી(અંજલિ) જ બસ. એકએક અંજલિ એકએક પૂરણ પિયાલા બરાબર થાય.

`રામસભા' એ કંઈ રાજા રામનો દરબાર નથી. `રામસભા' તો છે રાજાઓના રાજા ઈશ્વરની આખીય સૃષ્ટિ. આપણે સૌ છીએ ચૈતન્યરૂપ આત્માના અંશ. ઈશ્વરની સૃષ્ટિમાં જીવરૂપે આવ્યા છીએ, ભમવા માટે નહીં, રમવા માટે. મનુષ્યમાત્ર

સૃષ્ટિની લીલયા માણવા, આનંદ લૂંટવા આવ્યો છે. રમતમાં ઉત્સાહ વધે કે ઓટ આવે; ઉલ્લાસની હેલી ચડે કે પીડા પડે; જીત થાય કે પરાજય મળે -- બધાંનો સ્વીકાર કરવાનો. ખેલદિલીથી ખેલ ખેલવાનો. સદ્ગુરુ સર્વપ્રથમ જ્ઞાનનો આવો પ્યાલો પાય છે. એ પેયથી અંતર ઝળાંહળાં થાય, પ્રકાશનો તેજ:પુંજ ઠલવાય, પણ ઈશ્વરનું રાજ્ય (Kingdom of God) હજી બહાર છે, દૂર છે. બીજી અંજલિ-પિયાલી ભક્તિરસની છે. જાણ્યા `તેને' હવે ભક્ત ચાહવા લાગે છે. ભક્તિનો રંગ સકળ જગતને રંગરંગીન બનાવી દે છે. ઈશ્વરના આશીર્વાદ વિશ્વને ઉજમાળું બનાવી મૂકે છે. ભક્તિમાં રમમાણ રહેનાર ભક્ત ઈશ્વરની પ્રેમિકા-ગોપી બની જાય છે. રોમેરોમમાં પ્રેમભક્તિનો જ્વર વ્યાપી જાય છે. મિલન, વ્યાકુળતા ને

વિરહમાં; સુખ, દુ:ખ કે પીડામાં -- બધાંમાં જ આનંદ-આનંદ. કેન્સર કે બીજા અનેક વ્યાધિ છતાં રામકૃષ્ણ પરમહંસ કે રમણ મહર્ષિ જેવા સંતભક્ત હર્ષ-મંગલમાં રહી શકે છે. આ છે રોમેરોમ ભક્તિનો, ત્રીજા પિયાલાનો જાદુ. ચોથે પિયાલે થાય છે દ્વૈતનો નાશ. `હું જ ઈશ્વર' આવા ઘમંડી દાવાને દુનિયા ગણે છે ઘેલછા. હા, ચોથો પિયાલો પીધો, આખરી અંજલિ લીધી કે ભક્ત ઈશ્વરઘેલો થઈ જાય છે. ચોથે પિયાલે ભક્તિ ઘેલી થઈને નાચે છે.

બીજા ને ત્રીજા પિયાલે ઈશ્વરની માશૂક થઈને ભક્ત રંગ-રમણે ચડે છે. ચોથે પિયાલે માશૂક અને આશક, ગોપી અને કૃષ્ણ, પ્રેમિકા અને પ્રેમી `રસબસ એકરૂપ' થઈ જાય છે. બીજું કંઈ સૂઝે જ શી રીતે? મોટામોટા યોગી ધ્યાન ધરીને બેસે છે,

તેમાં ધ્યાનસ્થ અને ધ્યાનના કેન્દ્રનું દ્વૈત છે. સપનામાંય યોગીને એકાકારનુ◌ં દર્શન થતું નથી ત્યારે પ્રેમિકા ગોપીને જાગતેજીવત ચૈતન્યમંદિરમાં બધું એકરૂપ થઈ જાય છે. ક્યાંય કશો વિરોધ રહેતો નથી. સદ્ગુરુએ અમૃતરસની પસલી ભરીને એવી ચૂસકીઓ પાઈ કે બધું એક થઈ ગયું. સાચા નૃત્યમાં નૃત્યાંગના નૃત્યમય થઈ જાય છે (Dance annihilates the dancer, You cannot separate the dancer from the dance). ખેલ ખેલાડીને ખેલમય કરી ઓગાળી નાખે છે. હથેળી કૃપાને ઝીલનારું પાત્ર છે. હથેળીની મધ્યમાં અંજલિ-અવકાશનો નાનકડો ગલ રચાય છે. અમૃત-પિયાલામાંથી સદ્ગુરુ હથેળીના અંજલિ-અવકાશમાં ભક્તિ-કસૂંબાની પસલી-પિયાલી ભરી આપે છે. પિયાલી પર પિયાલી ગટકગટક પિવાય છે. એ

અમૃતરસ થકી ગોપી પર અખંડ સૌભાગ્યવતીનો આનંદ-શણગાર વરસે છે. ગોપી ધન્ય થઈ ગઈ, ઈશ્વર બની ગઈ. એટલે હે મન, `પી લે, પી લે, હરિનામ કા પ્યાલા.' નરસિંહના આ ભજનમાં ઉપદેશ નથી, ભક્તિનો સ્વાનુભવ છે.

મહેશ દવે

નરસિંહ મહેતા - વૈષ્ણવજન તો તેને કહીએ

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુ:ખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ, કાછ, મન નિશ્ચળ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે.

સમદૃષ્ટિ અને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.

મોહ માયા વ્યાપે નહિ તેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;

રામનામશું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે.

વણલોભી ને કપટરહિત છે, કામ-ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈયો તેનું દરશન કરતાં, કુળ ઇકોતેર તાર્યાં રે.

નરસિંહ મહેતાનું આ પદ સાંભળ્યું તો ઘણા બધાએ હોય. ગાંધીજીને નિમિત્તે એ પ્રસિદ્ધ થયું. આ કાવ્ય એ કેવળ સાંભળવાનું નથી, પણ અંતરની આંખથી ઉકેલવાનું છે. કોઈક નવોસવો આધુનિક ઉકળાટમાં એમ પણ કહી બેસે કે આમાં તો વૈષ્ણવજનની વ્યાખ્યાઓ છે, કવિતા ક્યાં છે ? આપણે એને સમજાવવું પડે કે `સકળ તીરથ તેના તનમાં રે' એ પંક્તિમાં પણ શું તને કવિતાનો શ્વાસ નથી

સંભળાતો ? પોતાની પીડા તો બધાં જ જાણે છે, પણ પારકાંની પીડાને જાણવી અને પોતાની કરવી, અને એ પીડાને દૂર કરવા માટે થાય તે બધું જ કરી છૂટવું, એ સંતોની ક્રીડાભૂમિ છે. માણસો કોઈનું દુ:ખ જોઈને દ્રવી જાય અને આવેશમાં એના પર ઉપકાર પણ કરે, પણ પછી ઉપકારના લાઉડ-સ્પીકર્સ ચારે બાજુ ગોઠવી દે. સ્થૂળ અને સૂક્ષ્મ અભિમાનને પોષ્યા કરે -- આવું બધું સામાન્યપણે સંસારીઓ કરતા હોય છે; પણ જે માણસ સ્વસ્થ અને સ્થિતપ્રજ્ઞ છે, બીજાંનાં દુ:ખને કારણે દ્રવે -- એમાં કોઈ આવેશ ન હોય, પણ સમજણ હોય અને પોતે કાંઈક ઉપકાર કરે તો, આ ઉપકાર છે એની પણ સભાનતા ન હોય અને એને કારણે મનમાં અભિમાનનું નામનિશાન ન હોય. મનમાં તો એટલું જ હોય કે

ચાલો આપણે નિમિત્ત બન્યા અને કોઈકનું દુ:ખ દૂર થયું. ઉપકાર કર્યા પછી પોતે કરેલા ઉપકારોની યાદી મનમાં સાચવવી અને સામાને યાદ કરાવ્યા કરવું અને આવા ઉપકારોની ફ્લડ લાઇટ ફેક્યા કરવી એ અંતે તો આસપાસ અંધારું જ સર્જે છે. આ કાવ્યમાં એકેએક શબ્દ એટલો બધો મહત્ત્વનો છે કે સાચો સહૃદય કોઈ પણ શબ્દને ઓળંગીને વાત ન કરી શકે.

`સકળ લોકમાં જે સહુને વંદે' તે વૈષ્ણવજન. અમુકને જ વંદે, કોઈકને સલામ કરે, કોઈકને પ્રણામ કરે, કોઈક સાથે હસ્તધૂનન કરે, કોઈક સાથે ચક્શુધૂનન કરે, કોઈકને પાસે બોલાવે, કોઈકને તરછોડે, -- આમાં તો ગમા અને અણગમા હોય, પૂર્વગ્રહ અને પક્ષપાત હોય. પણ સંતને પ્રત્યેક જનમાં વસંત જ દેખાય,

ચૈતન્યનો ઉલ્લાસ દેખાય. માનવની પાછળ માધવ દેખાય. આપણે જેને પામર કહીએ એની પાછળ એને પરમ દેખાય અને એ હાથથી નહીં, પણ અંત:કરણથી સૌને વંદન કરતોકરતો ભવાટવિનો મારગ કાપતો જાય, એ ઘટના છાપામાં હેડલાઇન બને એવા સમાચાર નથી, અને હોય તો પણ વૈષ્ણવજનને એમાં કોઈ રસ નથી. આપણે સહેજ વિચારી જોઈએ, જાતને પૂછી જોઈએ કે દિવસ આખામાં આપણે વ્યક્તિઓની વાતને નિમિત્તે કેટલી નિંદા કરીએ છીએ ? વિચારો કે ભાવનાઓની તો અરસપરસ આપલે થતી નથી, પણ રાત ને દિવસ, દિવસ ને રાત, સ્થળેસ્થળે અને પળેપળે નિંદારસનું જ સામ્રાજ્ય પ્રવર્તે છે. નિંદા પણ આપણે હિત અને હેતુથી કરતાં હોઈએ છીએ. કોઈને ઉતારી પાડવા, કોઈનું

મૂર્તિખંડન કરવા; વૈષ્ણવજન આવી વૃત્તિ અને પ્રવૃત્તિથી, આવી વિકૃતિથી ઊફરો ચાલે છે અને એ એની મેળવેલી કે કેળવેલી નહીં, પણ સહજ પ્રકૃતિ છે. વાણી, કાયા અને મન એ ત્રણે સાથે હોવા છતાંયે ત્રણેના રસ્તા જુદા છે. આ ત્રિવિધની એકતા ભાગ્યે જ જોવા મળે. અને મન તો એટલું ચંચળ છે કે એને નિશ્ચલ રાખવા માટે ભગીરથ પુરુષાર્થ જોઈએ. મન સ્થિર હોય તો સબ સલામત. જે સ્ત્રી આવા વૈષ્ણવજનને જન્મ આપે એ ધન્યધન્ય કહેવાય. પશુઓ પણ જણે છે, પણ માનવતાના મેરુ જેવા માણસની માતા થવું એ તો ભાગ્યની પરાકાષ્ઠા છે.

કોઈના પર બહુ વરસી જવું કે કોઈને કાયમના તરસ્યા રાખવા, કોઈકને આવકાર આપવો ને કોઈકને હડધૂત કરવા, એ વિષમદૃષ્ટિ છે. સમદૃષ્ટિશીલ માણસ

ભેદભાવ નહીં કરે. ગણિત અને ગણતરી નહીં કરે. પણ સમદૃષ્ટિ કોણ રાખી શકે ? જેણે તૃષ્ણાનો ત્યાગ કર્યો હોય. આ તૃષ્ણા જ આપણી પાસે હલકાં કામો કરાવે છે. પારકાંની સ્ત્રી પર નજર રાખવી, સ્ત્રીમાત્રને ભોગવિલાસનું સાધન બનાવવી, એ બહારવટિયાવૃત્તિ છે. બહારવટિયા તો ધનને લૂંટીને જાય છે, આ તો કાયાના લૂંટનારાઓ છે. એમની પાસે પોતાની કોઈ આચારસંહિતા નથી. જે થાળીમાં જમે એમાં થૂંકતા પણ શરમાતા નથી. આ તો આપણે બધું વિવરણ કર્યું; પણ નરસિંહે તો અડધી પંક્તિમાં કહ્યું, `પરસ્ત્રી જેને માત રે.' આખી માનવજાત અસત્યના પ્રયોગો પર નભે છે, એમાં કોઈક સત્યના પ્રયોગ કરનાર જન્મે છે અને જીવે છે. જીભ આમ તો શરીરમાં લપાઈછુપાઈને રહે છે, પણ અભી બોલા, અભી ફોક કે

બોલવું કંઈ ને કરવું કંઈ એવી વૃત્તિ એ માણસને જાણે કે કોઠે પડી ગઈ છે. વૈષ્ણવજનની વાણી અને એના વર્તનમાં સંવાદ હોય છે, વિવાદ નથી હોતો. પારકાંના ધનની ઇચ્છા નથી હોતી. પરધનને ઝાલે તો હાથ અને જીવન અભડાય, આવો કોઈ વિચાર જ ન હોય તો વર્તન તો ક્યાંથી હોય ?

આ જગતમાં જે કંઈ (સ્થાવર) જંગમ છે તે બધામાં ઈશ્વરનો વાસ છે. તેણે આપેલાનો તું ઉપભોગ કર. કોઈના ધન માટે લોભ કર નહિ. મોહ અને માયા એ આપણી આખી ઇમારતમાં ભોયતળિયું છે. આમ તો એ તળિયે હોય છે, પણ એનો વ્યાપ એ ખાસ્સો હોય છે. કદાચ આપણી સર્વ પ્રવૃત્તિ પાછળ આ મોહમાયા સરસેનાપતિ જેવાં છે. પાઠકની એક પંક્તિ છે કે `પ્રતારણાનું છિદ્ર છે વાસના જ.'

આપણે આપણી વાસનાથી છેતરાઈએ છીએ અને કોઈકની વાસના જાણી જઈએ છીએ પછી એને છેતરવાના પ્રયત્ન કરીએ છીએ. મનુષ્ય સહજ નબળાઈઓને સંત ઓળંગી જાય છે. રાગ નહીં પણ ત્યાગ, વાસના નહીં પણ વૈરાગ્ય, એ એના મનમાં ન ડોલે એવું આસન જમાવીને બેઠો છે. ગોળગોળ ઘૂમતા સંસારના રાસમાં એ હોય છે ખરો, પણ એની તાળી બડે ઘર લાગી ગઈ હોય છે. જેને રામનામ સાથે સંબંધ છે, એ બીજામાં શું કામ પડે ? ગંગા-યમુના કે આપણાં અડસઠ તીરથ એ તો એની કાયામાં કાયમના વસેલાં છે. એવા નર-સિંહો પણ છે કે જેમને મળીએ ત્યારે આસપાસ સાત્ત્વિકતાની ફોરમ ગુંજ્યા કરે.

કહેવાય છે કે બધાં જ પાપનું મૂળ લોભમાં છે, અને આ લોભને થોભ નથી હોતો. લોભ અને લાભ એ સાથે જ હોય છે અને એટલે જ શુભ દૂર ને દૂર રહે છે. લોભ અને લાભને કારણે જ છળ-કપટ-પ્રપંચ થતાં હોય છે. નિષ્કપટ માણસ વિરલ છે અને આવો વિરલ જ વૈષ્ણવજન કહેવાય. કામ અને ક્રોધને નિવારવા સહેલા નથી. કામ, કામના, વાસના, લાલસા, અહંની આતશબાજી -- પરિણામે ક્રોધ. આ રજોગુણ અને તમોગુણ અને એની ગઠરિયાંઓ અને એનો ભાર આપણી હોડીને ડુબાડે છે.

રજોગુણમાંથી ઉત્પન્ન થયેલો એ કામ છે, ક્રોધ છે અતિશય લોભી અને પાપી એવા એને અહીં શત્રુ જાણ.

નરસિંહ છેલ્લે કહે છે કે આવા વૈષ્ણવજનનું દર્શન થાય તો આપણાં એકોતેર કુળ તરી જાય.

મારે આ કાવ્ય વિશે અત્યંત સંક્ષેપમાં જો કાંઈ કહેવાનું હોય તો એટલું જ કહીશ કે આ દશ પંક્તિમાં ગીતાના અઢારે અધ્યાય સમાઈ ગયા છે અને ગુજરાતી કવિતાના આદિકવિ નરસિંહે આ કાવ્ય આપીને કવિતાનાં એકોતેર કુળ તો તાર્યાં જ છે.

નરસિંહ મહેતા - હરિ તણું હેત તુંને

હરિ તણું હેત તુંને ક્યમ ગયું વીસરી? પશુ રે ફેડી નરરૂપ કીધું,
હાડ ને છેડ કરી સહુ તુંને હાંકતું, લાજ વધારીને માન દીધું. 1

ઘાંચીનું ગાળિયું ગળેથી કાઢિયું, નેત્રના પાટા શ્રીનાથે છોડ્યા,
તે તણા ચરણને નવ, કૃતઘ્ની! ભજે, તે ન ગુણ-પાડના હાથ જોડ્યા. 2

પાય ઠોકી કરી, માગતો, મૂઢમતિ! ઘાસ-દાણો કરી શબ્દ ઝીણા,
આજ ગોવિંદ ગુણ ગાઈને નાચતા, લાજ આવે તુંને કરમહીણા? 3

ડોક લાંબી કરી કાંકોલ ચાવતો, ઊટ જાણી ઘણો ભાર લાદે,

આજ અમૃત જમે, હરખે હળવો ભમે, વૈકુંઠનાથને કાં ન સાધે? 4

પીઠ અંબાડી ને અંકુશ માર સહી, રેણુ ઉડાડતો ધરણી હેઠો;
આજ ચુવા-ચંદન, આભરણ અંગ ધરી, વેગે તું જાય છે વ્હેલ બેઠો. 5

અન્ન ને વસ્ત્ર ને ભવન ને ભૂષણ, આગે તેનો તને◌ે હુતો ઉધારો,
નરસૈયાના સ્વામીએ સર્વ સાચું કર્યું, તે પ્રભુને તમે કાં વિસારો? 6

નારદભક્તિસૂત્રમાં ભક્તિને પ્રેમ અને અમૃતસ્વરૂપ ગણી જ્ઞાન-કર્મયોગથીયે તેનું વિશેષ મહત્ત્વ દર્શાવ્યું છે, શાંડિલ્ય ભક્તિસૂત્રમાં પણ - સા પરાનુરક્તિ ઈશ્વરે - ઈશ્વરમાં જે પરમ અનુરક્ત હોય તેને ભક્તિ કહી છે... અને ગુજરાતી ભાષાના

આપણા પ્રથમ ભક્ત કવિ નરસિંહનાં `જ્ઞાનભક્તિનાં પદો'માં ભક્તિના એ વ્યાપની ગરિમા અચૂક અનુભવાય છે, નરસિંહની એ ભક્તિ કવિતાનો એ આધાર છે. સગુણ ઈશ્વરને આરાધતા નરસિંહે ઝૂલણાના લયે ભક્તિનો ગુલાલ મનભરીને ઉડાડ્યો છે... અને 15મા શતકથી માંડી આજ લગીનો ગુજરાતી સાહિત્યપ્રેમીજન એનાથી રંગાયો નથી એમ કોણ કહી શકે? ભક્તિની પરમ અનુભૂતિનું એનાં પદોમાં મૌલિક કવિકર્મ છે.

આ સંસારની સર્વ આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી બચવા અને પરમાનંદની પ્રાપ્તિ કરવાનો સરળ માર્ગ પ્રેમભક્તિ જ છે એવી પ્રતીતિ થતાં જ નરસિંહે ગાયું -

ભૂતળ ભક્તિ પદારથ મોટું
બ્રહ્મલોકમાં નાહીં રે...

અને આ ભક્તિનો રંગ નરસિંહે પોતા પૂરતો ક્યાં મર્યાદિત રાખેલો? એને મન તો સમાજનાં સર્વજનો એમાં સામેલ હોય એ જ ભક્તિ. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં સ્ત્રી-વૈશ્ય-શૂદ્ર વગેરેને સમાનરૂપથી જ ભક્તિનાં અધિકારી ગણ્યાં છે.

અને જેના હૃદયમાં શ્રીહરિ વિરાજ્યો હોય એ જ આ ભક્તિના સ્વરૂપને વ્યવહારમાંય ઉતારી શકે, એટલે જ શૂદ્રોને આંગણે બેસી કીર્તન કરતો નરસિંહ ગાઈ ઊઠે છે :

જેનું મન જે સાથે બંધાણું

પહેલું હતું ઘર કરાતું રે,

હવે થયું છે હરિરસમાતું

ઘેર ઘેર હીંડે છે ગાતું રે.

અને કહે છે આ ભક્તિરસ દોહ્યલો છે -- સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્ર છે શ્રીહરિ. એની પ્રીતિ શીરાની જેમ ગળે ઊતરી જાય એમ આલેખતાં કહે છે :

ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવાં,

થડ થકી, ડાળ નવ હોય અળગી.

આ થડની - શ્રીહરિની - ભક્તિને કવિ નરસિંહ અહીં ઉપરના પદમાં લાક્ષણિક રીતે નિરૂપે છે - આત્માની યાત્રા તો જન્મજન્માંતરોની. લખચોરસીના ફેરાને અંતે જીવને માનવદેહ મળે છે અને આ મનખાવતાર મળ્યા પછી જીવ શ્રીહરિને વીસરી જાય એની વ્યથાથી અકળાયેલો કવિ એવા જીવને ઉપાલંભ આપે છે...

હરિ તણું હેત તુંને ક્યમ ગયું વીસરી?

એકદા તું પશુ સ્વરૂપે હતો. હાડ-છેડ કરી તને સૌ હાંકી કાઢતા. એવા પશુમાંથી શ્રીહરિએ તને નરરૂપ-માનવરૂપ-દીધું, તારી લાજ વધારી માન આપ્યું. અરે! શ્રીનાથે તને બળદરૂપમાંથી માનવી બનાવ્યો; ઝીણા અવાજે ઘાસદાણો માગતો

હતો તું - અશ્વરૂપે રહીને, એ ભૂલી ગયો? એવો તું શાને ગોવિંદના ગુણ ગાવાનું ચૂકી જાય છે? એમાં શરમ અનુભવે છે? ઊંટ સ્વરૂપે તું કેટલો બધો ભાર પીઠ પર વેઢારતો? અને કાંટાળી વનસ્પતિથી પેટ ભરતો તે ભૂલી ગયો? આજ અમૃતનાં ભોજન જમતો, નિશ્ચિંત રહેતો - અને વૈકુંઠનાથને તો યાદેય કરતો નથી, પીઠ પર અંબાડી મુકાતી અને અંકુશનો માર સહેતો - એ તું તું જ હતો ગજરાજ! આજે અંગો પર અલંકરણો ધારણ કરી કેવો મસ્તીથી વહેલમાં બેસી નીકળી પડ્યો છે!

- એક સમયે તારે અન્ન, વસ્ત્ર, ભવન, ભૂષણ વગેરેનાં ફાંફાં હતાં, તારા એ પશુસ્વરૂપને એ બધું તો ક્યાંથી હોય? પરંતુ આજે માનવરૂપે તને આ બધી સમૃદ્ધિ મળી છે...

વૈભવ મળ્યો છે.. તે તો હરિને કારણે જ!

પશુઓના અહીં ગણાવેલા અવતારમાંથી મનખાવતાર પામનાર એ જીવને, નરસિંહ `કૃતઘ્ની', `મૂઢમતિ', `કરમહીણો' એવાં વિશેષણોથી નવાજે છે! એમાં, ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને મનુષ્યઅવતારના મહિમાનો જ રણકો છે. માનવસ્વભાવની એ ભક્તકવિની ઓળખ છે. આજેય એનો કોણ ઇન્કાર કરી શકે એમ છે? નરસિંહની એ તાસીર એ જ એની ઓળખ! પદના આરંભે બીજા પુરુષ એકવચનનો કવિઉદ્ગાર અંતિમ પંક્તિમાં બહુવચનમાં ગોઠવાય છે.. આમ `તુંને ક્યમ ગયું વીસરી?'માંથી `તે પ્રભુને તમે કાં વિસારો?'માં સમગ્ર માનવજાતને કવિએ સમાવી દીધી છે! -- આ છે નરસિંહનું કવિકર્મ! અને અહીં જ પેલા

જીવોની યાદી અને તેની વિશેષતા ન લંબાવવાની નરસિંહની સૂક્ષ્મ દૃષ્ટિનાંય દર્શન થાય છે... ભક્તવાણીની દોરાતી આ ત્રિજ્યા અર્થનો મોટો પરિઘ અનાયાસે આમ રચી દે છે એ આ પદની લાક્ષણિકતા નહીં તો બીજું શું?

સીધીસરળ વાતનેય નરસિંહે આમ સુંદર રીતે -- અસરકારક રીતે પદબંધ કરી છે.. જે એ જમાનાના લોકોને તો આકર્ષી જ ગઈ હશે. તો ચાલો, ફરી એક વાર તેનું રટણ કરી લઈએ.. ને કવિને પામીએ.

યોસેફ મેકવાન

નરસિંહ મહેતા - હળવે હળવે હળવે હરજી

હળવે હળવે હળવે હરજી મારે મંદિર આવ્યા રે;
મોટે મોટે મોટે મેં તો મોતીડે વધાવ્યા રે.

કીધું કીધું કીધું મુને કાંઈક કામણ કીધું રે;
લીધું લીધું લીધું મારું મન હરીને લીધું રે.

ભૂલી ભૂલી ભૂલી હું તો ઘરનો ધંધો ભૂલી રે;
ફૂલી ફૂલી ફૂલી હું તો હરિમુખ જોઈ ફૂલી રે.

ભાગી ભાગી ભાગી મારા ભવની ભાવટ ભાગી રે;

જાગી જાગી જાગી હું તો હરિને સંગે જાગી રે.

પામી પામી પામી હું તો પૂરણ વરને પામી રે;
મળિયો મળિયો મળિયો મહેતા નરસૈયાનો સ્વામી રે.

નરસિંહ મહેતાનું નામ પડે એટલે આપણને એમનાં પ્રચલિત પદો, પ્રભાતિયાં યાદ આવે. આ પદો એટલે `જાગને જાદવા'થી શરૂ કરીને `અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ' કે `જે ગમે જગતગુરુ દેવ જગદીશને' કે `વૈષ્ણવજન તો તેને કહીએ'. કરુણતા તો એ છે કે એક વર્ગ વૈષ્ણવજન ગાંધીજીએ લખેલું છે એમ માને છે. એ પ્રચલિત થયું ગાંધીજીને કારણે. આપણા ઓલ ઇન્ડિયા રેડિયો પરથી પણ

આર્ટિસ્ટે કોન્ટ્રેક્ટ ભર્યો હશે એને કારણે નરસિંહના એક કાવ્યનું અનાઉન્સમેન્ટ `હવે તમે એન. મહેતાનું ગીત સાંભળશો' એમ થયું હતું.

નરસિંહનું આ કાવ્ય પ્રચલિત નથી પણ પ્રચલિત કરવા જેવું છે. ત્રણ ત્રણનાં આવર્તનો અને એને કારણે વહેતો લયનો સરળ પ્રવાહ એ આ કાવ્યની બાહ્ય ખૂબી છે. પણ કાવ્યની આંતરિક સૂક્ષ્મતા દેખીતી સરળતાને કારણે તરત દેખાય એવી નથી. પણ સહેજ જો ઝીણવટથી કાવ્ય વાંચીએ તો પરખાય એવી છે. કાવ્યનો પ્રારંભ ઈશ્વરના હળવા આગમનથી થાય છે. આમ પણ ઈશ્વર, અલૌકિક તત્ત્વ જીવનમાં આક્રમક રીતે પ્રવેશે નહીં. એનો પ્રવેશ અત્યંત નીરવ અને શાંત ગતિએ થતો હોય છે. ઢોલનગારાં કે ધાંધલધમાલથી કોઈ પણ સૂક્ષ્મ તત્ત્વ

પ્રવેશે નહીં. હરજી આવ્યા પણ હળવેહળવે. કદાચ હરજી આવ્યા એટલે જ મારું જે કંઈ હતું તે મંદિર થઈ ગયું. આપણું શરીર ઈશ્વરપ્રવેશને કારણે જ મંદિર થાય છે. હરજી હળવેથી આવ્યા પણ એનો આનંદ એટલો બધો છે કે એ આનંદને ભક્તહૃદય કઈ રીતે વ્યક્ત કરે! ઈશ્વર આવ્યા અને આપણે એને વધાવીએ નહીં તો? આપણાં જ બારણાં બંધ હોય તો ઈશ્વરનો રથ ક્ષણ બે ક્ષણ થોભીને વાયરાની ગતિએ વહી જાય. ઈશ્વર આવ્યા છે. હૃદય નાનું પડે એટલો બધો આનંદ છે. આ આનંદનો ઉદ્ગાર પણ આવર્તન દ્વારા તો છે જ પણ એને મોતીડે વધાવ્યા છે એ દ્વારા પણ છે. કયાં મોતી હશે આ? એક કલ્પના કરવાનું મન થાય છે. હરખનાં આંસુનું તો મોતીમાં રૂપાંતર નહીં થયું હોય? કવિએ મોતીને પણ

લાડ લડાવ્યાં છે. એમ નથી કહ્યું કે `મોતીએ વધાવ્યા રે' પણ એમ કહ્યું કે `મોતીડે વધાવ્યા રે'. આ મોતી પણ નાનાંનાનાં નહીં. મોટેમોટે મોતીડે વધાવ્યા છે. આનંદની પરાકાષ્ઠા સૂચવવા માટે જ `મોટેમોટે'નો પ્રયોગ છે.

ઈશ્વરે કામણ કર્યું છે. આ કામણનું વર્ણન કદીયે થઈ શકે ખરું? ગાંધીજીએ એક વાર કહ્યું હતું કે એકાદ પાણીના ટીપાનું પણ વર્ણન તો કરી જુઓ. બહુ મુશ્કેલ છે વર્ણન કરવાની વાત. ઈશ્વરનો પ્રવેશ એ ઘટના. આ ઘટનાને કેમ વર્ણવાય? એટલે જ કવિએ કાંઈક શબ્દ દ્વારા કહ્યું છે અને છતાંયે કહી નથી શકાતું એની વાત પણ છેડી છે. `મુને કાંઈક કામણ કીધું રે' એ દ્વારા ઈશ્વરની હૃદયલીલાની

વાત છેડી છે. આ કાંઈક કામણ એટલે શું? બીજી પંક્તિમાં માત્ર સંવેદનભર્યું નિવેદન છે અને નિવેદનભર્યું સંવેદન છે. `મારું મન હરીને લીધું રે.'

ઈશ્વરને વશ થયા પછી સંસારમાં કોઈ રસ રહે ખરો? અને એટલે જ કાવ્યનાયિકા કહે છે કે અત્યાર સુધી હું જે ઘર સંભાળતી હતી એ ઘર નહોતું પણ ઘરનો ધંધો હતો. ઈશ્વર આવ્યા અને આ ઘરનો ધંધો ભુલાઈ ગયો. જેમ સૂરજને જોઈને સૂરજમુખી ખૂલે અને પ્રફુલ્લે એ રીતે હરિમુખ જોઈને હું મારામાં ન સમાઈ શકું એટલી હદે હું વિકસિત થઈ. અહીં ચૈતન્યના વિકાસની વાત છે. ભવની આધિ-વ્યાધિ-જંજાળ ભાગી ગઈ અને સાચા અર્થમાં હરિની સંગે જાગૃતિ આવી. આ જાગૃતિ એ પણ ઈશ્વરપ્રવેશનો પર્યાય છે.

સંસારમાં હતી ત્યારે તોલમાપની દુનિયા હતી. અહીં માપવાની વાત નથી; પામવાની વાત છે. જેને પામી છું તે પૂરણ વર છે. સંસારનો વર તો નર્યો સદોષ. આ તો પૂર્ણ અને નિર્દોષ. સંસારનું સૌભાગ્ય ખંડિત, આ તો અખંડિત. હળવેથી ઈશ્વર આવ્યા અને સનાતન કાળ માટે મળ્યા એની પ્રાપ્તિનો આનંદ શો છે, એનો ખ્યાલ તો સહેજ મોટેથી આ કાવ્ય મનમાં અવારનવાર ગુંજીએ તો જ આવે.

નરસિંહરાવ દિવેટિયા - મંગલ મંદિર ખોલો

મંગલ મંદિર ખોલો
દયામય! મંગલ મંદિર ખોલો. ધ્રુ૦
જીવન-વન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભોળો,
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લો લો. 1

નામ મધુર તમ રટ્યો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો,
દિવ્યાતુષાતુર આવ્યો બાળક,

પ્રેમ-અમીરસ ઢોળો.   2

જીવન અને મરણ ભગવાનનાં જ બે રૂપો છે, પરમાત્માની બે વિભૂતિઓ છે. એમાં જીવન એ માણસની આકરી સાધના અને કઠોર કસોટી છે, મરણ એ ક્ષમાવાન અને પરમ કારુણિક દયા છે. મૃત્યુ સમયે માણસને જે વેદના થાય છે, તે મૃત્યુને લીધે નહીં. મૃત્યુમાં તો ઊંઘ જેટલી મીઠાશ જ છે. જે વેદના થાય છે તે જીવનને લીધે થાય છે. જીવન પોતાનો કબજો છોડવા માગતું નથી, અને એ લોભની તાણાતાણીમાં વેદના પેદા થાય છે. મૃત્યુ પાસે ધીરજ છે. તેથી એ જીવનને પોતાનાથી બનતું કરવા દે છે. જ્યારે જીવન હારે છે અને પોતાનો આગ્રહ છોડે

છે ત્યારે જ મરણ પોતાની પાંખો ફેલાવીને પોતાની છત્રછાયા તળે પ્રાણીને લે છે.

લોકો જીવનને સુખસ્વરૂપ માને છે, અને મરણને મહાસંકટરૂપે જુએ છે, પણ દિવસ પછી જેમ રાત્રિને સ્થાન છે, એની ઉપયોગિતા અને સૌંદર્ય છે, એટલું જ નહીં પણ વૈભવ પણ છે, એ જ રીતે મરણમાં પણ ઉપયોગિતા, સૌંદર્ય અને વૈભવ છે. વખતે એની ઉપોયગિતા આપણે તરત જ ન સમજી શકતા હોઈએ, પણ મરણની ભવ્યતા અને એની તૃપ્તિકારક સુંદરતા તો જરૂર ધ્યાનમાં આવવી જોઈએ. આકળો માણસ એ કળી શકતો નથી, એ કંઈ મરણનો દોષ નથી. થાકેલો મજૂર વિશ્રામ માગે, નાચીકૂદીને લોથપોથ થયેલું બાળક ઊંઘની સોડમાં ભરાઈ

જાય, પાકેલું ફળ જમીનમાં વવાઈને નવી યાત્રા શરૂ કરવા માટે વૃક્ષમાતાનો સંબંધ છોડી દે, એ પ્રમાણે જ માણસે જીવન પૂરું કરી આસક્તભાવે એનો ત્યાગ કરતાં શીખવું જોઈએ, અને નવી તક મેળવવાના પરવાનારૂપે મરણને વધાવી લેવું જોઈએ.

જો માણસ પાસે ધીરજ અને પ્રસન્નતા હોય તો એને આ રીતે જીવતાં આવડે, શાંતિ અને શોભા સાથે જીવન પૂરું કરતાં આવડે અને બહાદુરીને અંતે માણસને જેમ બહુમાનનો ઇલકાબ કે ચંદ્રક મળે છે એવી જ રીતે મરણની કૃતાર્થતા મેળવવા માટે એ તૈયાર રહે.

આ ભજન પાછળ એનો ઇતિહાસ છે. કવિ નરસિંહરાવ દિવેટિયાએ પોતાનો દીકરો ગુજરી ગયાના સમાચાર સાંભળ્યા ત્યારે પિતાનું હ્રદય ઘવાયું હશે જ. પણ જીવન-મરણનું રહસ્ય જાણનાર ભક્ત-હ્રદય દુ:ખમાં ડૂબી જવાને બદલે ગંભીર બને છે. જીવન અને મરણના દયામય સ્વામી ભગવાનનું ચિંતન કરતાંકરતાં એનું દર્શન મેળવે છે. અને પછી અંધકારને ઠેકાણે પ્રકાશ અને વેદનાને ઠેકાણે ગંભીર-પ્રસન્ન સંગીત સાંભળવા લાગે છે. અને જીવનમરણના સ્વામી પાસેથી ભક્તિનું અમૃત માગી લે છે.

જીવન સુખમય હોય કે સંકટમય હોય, મરણ તો વિસામો આપતું દયામય દર્શન જ હોય છે. આવી ગંભીર ભક્તિના વાતાવરણમાં ભક્તકવિને આ ભજન ઊતરી

આવ્યું છે. એમાં દુઃખ, નિરાશા, વેદનાનો લવલેશ નથી. પણ મરણનાં દર્શન પછી ભગવાનનાં દર્શનની, અને ચિરશાંતિની પ્રસન્નતા છે. મધ્યરાત્રિના અંધારા પછી ઉષાએ પ્રગટ કરેલો પ્રકાશ છે.

એવા પ્રસન્ન ગંભીર વાતાવરણમાં ભક્ત ભગવાનના હૃદયમાં પ્રવેશ કરવા માગે છે.

કાકાસાહેબ કાલેલકર

નિનુ મઝુમદાર - મારી કોટડીમાં સામાન ઘણો

મારી કોટડીમાં સામાન ઘણો.
એક ખૂણે મારો પ્રેમ ભર્યો છે
એક ખૂણે અભિલાષા.
એક ખૂણે ધિક્કાર ભર્યો છે
એકમાં ઘોર નિરાશા.
બાળપણાની શેરી લઈ પેલી
ભરી છે આખી ને આખી.
યૌવનના કંઈ બાગબગીચા
પ્રીતડીઓ વણચાખી

ભર્યો છે હાસ્ય ને રુદન સાથે ઝોળો સુખદુ:ખ તણો, મારી કોટડીમાં..

પાર વિનાની ભૂલ પડી છે,
કોઈના કંઈ ઉપકારો.
ઓસરતા ભૂતકાળની મૂર્તિ
ભાવિના કૈક ચિતારો.
સર્જનનો ઇતિહાસ ભર્યો છે
ભૂગોળ ખગોળ ભેળો.
લેશ જગ્યા નહિ મુજ માટે
ઊભરાયો છે વ્યર્થનો મેળો.
બંધ આ મારાં દ્વારની પાછળ વધ્યો કોટિ કોટિ ગણો. મારી કોટડીમાં....

સંગીતકાર અને ગાયકકલાકાર નિનુ મઝુમદાર સાથે મારે ખાસ્સો ઘરોબો હતો. અવારનવાર કવિસંમેલનમાં સાથે રહેતા. કવિસંમેલન પછી પણ મિત્રોની એક અનૌપચારિક મહેફિલ મળતી. પ્રેમની ફરમાશને એ વશ થતા અને પોતે તાજી તરજ બાંધી હોય એવાં ગીતો સંભળાવતા. આ ગીત સંભળાવતાં એમણે કહેલું કે બંગાળનાં બાઉલ સામાન્ય રીતે જે તરજમાં ગાય છે એવી તરજમાં આ ગીતને બાંધીને મુક્ત કર્યું છે, કારણ કે આ ગીતનો સ્વભાવ પણ એવો છે.

માણસની વૃત્તિ હંમેશાં હેવમોરની છે. બધું જ ઓછું પડતું હોય છે. ધન, દોલત, માલ, ખજાનાથી કદીયે સંતોષ થતો નથી. આ તો બધી વસ્તુઓ થઈ પણ આ ગીતમાં મનુષ્યની વૃત્તિઓની, એની પ્રવૃત્તિઓની, એના વિચાર, વિકારોની વાત

ભજનિકની રીતે થઈ છે. આપણું મન નાની અમથી કોટડી જેવું છે. કોટડી નાની છે અને સામાન ઘણો છે. આવો અગણ્ય સામાન હકીકતમાં નગણ્ય છે. પણ મનુષ્ય આ નગણ્યને વળગી રહ્યો છે અને એને જ કારણે ખુદ પોતાની જ કોટડીને ગૂંગળામણ થાય એવી રીતે વર્તી રહ્યો છે.

આ સામાનમાં શું-શું છે એની વાત કરી છે. માણસ વિરોધોથી પીડાતું એક પામર પ્રાણી છે. એક ખૂણામાં ચિક્કાર પ્રેમ છે તો એક ખૂણામાં એટલો ધિક્કાર છે. કોઈકે લખેલું કે I love and I hate. I know not why but know its agony. આ બધું શું કામ થાય છે એની કોઈ પણ સમજણ નથી, માત્ર એની યાતનાઓ રહી છે. આ કોટડીમાં અભિલાષા છે. આશા હોય ત્યાં જ નિરાશા હોય છે. આમ આ કોટડીમાં

પ્રેમ અને ધિક્કાર, આશા અને નિરાશા, કેટલાંયે સ્મરણો, બાળપણની શેરી, યૌવનના બગીચા અને વણચાખી પ્રીત છે. વણચાખી પ્રીતમાં પણ એક પ્રકારની નિરાશા અને અજંપો છે. હા, મારા ખભા પર થેલો છે ખરો. પણ આ થેલામાં સુખ અને દુ:ખ, હાસ્ય અને રુદન, બધું જ ભરેલું છે. કોટડીમાં સંકડામણ અને અકળામણ છે.

જીવનમાં ભૂલો કરતો જ આવ્યો છું. આ ભૂલોની પરંપરા છે. યાદ રાખવા જેવું યાદ રહેતું નથી અને ભૂલી જવા જેવું યાદ રહે છે. કોઈએ કરેલા ઉપકારો યાદ છે અને કોઈના પર કરેલા ઉપકારો પણ યાદ છે. કોઈના પર કરેલા ઉપકારો માણસે વાગોળવા જેવા નથી અને કોઈએ આપણા પર કરેલા ઉપકારોથી

ભીસાઈ જવા જેવું પણ નથી. મુક્તિનો કોઈ અર્થ જ નથી રહ્યો. ચારે બાજુ બંધનો છે. જે ભૂતકાળ સરતો જાય છે, ઓસરતો જાય છે એની મૂર્તિઓ આંખ સામે આવીને હાજરાહજૂર ઊભી છે. એનો પણ ભાર છે. વિગતની વ્યથા છે. અનાગતની ચિંતા છે. ભાવિનાં ધુમ્મસિયાં ચિત્રો જાણે કોઈ ચિતારો ચીતરતો હોય એમ ચીતરાયાં કરે છે. ભવની આ ભૂગોળ-ખગોળમાં સર્જનનો ઇતિહાસ છે. મરી ગયેલા ઇતિહાસ સાથે જીવવાનો કોઈ અર્થ નથી. આટલા બધા સામાનની વચ્ચે મારે ઊભા રહેવા માટે લેશ પણ જગ્યા રહી નથી. આસપાસ વ્યર્થનો મેળો ઊભરાય છે. અને આ બધી હકીકત હોવા છતાંયે, આ હકીકતની સમજણ હોવા છતાંયે, મારા બંધ બારણા પાછળ કરોડ ગણો સામાન વધ્યા જ કરે છે. આ

સામાનના ભાર તળે હું દટાયા કરું છું. ધરબાયા કરું છું. આમાંથી કશું ઊપજતું નથી કે કશું નીપજતું નથી.

નિરંજન ભગત - ચાલ, ફરીએ,

ચાલ, ફરીએ!
માર્ગમાં જે જે મળે તેને હૃદયનું વ્હાલ ધરીએ!
બ્હારની ખુલ્લી હવા
આવે અહીં, ક્યાં લૈ જવા?
જ્યાં પથ નવા, પંથી નવા;
એ સર્વનો સંગાથ છે તો નિત નવા કૈ તાલ કરીએ!

એકલા હેંવું પડી?
આ સૃષ્ટિ છે ના સાંકડી!
એમાં મળી જો બે ઘડી

ગાવા વિશે. ન્હાવા વિશે;
તો આજની ના કાલ કરીએ! ચાલ, ફરીએ!

ભાષા એ સંસ્કૃતિ છે અને કવિ આ સંસ્કૃતિનો રખેવાળ છે. સાચ્ચો કવિ શબ્દથી કોઈને આંજવા નથી માગતો પણ ભાષાને માંજવામાં માને છે. આપણી ગુજરાતી ભાષાને જે ગણ્યાગાંઠ્યા ઉત્તમ કવિઓ મળ્યા એમાં નિરંજન ભગતનું સ્થાન છે. નિરંજનની કવિતામાં ક્યાંય લઘરાપણું નથી, ક્યાંય લોચાલાપસી નથી. બધું સુઘડ અને સફાઈદાર છે અને છતાંય ક્યાંય આડંબર નથી. આ કાવ્ય સાથે એમનું પ્રસિદ્ધ કાવ્ય `હું તો બસ ફરવા આવ્યો છું' યાદ આવે. આ બંને કાવ્યો 1950માં લખાયેલાં છે. આ કાવ્યમાં નરી સરળતા છે. ક્યાંય અલંકાર નથી.

કવિ અહીં કોઈ બીજાને નથી કહેતા. પોતે જ પોતાને કહે છે. એટલે કાવ્ય ઉપદેશમાંથી ઊગરી જાય છે. સ્વબોધ એ જ મનુષ્યનું બોધિવૃક્ષ. આ બોધિવૃક્ષ જંગલમાં નથી પણ મનુષ્યના હૃદયના કેન્દ્રમાં છે.

માણસે પોતાની દીવાલોની બહાર નીકળવું જોઈએ. આપણે જ આપણી આસપાસ અહંને કારણે કેટલીયે દીવાલો રચતા હોઈએ છીએ. આ તો પોતામાંથી બહાર નીકળવાની અને છતાંય પોતામાં સ્થિર રહેવાની વાત છે. સ્વ-સ્થતાનું અને સર્વ-સ્થતાનું આ કાવ્ય છે. બધા જ ઉંબરા ઓળંગવા જોઈએ. જે ઉંબરો ઓળંગે એને રસ્તો મળે. પણ રસ્તો મળે એટલે પતતું નથી. કવિએ અહીં ખોલીને આયુષ્યના રસ્તાની વાત નથી કરી. આ રસ્તા પર કંઈક ને કંઈક

આપતા જવાનું છે. જે કોઈ મળે એને રાગદ્વેષ વિના, ગમાઅણગમા વિના, પૂર્વગ્રહ કે પક્ષપાત વિના, સ્વાર્થ કે અપેક્ષા વિના હૃદયનું વહાલ આપવાનું છે.

આપણે આપણી અંદર પડી રહીએ તો ખુલ્લી હવાનો ક્યારેય અનુભવ નહીં થાય. પ્રહ્લાદ પારેખની પંક્તિ યાદ આવે છે : `આવે છે હવા, / મુક્ત હવા, મસ્ત હવા / મનને મારા ક્યાં રે લઈ જવા?' આપણી દૃષ્ટિ કુંવારી હોય તો આપણે સૃષ્ટિ સાથે સંલગ્ન થઈ શકીએ. અને પ્રત્યેક પળ, પ્રત્યેક પંથ, પ્રત્યેક પથિક આપણને નવા લાગે. ક્યાંય કશું જૂનાનું વળગણ નહીં. ક્યાંય કશો ક્રિયાકાંડ નહીં, ક્યાંય કોઈ એક જ વ્યક્તિ માટેનું વલણ કે વળગણ નહીં. જો સહુનો સાથ હોય તો નવા તાલમેળ મળતા જાય, સંવાદ રચાતો જાય, સિમ્ફની ઊભી થાય.

એકલપેટો માણસ સાંકડી સૃષ્ટિ ઊભી કરનારો છે. અને હકીકતમાં સૃષ્ટિ સાંકડી નથી પણ આપણે દીવાલો ચણીને, સળિયાઓ ગોઠવીને એને સાંકડી કરી મૂકી છે, કદરૂપી કરી મૂકી છે. જો બહાર નીકળી જઈએ તો આ વિશાળ સૃષ્ટિમાં બે ઘડી પણ સાચી મળે, તો જીવી ગયાનો આનંદ મળે. આ બે ઘડીની અંદર આપણે શાશ્વતીને સમાવી શકીએ. જો બે ઘડી પણ આપણે હૃદયનું ગીત ગાઈ શકીએ, પ્રેમનું ગીત ગાઈ શકીએ, કોઈને અકારણ ચાહી શકીએ તો આમાં આજની કાલ કરવા જેવી નથી.

રજનીશજીએ એક દાખલો આપ્યો હતો તે યાદ આવે છે : મનુષ્યનું આયુષ્ય સરેરાશ સાઠ વર્ષનું ગણીએ તો એમાંથી વીસ વર્ષ તો ઊંઘમાં જાય છે. આ

ઊંઘવું એ એની દૈહિક જરૂરિયાત છે. બીજાં વીસ વર્ષ રોજી, રોટી, કપડાં, મકાન, સંતાનમાં જાય છે. બાકીનાં વીસ વર્ષ ગપસપ, ગપ્પાં, ફિલ્મ, ચેસ ઇત્યાદિમાં જાય છે. આપણને મનુષ્ય અવતાર માંડ મળ્યો છે તો એ અવતારની સાર્થકતા આપણામાંથી બહાર નીકળવામાં અને સચ્ચાઈપૂર્વક મોકળા મને જીવવામાં ગાળીએ તો જીવ્યું સાર્થક ગણાય, સુંદર ગણાય.

આ કાવ્ય એવું છે કે એની સાથે નિરંજનનું બાઉલ ગીત જેવું બીજું કાવ્ય ન મૂકીએ તો આ લેખ અધૂરો ગણાય.

ફરવા આવ્યો છું
હું તો બસ ફરવા આવ્યો છું!

હું ક્યાં એકે કામ તમારું કે મારું કરવા આવ્યો છું?

અહીં પથ પર શી મધુર હવા

ને ચ્હેરા ચમકે નવા નવા!

--- રે ચહું ન પાછો ઘેર જવા!

હું ડગ સાત સુખે ભરવા અહીં સ્વપ્ન મહીં સરવા આવ્યો છું!

જાદુ એવો જાય જડી

કે ચાહી શકું બેચાર ઘડી

ને ગાઈ શકું બેચાર કડી

તો ગીત પ્રેમનું આ પૃથ્વીના કર્ણપટે ધરવા આવ્યો છું!

હું તો બસ ફરવા આવ્યો છું!

।

ન્હાનાલાલ - પ્રભુ, પરમ સત્યે તું લઈ જા

અસત્યો માંહેથી પ્રભુ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી પ્રભુ! પરમ તેજે તું લઈ જા;
મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ! લઈ જા,
તું-હીણો હું છું તો તુજ દરસનાં દાન દઈ જા.

પિતા! પેલો આઘે, જગત વીંટતો સાગર રહે,
અને વેગે પાણી સકળ નદીનાં તે ગમ વહે;
વહો એવી નિત્યે મુજ જીવનની સર્વ ઝરણી,
દયાના-પુણ્યોના તુજ પ્રભુ! મહાસાગર ભણી.

થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઊચરું,
કૃતિ ઇંદ્રિયોની, મુજ મન વિષે ભાવ જ સ્મરું;
સ્વભાવે બુદ્ધિથી શુભઅશુભ જે કાંઈક કરું,
ક્ષમાદૃષ્ટે જોજો, -- તુજ ચરણમાં નાથજી! ધરું.

ઘરમાં નાના બાળકે પ્રાર્થના કરવાનું વલણ બતાવ્યું ત્યારે પ્રશ્ન થયો એને બહુ અટપટી ન લાગે એવી કઈ પ્રાર્થના બોલીશું. મારાં પત્ની બાળપણમાં દાદીમાના પગ આગળ બેસી પ્રાર્થના બોલાવતાં તે એમણે તરત સૂચવી. દાદીમા ધર્મની આળપંપાળમાં ભરાતાં નહીં પણ પ્રાર્થનાસમાજની પ્રાર્થનાઓ સાંજે આખું કુટુંબ બોલે. અમે એક સાદી પ્રાર્થના શરૂ કરી :

ઓ ઈશ્વર, ભજીએ તને, મોટું છે તુજ નામ;
ગુણ તારા નિત્ય ગાઈએ, થાય અમારાં કામ.
હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ;
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજે માફ.

કામ ચાલ્યું. પ્રાર્થના લાંબી પણ ન હતી. ઊંઘની ચઢાઈ આવતી હોય ત્યારે આટલી ચાર પંક્તિ પણ કોઈકોઈ વાર લાંબી લાગતી જરૂર. ફરિયાદ પણ થતી કે આરતમાં ડૂબી ગયેલાં મારાં પત્ની ત્રીજી લીટીમાંના `આ'નો સારો લાભ લેતાં : `લાઆઆવી' `હસાઆઆવ' `સદાઆઆ' `રાઆઆખ' `સાઆઆઆફ.'

અમારે માવતરને તો બાળપોથીમાં જ આ પ્રાર્થના ભણવામાં આવેલી. મોટપણે કોણ જાણે પણ ક્યારેક મારાથી ચોથી લીટીના પૂર્વાર્ધ પછી `પ્રશ્નાર્થ' ઉમેરાઈ જતો : ભૂલ કદી કરીએ અમે? (અમે તે કદી ભૂલ કરીએ કે?) ભગવાન સાથે આવું થાય? પણ થતું કે પછી તરત માફી તો માગી લઈએ જ છીએ ને? વળી પ્રાર્થનામાં ભગવાન પાસે એ આપણને હસાવે એવી માગણી ક્યાં કરી નથી? ભગવાન એ ઊંચે દૂરદૂર આકાશની પાર લાંબી સફેદ દાઢીવાળો લાલ ડોળો ચકરાવતો બિહામણો `કોઈક' ઓછો છે? એ તો છે માણસ સાથે સતત સંતાકૂકડી રમતો, ઓ પકડાયો ઓ પકડાયો લાગે છતાં ભલભલા તપસીજ્ઞાનીને લટક આપતો સદાભેરુ, નિત્યસાથી. એની સાથે રમત-દાવ ખેલવો ન-ખેલવો એ

આપણી ખુશીની વાત છે. રવીન્દ્રનાથે તેથી તો કહ્યું : પ્રભુ, તું મને બહુ વહાલો, તું મને તારો ઇનકાર કરવાની છૂટ આપે છે.

બુદ્ધ ક્યાં ઈશ્વરમાં માનતા? બૌદ્ધોની જેમ જૈનો પણ ઈશ્વરમાં માનતા નથી. ઈશ્વરમાં ન માનનારા એવા કેટલાક આધુનિક નાસ્તિકો ઈશ્વરમાં માનનારા ઘણાબધા કરતાં વધારે સારા માણસો હોય એવું જોવા મળે છે. ગાંધીજીએ પાછળથી વ્યાખ્યા બદલી. ઈશ્વર એ સત્ય છે એને બદલે કહ્યું, સત્ય એ ઈશ્વર છે. અર્વાચીન યુગમાં વિજ્ઞાન, બુદ્ધિવાદ અને સમાજ-સુધારણાને નામે ઈશ્વરની ખબર લઈ નાખવામાં આવે છે. વિજ્ઞાનની સાધનામાં છે એવી નમ્રતા ભાગ્યે જ બીજે

હશે. હું આટલું સાબિતીપૂર્વક સ્વીકારી શકું એમ છું -- આથી વધારે કશી જ મને ખબર નથી, એમ કહીને વિજ્ઞાન નમ્રપણે મૌન રહે છે.

ઈશ્વરમાં ન માનવા છતાં માણસો ધર્મને અનુસરી શકે. જેમ કે, બૌદ્ધો, જૈનો, પણ બુદ્ધિવાદને નામે કોઈક લોકો ઘણા ઈશ્વરવાદીઓ અને ધર્મવાદીઓ કરતાં પણ ઈશ્વર અને ધર્મ અંગે વધુ ઝનૂની બની જતા હોય છે. ઈશ્વરમાં નહીં માનતા હોય તેઓને સૃષ્ટિના ચાલક કોઈક કાનૂનમાં તો માનવાનું આવશે. ધર્મમાં નહીં માનતા હોય તેઓ (બુદ્ધિવાદીઓમાંથી જ ઘણા) પણ કોઈ ને કોઈ સમાજજીવનને પોષક ઉચ્ચ ભાવનાને વરેલા તો જોવા મળવાના. ઈશ્વરને નામે અને માનવ-ઇતિહાસમાં પ્રગટેલા મુખ્યમુખ્ય ધર્મોને નામે ભારે ખાનાખરાબી થઈ

છે, પણ એવું ન થાય એ જોવું જોઈએ. એટલા કારણે ધર્મતત્ત્વને જ માનવ જીવનમાં સ્થાન નથી એમ કહેવામાં, અંગ્રેજીમાં કહેવત છે તેમ, નવડામણના પાણી સાથે બાળકને ફેંકી દેવા જેવું થશે. ધર્મ એ હૃદયને સંસ્કારનારું માનવીનું વલણ છે. માણસ વધારે આંતર સમૃદ્ધિ પામે, વધારે સારો માનવી બને, એને અવિરોધી એવી એની ધર્મચર્યા હોય -- એની ભગવાન પાસે (આસ્થાવાળો હોય તો) પ્રાર્થના હોય.

પ્રાર્થનાનો અર્થ માગણી. બાળક માબાપ પાસે, મોટેરાં પાસે કાંઈક માંગે પણ ખરું. એ સ્વાભાવિક છે, અનુચિત નથી. પણ એનો સંબંધ એકમાત્ર માગણી કર્યા કરવાનો હોય, એ લોલુપતાથી જ વળગેલું રહે, તો એ ઘણો સંકુચિત સંબંધ બની

રહે. `થાય અમારાં કામ,' -- આ વચન અમે એક બાજુ તારા ગુણ ગાયાં કરીએ અને બીજી બાજુ તું અમારાં કામો નિપટાવી આપે એ અર્થમાં નહીં, પણ તારા ગુણસંકીર્તનમાંથી અમે એવું બળ મેળવીએ કે અમારાં કામો સારી પેઠે અમે કરી શકીએ એવું સૂચવવા માટે છે.

બાળપોથીની પ્રાર્થના એવી છે કે સૌ ધર્મના લોકો એ ઉદ્ધારી શકે. એના પાયામાં છે. `નવા કરાર'ના `ગિરિપ્રવચન'માંની પ્રાર્થના. `પવિત્ર તારા નામનો મહિમા હો!' એનો પડઘો `મોટું છે તુજ નામ'માં સરસ સંભળાય છે અને `માફી'ની વાત પણ વણી લેવાઈ છે.

ધર્મભાવનાના ધબકારવાળી સર્વધર્મસમભાવને પોષક પ્રાર્થનાઓને સમુદાય મળ્યો હોય ત્યાં પ્રધાનતા મળવી જોઈએ.

ગાંધીજીએ બાળપોથી લખી છે એ કદાચ થોડાને ખબર હશે. બાર પાઠની બાળપોથીમાંથી વચ્ચે `મને વહાલું વહાલું દાદા રામજીનું નામ' -- એનો પાઠ છે અને છેલ્લા પાઠને અંતે ચાર લીટી હિંદી ગીતની આપી છે જેમાં પ્રભુવિષયક પ્રેમ અને વિસ્મય પ્રગટ થાય છે :

રચા પ્રભુ તૂને યહ બ્રહ્માંડ સારા;
પ્રાણો સે પ્યારા, તૂ હી સબસે ન્યારા. --- રચા૦

તૂ હી ભાઈબંધુ, તૂ હી જગતજનની;

સકલ જગત મેં એક તેરા પસારા. --- રચા૦

પ્રાર્થનાની રચના કાવ્યકોટિએ પહોચી હોય એવું કોઈકોઈ વાર બને છે ત્યારે આનંદનો પાર રહેતો નથી. કવિતા પોતે જ એક અચૂકપણે હૃદયને સંસ્કારનારું બળ છે. સરકારી વાચનમાળાની સાતમી ચોપડીમાં પહેલી જ કવિતા ન્હાનાલાલની હતી તેની આઠ કડીઓમાંથી છેલ્લી, સ્વતંત્ર કાવ્યઘટક તરીકે નભી શકે એવી, ત્રણ કડીઓ નાનપણથી હૃદયમાં રમી રહી છે. બાળપોથીમાં જ ન્હાનાલાલની તારા વિશે `ગણ્યા ગણાય નહીં, વીણ્યા વિણાય નહીં' એ ઉત્તમ કવિતા હતી. વાચનમાળામાં જોડકણાં જેવું પદ્ય નહીં, પણ સાચી કવિતા આપવી

જોઈએ, જેથી ઉત્તમ સંસ્કાર બાળકને મળે. પ્રાર્થના હોય તો તે પણ ઉત્તમ પ્રકૃતિકાવ્ય હોય એ રીતે, ઉત્તમ પ્રાર્થનાકાવ્ય હોવું જોઈએ. બાળપણમાં મળેલી પ્રાર્થનાઓના સંસ્કાર જીવનભરનું ભાથું બની રહે છે એટલે તો ખાસ. બાળપોથીની તારા વિશેની કે પોપટ વિશેની કે ચાંદા વિશેની ઉત્તમ રચનાઓની નીચે કવિશ્રીનું નામ ન હતું, પણ સાતમી ચોપડીની આ કવિતા નીચે હતું એટલે કવિવર્ય ન્હાનાલાલનો ઔપચારિક પરિચય પણ તેમની આ ઉત્તમ કડીઓ દ્વારા થયો --

અસત્યો માંહેથી પ્રભુ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી પ્રભુ! પરમ તેજે તું લઈ જા;

મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ! લઈ જા,
તું-હીણો હું છું તો તુજ દરસનાં દાન દઈ જા.
પિતા! પેલો આઘે, જગત વીંટતો સાગર રહે,
અને વેગે પાણી સકળ નદીનાં તે ગમ વહે;
વહો એવી નિત્યે મુજ જીવનની સર્વ ઝરણી,
દયાના-પુણ્યોના તુજ પ્રભુ! મહાસાગર ભણી.
થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઊચરું,
કૃતિ ઇંદ્રિયોની, મુજ મન વિષે ભાવ જ સ્મરું;
સ્વભાવે બુદ્ધિથી શુભઅશુભ જે કાંઈક કરું,
ક્ષમાદૃષ્ટે જોજો, -- તુજ ચરણમાં નાથજી! ધરું.

પહેલી કડીની ત્રણ પંક્તિઓ વિરોધનાં સબળ ચિત્રો ઊભાં કરે છે. બીજી કડીનો ઉઘાડ જ એક ભવ્ય ચિત્ર આગળ આપણને મૂકી આપે છે. ત્રીજીને અંતે શુભઅશુભ સમેત પોતાનું સમગ્ર હોવાપણું પ્રભુના ચરણે ધરી દઈને હળવા થતા જીવનું ચિત્ર છે. `ક્ષમાદૃષ્ટે જોજો' એ આરજૂભર્યો ઉદ્ગાર તો વાણીવ્યવહારમાં પ્રચલિત પ્રયોગ બની ચૂકયો છે.

આ કડીઓની એક મોટી વિશેષતા એ છે કે તેમાં કવિશ્રીની એક નોધપાત્ર શક્તિ પ્રગટ થાય છે. પ્રાચીન સંસ્કૃત ભાવના-ઉદ્ગારોનો મર્મ ભાવવાહી રીતે ગુજરાતીમાં લઈ આવવાની ન્હાનાલાલની શક્તિ અજોડ છે. પહેલી કડીમાં ઉપનિષદની પ્રસિદ્ધ પ્રાર્થના - સહજ રીતે ઊતરી આવે છે, મૂળના ઉદ્ગારોની ઊંડી

તીવ્રતા સાથે, પોતે અ-સત્યમાં છે, તમસમાં છે, મૃત્યુમયતામાં છે. શા કારણે? પ્રભુથી દૂર થઈ ગયો છે તે એક જ કારણે. પોતે પ્રભુ સાથે સંકળાય તો બધું સમુંસૂતર થઈ આવે. એટલે ચોથી લીટી કવિશ્રીને ઉમેરવાની આવી તેનો ઉપયોગ પણ ઉપરના ત્રણ પ્રાર્થના-ઉદ્ગારોને અનુરૂપ માગણી માટે એમણે કર્યો. હું તું-હીણો (તારા વગરનો, તારાથી વિરહિત) છું. તો નિરંતર તારી સાથે સંબંધમાં ભલે ન રહી શકું, તોયે વચ્ચેવચ્ચે અલપઝલપ દર્શનનો સધિયારો મને તું જરૂર દઈ જા. તારો છું - તારાથી જોડાયેલો છું એ સ્થિતિ સર્જી દે. પરમ સત્ય એટલે જ પ્રભુ, પરમ તેજ એટલે જ પ્રભુ, અમૃત એટલે જ પ્રભુ. હકીકતમાં, જીવની પ્રાર્થના એ છે કે હે પ્રભુ, તું મને પ્રભુ પાસે લઈ જા - તારી પાસે લઈ જા.

એ જ વાત ચોથી (ઉમેરેલી) લીટીમાં કહી કે તારાં દર્શન દઈ જા. (દર્શ=દર્શન, જેમ વર્ણ=વર્ષણ, `વર્ષ'નું `વરસ' એમ `દર્શ'નું `દરસ'.)

બીજી કડીમાં સીધો અનુવાદ નથી, પણ ગીતાના અગિયારમા અધ્યાયના એક ચિત્રને પોતાના ભાવ માટે ઉપ-યોજ્યું છે. વિશ્વરૂપદર્શનયોગનો એ 28મો શ્લોક કવિશ્રીના જ ગીતાના અનુવાદમાંથી ઉતારું :

જેવાં નદીનાં બહુ નીરવ્હેણ
વેગેથી સિન્ધુ જ ભણી વહે છે;
જ્વલન્ત મુખો તમ માંહી તેમ
આ વીર પેસે તરલોક કેરા.

ગીતાનો શ્લોક રૌદ્રરસનો છે. ઉત્તરાર્ધમાં થોડોક જુગુપ્સાનો ભાવ પણ છે. કવિશ્રી ગીતાના ચિત્રને અપૂર્વ છંદોલયથી યોજે છે. એમનો પ્રાર્થનાનો સંદર્ભ આખા ચિત્રને એક કોમળ શામક આલેખમાં પલટાવી દે છે. ચોથી લીટી સાથેના પ્રાસની જરૂરિયાતથી `ઝરણાં'નું નવું રૂપ `ઝરણી' કર્યું તે લાલિત્ય પ્રગટાવે છે. `ઝરણી' શબ્દ `કરણી'ના સંસ્કારો પણ જગાડે છે. બીજા કોઈ કવિએ કદાચ `કરણી' શબ્દ પસંદ કરીને' ઝરણી શબ્દ પડતો મૂક્યો હોત, પણ કવિશ્રીને માત્ર કર્મો ઉપર જ ભાર મૂકવો નથી, કર્મો પાછળ ભાવ, ભાવના, આદર્શ, સ્વપ્નો, અરમાનો -- બધાયનો નિર્દેશ કરવો છે, જે `સર્વ ઝરણી'થી સુચારુ રીતે થઈ જાય છે. `પિતા!' ઉદ્બોધન ખ્રિસ્તી `પ્રભુ-પિતા'ની અસર નીચેનું હોવા કરતાં વૈદિક

પરંપરા પ્રમાણે હોવાનો સંભવ વધારે છે. ત્રીજી કડી શિવ સમક્ષ અપરાધોની ક્ષમા માગવાના શ્લોકનો ભાવ ગુજરાતીમાં લઈ આવે છે.

`હાથ-પગથી કરેલો, વાણી કે શરીરથી ઉદ્ભવેલો, કર્મમાંથી જન્મેલો, કાન-આંખ દ્વારા નીપજેલો અથવા તો મનની ભૂમિકાએ થયેલો, સાક્ષાત્ આચરેલો અથવા આચરણમાં ન મુકાયેલો એવો તમામ પ્રકારનો અપરાધ ક્ષમા કર! કરુણાસિંધુ મહાદેવ, શંભુ, તારો જય હો, જય હો!' આ શ્લોકમાં એક પછી એક અપરાધ વિષયક વિગતોનો ઉપચય થતો આવે છે. તેના ઉચ્છેદ માટે છેલ્લી પંક્તિમાં શંકરની કરુણાને વિજ્ઞપ્તિ છે. કવિશ્રીનો ગુજરાતી શ્લોક હળવાશથી ચાલે છે. કર, ચરણ, શ્રવણ, નયન-નાં વર્તન અને કર્મ--એ બધાનો `કૃતિ ઇન્દ્રિયોની' --

કર્મેન્દ્રિય-જ્ઞાનેન્દ્રિયનાં કાર્ય--માં સમાવેશ કરી દીધો છે. ઉત્તરાર્ધની બે લીટીમાં અપરાધની ક્ષમા તો માગે છે પણ તેમાં ભાવ-ભાવનાનો પલટો અને વિસ્તાર સાધ્યો છે. મૂળમાં એક સુંદર વિગત છે. અપરાધ આચર્યો (`વિહિત') હોય કે અણ-આચર્યો (`અવિહિત') હોય, તે અપરાધ રહે છે જ. (`ગિરિપ્રવચન'માં ઈસુ કહે છે કે જે માણસ સ્ત્રી પ્રત્યે વાસનાથી જુએ તે મનથી વ્યભિચાર કરી ચૂક્યો છે.) `માનસ' (મનની ભૂમિકાએ કરેલા) અપરાધની વાત કરેલી જ છે તે અપરાધ `અવિહિત' પ્રકારનો લેખાય. કવિશ્રીએ `મુજ મન વિશે ભાવ જ સ્મરું' એ શબ્દોથી અવિહિત માનસ અપરાધનું સૂચન કર્યું છે છતાં તેઓ `સ્વભાવે બુદ્ધિથી' થતા અપરાધોનો ઉલ્લેખ કરે છે. સ્વભાવથી-પ્રકૃતિબળે જે અપરાધ થઈ જાય તેનો

અને બુદ્ધિપૂર્વક કરેલા અપરાધનો એ રીતે ઉલ્લેખ થયો છે, જે નોધપાત્ર છે. `બુદ્ધિથી'નો અર્થમાત્ર બુદ્ધિ દ્વારા થયેલો -- શરીરથી આચરાયેલો નહીં એવો (`અવિહિત'નો નિર્દેશ કરતો) પણ લઈ શકાય.

અપરાધ-ક્ષમાપનની સંસ્કૃત શ્લોકની વાત એવા ખ્રિસ્તી વલણને ઠીકઠીક મળતી આવે છે. પણ ત્યાં ન્હાનાલાલ પોતાની પ્રાર્થનાને એક નવો વળાંક આપે છે અને એક વધુ વ્યાપક દૃષ્ટિબિંદુ રજૂ થાય છે. ન્હાનાલાલે `અપરાધ' શબ્દ જ વાપર્યો નથી `અશુભ'માં એ બધું આવી ગયું. પણ દ્વંદ્વના બીજા છેડા `શુભ' ઉપર પણ ખાસ વારી જવા જેવું નથી. ગીતાના બારમા અધ્યાયમાં આદર્શ ભક્તના વર્ણનમાં એક લક્ષણ આપ્યું છે `શુભઅશુભપરિત્યાગી.' આખા શ્લોકનો સંદર્ભ

સમજવા જેવો છે : `જે શુભથી હરખમાં આવી જતો નથી, જે અશુભનો દ્વેષ કરતો નથી, જે અશુભનો શોચ કરતો નથી, શુભની આકાંક્ષા કરતો નથી, જે શુભ-અશુભ બંનેને છોડવાવાળો છે એવો ભક્તિમાન્ મને પ્રિય છે.' કવિ કહે છે શુભ અને અશુભ બંનેને પ્રભુ, તમે ક્ષમાદૃષ્ટિએ જોજો. અને પછી સાચી ભક્તિપ્રવણતાથી ઉમેરે છે, `તુજ ચરણમાં નાથજી ધરું.' બધું અશુભ (મારા બધા અપરાધ, મારાં સર્વ પાપ)તેમજ શુભ (પુણ્ય, સત્કૃત્ય) તારા ચરણમાં ધરી દઉં છું. તું જાણે, મારે કંઈ નહીં. મેં તો તારો અનન્યભાવે આશરો લઈ લીધો.

અપરાધ-પાપ પ્રત્યેની ખ્રિસ્તી દૃષ્ટિથી આ જુદી છે. રામકૃષ્ણ પરમહંસને એક વાર કેશવચંદ્ર સેન દક્શિણેશ્વરને ઘાટે આવી પોતાની સ્ટીમરમાં ફરવા, વાતો

કરવા લઈ જાય છે. રામકૃષ્ણનું એ નૌકાપ્રવચન ગિરિપ્રવચનના જેવું મુમુક્ષુઓ માટે પ્રેરક છે, તેઓ કહે છે : તે (બાઇબલ)માં કેવળ `પાપ'ને `પાપ'! (કેશવ પ્રત્યે) તમારા બ્રાહ્મસમાજમાં પણ કેવળ `પાપ'ને `પાપ' !.. જે રાતદિવસ `હું પાપી', `હું પાપી', એમ કર્યા કરે તે પાપી જ થઈ જાય. ઈશ્વરના નામમાં એવી શ્રદ્ધા હોવી જોઈએ કે મેં ભગવાનનું નામ લીધું છે તોય શું મારામાં હજીય પાપ રહે? એક વાર કહો કે જે ખોટાં કર્મ કર્યાં છે તે હવે નહીં કરું અને પ્રભુના નામમાં શ્રદ્ધા રાખો. મેં માની પાસે કેવળ ભક્તિ માગી હતી. ફૂલ હાથમાં લઈને માને ચરણે મૂક્યાં અને બોલ્યો હતો કે : `મા, આ લો મારું પાપ, આ લો તમારું પુણ્ય, મને શુદ્ધ ભક્તિ આપો; આ લો તમારું જ્ઞાન, આ લો તમારું અજ્ઞાન મને શુદ્ધ

ભક્તિ આપો; આ લો તમારું પવિત્ર, આ લો તમારું અપવિત્ર, મને શુદ્ધ ભક્તિ આપો; આ લો તમારો ધર્મ, આ લો તમારો અધર્મ, મને શુદ્ધ ભક્તિ આપો.' આપણા કવિએ અંતઃસ્ફુરણાના બળે રામકૃષ્ણની વાત `શુભ-અશુભ જે કંઈક કરું, ક્ષમાદૃષ્ટે જોજો, તુજ ચરણમાં નાથ્ડાજી ધરું' એ શબ્દોમાં સબળપણે મૂકી દીધી છે.

કવિશ્રીની મૂળ કૃતિ `પ્રાર્થનાષ્ટક'ની આ ત્રણ છેલ્લી કડીઓ એક સ્વાયત્ત એકમ જેવી બની રહે છે. પ્રથમ કડીમાં પ્રભુ સાથેનો જીવંત સંપર્ક માગ્યો. એનો સંપર્ક થયા પછી તેની સાથે જોડાવાનો. સતત જોડાયેલા રહેવાનો એક માર્ગ તે પોતાના અસ્તિત્વના તમામ આવિષ્કારો તેનામાં જઈને મળે-ભળે તે. એને

માટેની માગણી કરી તે વખતે મનમાં થાય કે પ્રભુરૂપી મહાસાગરમાં ભળવા માટે આ ઝરણીઓ પાત્ર નહીં હોય તો? ત્યારે એટલો નિશ્ચય કર્યો કે જેવી છે તેવી તારા ચરણમાં ધરીશ. તારી સાથે નિત્ય અનુસંધાન રાખવા પ્રયત્નશીલ રહીશ, પછી જેવો હું થવા -- રહેવા પામીશ તેવો તારામાં ભળ્યે જઈશ. કવિશ્રીએ પરંપરામાંથી મળેલા પ્રભુવિષયક ખ્યાલો `અષ્ટકરૂપે' છૂટકત્રુટક નિરૂપવા માંડ્યા, વચ્ચે ક્વચિત્ `નમું આત્મા ઢાળી' જેવા ટુકડામાં એમની વાક્ષક્તિુરાતન ઉદ્ગારોય તે કવિશ્રીની સર્જકશક્તિના પ્રભાવે કાવ્યાકાર પામી રહ્યા.

ઉમાશંકર જોશી

ન્હાનાલાલ - હરિ! આવોને

આ વસન્ત ખીલે શતપાંખડી, હરિ! આવોને;
આ સૃષ્ટિએ ધરિયા સોહાગ; હવે તો હરિ! આવોને.
આ વિશ્વ વદે છે વધામણી, હરિ! આવોને;
આવી વાંચો અમારાં સૌભાગ્ય; હવે તો હરિ! આવોને.
આ ચન્દરવો કરે ચન્દની, હરિ! આવોને;
વેર્યાં તારલિયાનાં ફૂલ; હવે તો હરિ! આવોને.
પ્રભુ પાથરણાં દઈશ પ્રેમનાં, હરિ! આવોને;
દિલ વારી કરીશ સહુ ડૂલ; હવે તો હરિ! આવોને.
આ જળમાં ઊઘડે પોયણાં, હરિ! આવોને;

એવા ઊઘડે હૈયાના ભાવ : હવે તો હરિ! આવોને.
આ માથે મયંકનો મણિ તપે, હરિ! આવોને;
એવા આવો, જીવનમણિ માવ! હવે તો હરિ! આવોને.
આ ચન્દનીભરી છે તળાવડી, હરિ! આવોને;
ફૂલડિયે બાંધી પાજ; હવે તો હરિ! આવોને.
આ આસોપાલવને છાંયડે, હરિ! આવોને;
મનમહેરામણ મહારાજ! હવે તો હરિ! આવોને.
મ્હારે સૂની આયુષ્યની શેરીઓ, હરિ! આવોને;
મ્હારે સૂની સૌ જીવનની વાટ; હવે તો હરિ! આવોને.
મ્હારા કાળજ કેરી કુંજમાં, હરિ! આવોને;
મ્હારા આતમસરોવરઘાટ, હવે તો હરિ! આવોને.

ગુજરાતી કવિતાના અભ્યાસીને `ને બીડેલા કમલ મહીં બંધાઈ સૌદર્ય ઘેલો/ડોલે લેટે અલિ મૃદુ પદે, વાય આ વાયુ તેવો' (ઠાકોર) કે `જલધિજલદલ ઉપર દામિની દમકતી,/યામિની વ્યોમસર માંહી સરતી' (કાન્ત) એ પંક્તિઓ અજાણી નથી. સમગ્ર બ્રહ્માંડને એક પુષ્પ તરીકે જોવું કે સમુદ્રને પુષ્પ તરીકે જોવો, એ કલ્પન આપણને પરિચિત છે. પંડિતયુગના કવિ ન્હાનાલાલે સ્વયં વસંતને શતપાંખડીએ ખીલતા પુષ્પ તરીકે જોઈ છે. ચૈતન્ય એના પ્રત્યેક અંશમાં વિકસે નહિ ત્યાં સુધી `હરિ આવનની આવાજ'ને પણ કેમ સાંભળી શકાય? કવિ ભાવને ઉભડક, લૂલો કે લપટો રાખવા માગતા નથી. એટલે જ ચીધીચીધીને કવિ ભારપૂર્વક અને ભાવપૂર્વક કહે છે `આ વસંત ખીલે શતપાંખડી', `આ વિશ્વ વદે છે વધામણી'

વગેરે. અહીં `આ'નું આવર્તન લયને પ્રવાહિત કરવામાં તો મદદ કરે જ છે, પણ એનાથી ભાવ ઘૂંટાઈને ઘટ થાય છે. લયની વહનતા અને ભાવની સઘનતા સમાન્તરે રહે છે : મીરાં અને રાધા જાણે કે સમરસ થઈ ગયાં હોય, કહો કે નરી ભક્તિમયતા અને નરી રસિકતા એકત્વ પામ્યાં હોય, એવી નવવધૂ જેવી સૃષ્ટિએ `સોહાગ ધરિયા' છે અને એ પ્રતીક્ષાની પરાકાષ્ઠારૂપે કહે છે : `હવે તો હરિ આવોને.' `હવે તો' એ શબ્દોમાં ન્હાનાલાલની કેવળ લયસૂઝ નહિ, પણ આધ્યાત્મિક અજંપાનું સાકાર સ્વરૂપ પણ જોઈ શકાય છે. `હરિ આવો ને', `હવે તો હરિ આવોને'ની એક શાંત ધૂન પંક્તિએ પંક્તિએ છાયાપડછાયાની જેમ અનુસરે છે. આપણી વધામણીના જવાબમાં ખુદ પરમાત્મા આવીને આપણને

વાંચે, એની આંખ અને દૃષ્ટિ આપણી બારાખડીને, કુંડળીને ઉકેલી આપે, અને આપણા પર એક પરમ સૌભાગ્યની મુદ્રા અંકાઈ જાય, એનાથી અવર કોઈ ધન્યભાગ્ય હોઈ શકે ખરું?

આ કાવ્યકૃતિમાં ગીતમાં હોવું જોઈએ એવું ભાવસાતત્ય અને વિકાસ છે, પણ મજા એ છે કે પ્રત્યેક કડીને ગઝલના શેરની જેમ સ્વતંત્રપણે પણ માણી શકાય છે. શબ્દવૈભવી ન્હાનાલાલ ચંદનીનો ચંદરવો બાંધીને અટકે નહિ, જેમને `ફૂલની પરબ' માંડવાની કલ્પના સૂઝી હોય એમને સમગ્ર વિશ્વ ફૂલમય જણાય, તો પછી એ તારલિયાનાં ફૂલ વેર્યા વિના કેમ રહે! એમણે માંડેલી ફૂલની પરબ તો

ગુજરાતી કવિતાને એટલી હદે ફળી છે કે પ્રિયકાન્ત જેવા કવિ તો ફૂલમય વિશ્વને આ રીતે ગાય છે :

ફૂલનો પવન લોચન મારે વાયો,
આકાશ ભરાય એટલી સુગંધ લાવ્યો.
કોઈ તરુ ના, કોઈ ના ડાળી
કોઈ ના ડાળખી, પાન;
ફૂલ ફુવાર એકલો ફૂટે જેમ કવિનાં ગાન;
ફૂલનો સૂરજ હૃદયે વાવ્યો,
ફૂલનો વળી છાંયડો છાંયો.
ફૂલની નદી1 ફૂલનું તળાવ, ફૂલનું નાનું ગામ,

ફૂલનો દીવો, ફૂલહિંડોળો ફૂલમાં ફોર્યા રામ;
કાળને સાગર જાત ડૂબી ત્યાં તરતાં ફૂલથી ફાવ્યો,
ફૂલનો પવન લોચન મારે વાયો.2

(આ કવિ વિશેનો પ્રો. મનસુખલાલ ઝવેરીનો લેખ જુઓ. `અભિનવ ભારતી' દીપોત્સવી અંક, નવેમ્બર 1976, પૃ. 33.) સમગ્ર સૃષ્ટિ ન્યોછાવર કરી દો પણ ઈશ્વરને આ બધા વૈભવનો કોઈ મહિમા હોઈ શકે ખરો? એટલે જ વાતને અને ભીતરને સહેજ પણ ઢાંકપિછોડા વિના પૂરેપૂરું ખોલીને કવિ કહે છે :

પ્રભુ પાથરણાં દઈશ પ્રેમનાં, હરિ! આવોને;

દિલ વારી કરીશ સહુ ડૂલ; હવે તો હરિ! આવોને.

ન્હાનાલાલે ફૂલને તારલિયાનું તેજ આપ્યું અને તારલિયાને ફૂલની સુવાસ આપી. હૃદયના ભાવને પોયણાંનો ઉઘાડ આપ્યો અને `મયંકના મણિ' જેવા `જીવનમણિ'ને ઇજન આપ્યું.

ભક્તિની ઘેલછા એવી હોય છે કે શું કહ્યું છે અને શું કહેવાઈ રહ્યું છે એના તર્કબદ્ધ અંકોડા નથી જળવાતા, કારણ કે ભક્તિની ભાષા ગણિત અને ગણતરીથી પર હોય છે. ચંદનીનો ચંદરવો બાંધ્યો. એ વાત તો ભુલાઈ પણ ગઈ. અથવા કહો કે એ ગવાયેલી વાતને ફરીપાછી નવેસરથી ગાવી છે. એટલે તો અહીં હરિને માટે

કવિએ ફૂલડાંની પાજે મઢાયેલી ચંદનીની તળાવડી ભરી છે. ઈશ્વરી તત્ત્વ અલૌકિક ભલે હોય, પણ કેવળ આકાશી નથી એમ જાણે કે કવિ સૂચવવા માગતા ન હોય, એ રીતે પહેલાં એમણે ચંદનીનો ચંદરવો બાંધ્યો -- પૃથ્વી પર, પણ પછી આખી તળાવડીને ચાંદનીથી છલકાવી દીધી, અને આમ ઈશ્વર આકાશમાં હોય તોપણ એનું પ્રતિબિંબ પરખાય છે પૃથ્વીમાં.

ન્હાનાલાલની કવિતા માટે આપણાં લોકગીતોએ પ્રાણવાયુની ગરજ સારી છે :

દૂધે ભરી છે તળાવડી, ને
મોતીડે બાંધેલ પાળ;
માવા, મહીડાં ઢોળીશ મા.3

ન્હાનાલાલે કેવળ પુરોગામી પાસેથી લીધું જ નથી, પણ અનુગામી પેઢીઓને આપ્યું પણ છે. દા.ત.,

આ ચળકે વાદળ-તલાવડી કોઈ ઝીલો જી.
એની તડકે બાંધી પાળ હો કોઈ ઝીલો જી.4
(બાલમુકુન્દ દવે)
મા! પાવા તે ગઢથી ઊતર્યાં, મહાકાળી રે

નો બંને કાવ્યોમાં વીસ પંક્તિઓમાં વહેતો એક જ પ્રચલિત ઢાળ, અને બરાબર 13-14 પંક્તિઓમાં છતું થતું ન્હાનાલાલ-બાલમુકુન્દનું સામ્ય અભ્યાસીએ માણવા જેવું છે.

સૌને છાંયડો આપનાર હરિને માટે આસોપાલવનો છાંયડો છે. પણ હરિ આપણી બાહ્ય સભરતાના સાથી કે સાક્શી નથી; એ તો આપણા સૂનકારમાંથી જ સૂનકારને સભર કરવા આયુષ્યની શેરીમાં ગોકુળ અને વૃંદાવનની કુંજગલીઓ રચી આપે છે. આટલું કહ્યા પછી ન્હાનાલાલ નામ પાડીને `કાળજ કેરી કુંજમાં' કે `આતમસરોવરઘાટ' કહે છે એ ઉઘાડેલાને વધુ ઉઘાડવા જેવું છે. એક વાર

બારણાં ખૂલી જાય, પછી હાથમાં રહેલા તાળામાં ચાવી ફેરવ્યા કરવાનો અર્થ ખરો?

ન્હાનાલાલ જેવા કવિ જ્યાં થાપ ખાય, ત્યાં આપણે તો એટલું જ સમજવાનું કે ગીતનો પ્રારંભ જેટલો મહત્ત્વનો અને મુશ્કેલ છે, એટલું જ, કદાચ એથીયે વધુ, એનું સમાપન પણ મહત્ત્વનું અને મુશ્કેલ છે.

`વિરાટ' શબ્દના શોખીન ન્હાનાલાલે આ કાવ્યમાં વસંતની એક વિરાટ પુષ્પ તરીકે કલ્પના કરી છે, અને હરિને, વિરાટને વિરાટ દ્વારા જ આમંત્રણ આપ્યું છે; જોકે `હરિનાં દર્શન'માં ગાયું છે એમ :

સ્વામી સાગર સરિખા રે, નજરમાં ન માય કદી;
જીભ થાકીને વિરમે રે, `વિરાટ વિરાટ' વદી.5

સુન્દરમ્ પણ આ જ વાતને `વિરાટની પગલી'6માં રજૂ કરે છે, પણ એમનો એ વખતનો આધ્યાત્મિક અનુભવ રવીન્દ્રશાઈ રંગદર્શી વલણનો લાગે છે. આ બંને કવિઓના ઉદ્ગારોનું નોખાપણું અને અનોખાપણું કેવું છે કે સાહિત્ય-ઇતિહાસના રસિક અભ્યાસીઓએ જોવા જેવું છે.

ન્હાનાલાલ - જોગીઓનું ગીત

પરમ ધન પ્રભુનાં લેજો, લોક!

રૂપું ધન, ધન સોનું

હો અબધૂત! હીરા મોતી ઝવેર;

હો અબધૂત! હીરા મોતી ઝવેર;

સમા ધન, ધન જોબન, ચળ સહુ,

અચળ બ્રહ્મની લહેર;

પરમ ધન પ્રભુનાં લેજો, લોક!

નહીં સૂરજ, નહીં ચન્દ્ર,

હો અબધૂત! નહીં વીજળી ચમકાર;

હો અબધૂત! નહીં વીજળી ચમકાર;
અગમનિગમની યે પાર અપાર એ
બ્રહ્મ તણા ભંડાર;
પરમ ધન પ્રભુનાં લેજો, લોક!
દૂર થકી પણ દૂર,
હો અબધૂત! પ્રાણ થકી પણ પાસ,
હો અબધૂત! પ્રાણ થકી પણ પાસ;
ઊગે, તપે કે આથમતાંયે
એ ધન છે અવિનાશ :
પરમ ધન પ્રભુનાં લેજો, લોક!

આપણે સંસારના માણસો વેચતા હોઈએ છીએ, પણ સંસારની ક્ષણભંગુરતા જેમને સમજાઈ ચૂકી છે એવા જોગીઓ વહેચતા હોય છે, સંસારના લોકો જે વસ્તુઓનાં મોમાંગ્યાં દામ ચૂકવે છે અને ઊઘરાવે છે એ કેટલી નાશવાન હોય છે!

રત્નો, મોતી, ઝવેરાત, સુવર્ણ -- આ બધું જ ચલાયમાન છે : પણ જોગીઓ જ્યારે આ જગતમાં ભૂલા પડે છે ત્યારે આવી કોઈ વસ્તુ વેચવા માટે સાદ નથી પાડતા. એ સૌ કોઈના કાન સુધી નહીં, પણ હ્રદય સુધી પહોચે એવા સાદે કહે છે : પરમ ધન પ્રભુનાં લેજો, લોક !

પ્રભુનું પરમ ધન મને પ્રાપ્ત થયું છે અને મને મળ્યું છે એ મારે `ગુંજે' નથી ભરવું. એનો `ગુલાલ' કરવો છે, એમ કહી આ કલંદરો પોકારી પોકારીને કહે છે : પ્રભુના પરમ ધનની અહીં લહાણી કરીએ છીએ. જેને જોઈએ એ, લઈ જજો.

પણ આ લહાણી કેવી છે? સંસારના લોકોને જેનો મહિમા છે, એનો ત્યાગ કરવાની વાત જોગી કરે છે અને બદલામાં જે આપે છે એનો સ્થૂળ મહિમા કશો જ નથી અને સૂક્ષ્મ મહિમા મૂલવતાં કેટલાને આવડશે? કબીર કહે છે :

કબીરા ખડા બજાર મેં લિયે લુ઼કાઠી હાથ,
જો ઘર ફૂંકે આપના ચલે હમારે સાથ.

કબીર તો હાથમાં સળગતી મશાલ લઈને ભરીબજારમાં ઊભો છે અને પોકારીને કહે છે : `ચાલો અમારે રસ્તે આવવું છે? પણ એમાં એક જ શરત છે : જે પોતાના ઘરને આગ લગાડી શકે, એ ભલે અમારી સાથે આવે!

અહીં પણ કવિને સુવર્ણ કે રત્નનો મહિમા નથી; બ્રહ્મની અચળ લહેર એ આપવા માગે છે; સૂરજ, ચંદ્ર, વીજળી -- આ બધાં પણ એ પરમ ધન સંપન્ન કરવાના માર્ગમાં રહેલાં પ્રલોભનો છે. ઇકબાલે કહ્યું છે ને?

સિતારો સે આગે જહાં ઔર ભી હૈ,
અભી ઇશ્ક કે ઇમ્તિહાં ઔર ભી હૈ.

સિતારાઓની, સૂર્ય-ચન્દ્રની, અરે, આ સકળ અગમનિગમની સૃષ્ટિને પાર જે ભંડાર પડ્યો છે, એ કવિ લોકો સમક્ષ ખુલ્લો મૂકે છે. સંતો, સાધુઓ, દ્રષ્ટાઓ અને અવતારોએ આ ભંડારની ચાવી સામાન્ય માણસના હાથ સુધી ઘણી વાર સોપી દીધી છે, પણ ભાગ્યે જ કોઈ એ ચાવી પામી એમાં રહેલા વૈભવને પામવા ઉત્સુક થયું છે!

આ ગીતમાંના જોગી જે પરમધામની લહાણી આપણી સમક્ષ કરે છે એ પહોચી ન શકાય એટલું દૂર લાગે છે અને છતાંય કદાચ એ પ્રાણથી પાસે છે! પ્રાણ એ માણસને કદાચ સૌથી નિકટની સગાઈ ધરાવનારું તત્ત્વ લાગે છે. પણ પ્રાણથીયે વધારે નિકટ આ પરમ પ્રેમ છે.

એ તો આ અવિનાશી ધનની લહાણી કરવા તૈયાર છે, પણ એ લેવા કોઈ આગળ વધે છે ખરું! બધાં જ પાર્થિવ આચરણો હઠાવી દિયે ત્યારે અપાર્થિવતાનું એક તત્ત્વ આપણને મળતું હોય છે, પણ એ મેળવવા માટે ઘણું ખોવું પડે છે; આ પરમ ધન મેળવવું હોય તો એ તૈયારી હોવી ઘટે : ફરી એક વાર કબીરને જ યાદ કરીએ તો :

સાધુ કહાવન કઠિન હૈ લમ્બા પેડ ખજૂર
ચઢૈ, તો ચાખે પ્રેમરસ ગિરૈ તો ચકનાચૂર.

આ માર્ગે જવું એ ખજૂરીના વૃક્ષ પર ચડવા જેવો અનુભવ છે : ચડે તો પ્રેમરસ મળે છે, પણ જો સાવધ ન રહ્યો અને હાથની પકડ ઢીલી પડી તો ચૂરચૂર થઈ જવું પડે છે!

હરીન્દ્ર દવે

ન્હાનાલાલ = હરિનાં દર્શન

મ્હારાં નયણાંની આળસ રે, ન નીરખ્યા હરિને જરી;
એક મટકું ન માડ્યું રે, ન ઠરિયાં ઝાંખી કરી.

શોક-મોહના અગ્નિ રે તપે, ત્હેમાં તપ્ત થયાં;
નથી દેવનાં દર્શન રે કીધાં, ત્હેમાં રક્ત રહ્યાં.

પ્રભુ સઘળે વિરાજે રે, સૃજનમાં સભર ભર્યા;
નથી અણુ પણ ખાલી રે, ચરાચરમાં ઊભર્યા,
નાથ ગગનના જેવા રે, સદા મ્હને છાઈ રહે;
નાથ વાયુની પેઠે રે સદા મુજ ઉરમાં વહે.

જરા ઊઘડે આંખડલી રે, તો સન્મુખ તેહ તદા;
બ્રહ્મ બહ્માંડ -- અળગા રે ઘડીયે ન થાય કદા.

પણ પૃથ્વીનાં પડળો રે, શી ગમ ત્હેને ચેતનની?
જીવે સો વર્ષ ઘુવડ રે, ન ગમ ત્હોયે કંઈ દિનની.

સ્વામી સાગર સરિખા રે, નજરમાં ન માય કદી;
જીભ થાકીને વિરમે રે, `વિરાટ, વિરાટ' વદી.

પેલાં દિવ્ય લોચનિયાં રે પ્રભુ! ક્ય્હારે ઊઘડશે?
એવાં ઘોર અન્ધારાં રે પ્રભુ! ક્ય્હારે ઊતરશે?

નાથ! એટલી અરજી રે, ઉપાડો જડપડદા;
નેનાં! નીરખો ઊડેરું રે, હરિવર દરસે સદા.

આંખ! આળસ છાંડો રે, ઠરો એક ઝાંખી કરી;
એક મટકું તો માંડો રે, હૃદયભરી નીરખો હરિ.

ન્હાનાલાલના આ કાવ્યનું શીર્ષક ભલે `હરિનાં દર્શન' હોય, તેમાં કવિએ વાત કરી છે તે તો હરિનાં અદર્શનની, દર્શનના અભાવની, અને દર્શનની અશક્તિ છતાં દર્શનની ઝંખનાની. કાવ્ય ભલે શરૂ થતું હોય `મ્હારાં' શબ્દથી, પણ અહીં પોતાના મમત કે મમત્વની વાત નથી, આપવડાઈની વાત નથી. અહીં છે તો પોતાની

અશક્તિનો એકરાર છે. અફસોસ પણ છે. પણ અહીં આત્મનિંદા નથી. આશા છે પોતાની અશક્તિને અતિક્રમી જવાની. હરિનાં દર્શન જે આજે શક્ય નથી તે આવતી કાલે શક્ય બનશે એવી આશા છે.

નયણાં બીજું તો ઘણું બધું જુએ છે પણ જે પરમદર્શનીય છે તે હરિને `ન નીરખ્યા જરી' નીરખવાની વાત તો દૂર રહી, અલપઝલપ ઝાંખી પણ નથી કરી, કારણ? કારણ હજી આ સંસારમાં, તેના શોક, મોહમાં અટવાયેલાં રહ્યાં છે નયણાં આજ સુધી. ઉપનિષદ તો કહે છે કે - આ સૃષ્ટિના પ્રત્યેક અણુઅણુમાં ઈશ્વરનો વાસ છે. કવિ પણ આ વાત જાણે છે, સમજે જ છે. પ્રભુ સઘળે વિરાજે રે... ચરાચરમાં ઊભર્યા. પણ એટલું કહેવાથી સંતોષ થાય તો એ કવિનો જીવ શાનો?

અખો કહે છે તેમ વસ્તુ તો ગૂંગાનો ગોળ છે અને છતાં એની વાત કર્યા વગર `પ્રેમભક્તિ' જેનો ધ્યેયમંત્ર છે તે કેમ રહી શકે? હરિએ જે પંચમહાભૂતમાંથી આ સૃષ્ટિનું સર્જન કર્યું છે તેનો જ ઉપમાન તરીકે ઉપયોગ કવિ કરે છે -- `નાથ ગગનના જેવો', `નાથ વાયુની પેઠે' આકાશ અને વાયુની જેમ નાથ તો સર્વવ્યાપી છે અને છતાં દર્શન નથી કરતી કવિની આંખ. બ્રહ્મનો વાસ બ્રહ્માંડમાં છે, શિવનો જીવમાં, એમ કવિના ઉરમાં પણ છે જ. પણ આંખ નથી બહાર જોતી નથી અંદર જોતી હરિને. કારણ પૃથ્વીનાં જડતત્ત્વોનાં પડળનાં આવરણો આડે આવે છે. સત્યનારાયણના પ્રસાદના શીરામાં અણધારી રીતે કાંકરી આવી જાય તેવી અણધારી પંક્તિ આવી જાય છે. `જીવે સો વર્ષ ઘુવડ રે, ન ગમ ત્હોય કંઈ

દિનની' આખી કૃતિમાં ભાવયોગ સાથે આ પંક્તિ બંધ બેસતી નથી. પોતાની જાતને `ઘુવડ' કહી આત્મનિંદા કરવાની જરૂર નહોતી.

સાગરને આંખ દ્વારા પામી શકાય માપી ન શકાય. સ્વામી, નાથ, હરિ પણ છે સાગર સરખા -- તેની સમગ્રતામાં ક્યારેય આંખમાં ન સમાય. જેમ આંખનું કામ નહીં તેમ અહીં જીભનુંય કામ નહીં, કારણ તેના વર્ણન માટે તો `વિરાટ' શબ્દ પણ વામણો જ પુરવાર થાય. હરિનાં દર્શન ગગન, વાયુ કે સાગરને જોઈ શકનાર, ચર્મચક્શુથી નહીં, દિવ્યચક્શુથી જ શક્ય. એ ક્યારે ઊઘડશે એની તાલાવેલી પણ હરિકૃપા વગર એ દિવ્યચક્શુ ઊઘડવા અશક્ય. પણ સાથોસાથ જીવની સજ્જતા પણ જરૂરી જ નહીં, અનિવાર્ય. જીવની સજ્જતા અને શિવનો કૃપાપ્રસાદ બંને

ગંગા-જમનાની જેમ એકમેકમાં ભળે તો જ `હૃદયભરી નીરખો હરિ'નો પ્રયાગ રચાય. શબ્દકોશમાં મરેલાં માછલાં જેવા પડેલા શબ્દો કવિતાના દમયંતીસ્પર્શથી સજીવન થઈ ઊઠે એ વાત સાચી. શબ્દના અભિધેયાર્થને સારો અને સાચે કવિ અતિક્રમી જાય એય સાચું. છતાં સકારણ, સપ્રયોજન ન હોય, તો શબ્દના અભિધેયાર્થથી અસંગત એવો શબ્દપ્રયોગ ખૂંચ્યા વગર ન રહે. `મટકું'નો અભિધેયાર્થ છે `આંખનો પલકારો' અને પરંપરાથી તેની સાથે જોડાયેલું ક્રિયાપદ કે `મારવું'. પણ અહીં કાવ્યની બીજી અને છેલ્લી પંક્તિમાં `મટકું ન માંડ્યું' અને `મટકું' તો માંડો રે' કવિને ખરેખર તો `અનિમેષ' અભિપ્રેત હશે? હિંદીમાં તેને માટે `એક ટક' એવો પ્રયોગ થાય છે. એની અસર નીચે `મટકું' એટલે તાકીતાકીને

જોવું, નજર માંડીને જોવું એમ કવિએ માની લીધું હશે? `મટકું' મંડાય નહીં, મરાય. મંડાય તો એ `મટકું' ન રહે.

અને છતાં આ પદ ગણગણવું ગમે તેવું છે, તેમાંના ભાવની સચ્ચાઈને કારણે અને તેની સરળ અભિવ્યક્તિને કારણે... મધ્યકાલીન ભક્તકવિઓની ઉત્તમ કવિતાની સૌથી નજીક પહોચી શકતાં ભક્તિકાવ્યો કોઈ અર્વાચીન ગુજરાતી કવિએ લખ્યાં હોય તો તે ન્હાનાલાલે. આ વાતનો અણસારો આ કાવ્યમાંથી પણ મળી રહે છે.

। દીપક મહેતા

પ્રદીપજી - કમાલ

ઉપર ગગન વિશાલ, નીચે ગહરા પાતાલ
બિચ મેં ધરતી, વાહ મેરે માલિક, તુને કિયા કમાલ...

એક ફૂંક સે રચ દિયા તૂને, સૂરજ અગન કા ગોલા
એક ફૂંક સે રચા ચંદ્રમા, લાખો સિતારો કા ટોલા
તૂને રચાયા પવન ઝકોલા, યે પાની ઔર યે શોલા
યે બાદલ કા ઉડનખટોલા, જિસે દેખ હમારા મન ડોલા
સોચ સોચ કર કરે અચમ્ભા, નજર ન આતા એક ભી ખમ્ભા
ફિર ભી યે આકાશ ખડા હૈ, હુએ કરોડો સાલ. માલિક, તૂને...

તૂને રચા એક અદ્ભુત પ્રાણી, જિસકા નામ ઇન્સાન
જિસકી નન્હી જાન કે ભીતર, ભરા હુઆ તૂફાન
ઇસ જગ મેં ઇન્સાન કે દિલ કો, કૌન સકા પહચાન
ઇસમેં હી શૈતાન છુપા હૈ, ઇસમેં હી ભગવાન
બડા ગજબ કા હૈ યે ખિલૌના, ઇસ કી નહીં મિસાલ. માલિક, તૂને...

ચીન સાથેની લડાઈ વખતે લતા મંગેશકરને કંઠે `અય મેરે વતન કે લોગો' સાંભળીને સ્વ. જવાહરલાલજીની આંખોમાં જ કે તે વખત પૂરતાં જ આંસુ ઊભરાયાં એવું નથી; આજે પણ દર્દની તીણી ચીસ જેવું એ ગીત લતાના કંઠે સાંભળનારી કેટલીય વ્યક્તિઓના કંઠે ડૂમો ભરાય છે... આ તાજેતરના

ભૂતકાળની વાત. એ જ પ્રમાણે લગભગ કિશોરાવસ્થામાં સાંભળેલું આ ગીત (ડ્રમાથી વિરુદ્ધ એવી) કોઈ પ્રસન્નતા મનમાં પાથરી દે છે -- આજે પણ યાદ છે ત્યાં સુધી ફિલ્મ `મશાલ', પડદા પર અશોકકુમાર, પાર્શ્વગાયક મન્ના ડે અને ગીતના લેખક પ્રદીપજી. ફોટોગ્રાફીએ સર્જેલું ખડકોના ને વાદળોના પર્વતોનું એક રૂપેરી દૃશ્ય અને વચમાં ટહેલતો માનવ...

મન્ના ડેનું નામ અને આ ગીતની પસંદગી : એટલે શ્લેષ કરવાનું મન થાય છે! કવિતાને પામવા માટે આપણા `મનની આડે' કશું ન આવવું જોઈએ; ફિલ્મનું ગીત હોય અને મન્ના ડે ગાય તોપણ મન-આડે કશું નહીં -- નહીં કોઈ બાધ, બાધા કે કંઠી! `વિશાળ' ગગન અને `ગહરા' પાતાળ -- અને આ બેની વચ્ચે જે

ધરતી છે એ ધરતી પોતે જ એક `નાનારંગી' ચમત્કાર છે : અને એટલે જ કવિ કહી ઊઠે છે `વાહ! મેરે માલિક!' ખુદ ખુદાને પણ અહીં આવીને જીવવાનું મન થાય એવી મન મૂકીને કરેલી કમાલનું કામણ છે. (ટાગોરને સ્વર્ગ કરતાં પણ પૃથ્વીની `મંદારમાલા' ગ્રહણ કરવાનું મન થાય તેમાં શી નવાઈ?)

મનુષ્યની ફૂંકથી તો દીવો બુઝાય... પણ બ્રહ્માંડના આ મહામના માલિકની એક ફૂંકમાત્ર અહીં મહાદીપ સૂરજના અગનગોળાને `રચી' આપે. બીજી એક ફૂંક અને ચન્દ્ર રચાઈ જાય અને આ સૂરજ-ચંદ્ર જેવી અદ્વિતીય રચનાને ઉઠાવ આપતી પાર્શ્વભૂ તરીકે લાખો સિતારાઓનાં `ટોળાં' રચાઈ જાય. આ ટોળાબંધ સર્જનમાં પણ કૌશલ્ય કેવું કે પ્રત્યેક તારો, પ્રત્યેક સિતારો પાછો નોખો અનોખો! આ લીલા

કેવી છે! પાણી અને આગની લીલા, ફૂંકના બ્રહ્માંડવ્યાપી પવનમાં ને પવનની ફૂંકમાં પરિવર્તનલીલા, વાદળ અને વરસાદની લીલા આ બધું ઝીણી નજરમાં સમાવતાં માનવનું મન ડોલી ન ઊઠે તો જ નવાઈ! મન ઝાલ્યું ઝલાય નહીં, માન્યું મનાય નહીં. માનવ પાસે એક પોતીકી લીલાનું વિશ્વ છે -- વિચારની લીલા. `સોચ સોચ' કર્યા જ કરો, વિચાર્યા જ કરો, તાગ્યા જ કરો પણ તગાય નહીં... બધા વિચારનો અંત અંતે તો કમાલ! વાહ! અહો!ના વિસ્મયમાં જ આવે... કરોડો સાલ, સદીઓની સદીઓથી આ આકાશ અધ્ધર ઊભું છે અને તેને ટેકવવા માટે, એક્કેય થાંભલો ક્યાંય દેખાતો નથી! (આપણાં શાસ્ત્રોમાં દિક્પાલ હાથીઓની કલ્પના છે.) કોઈ પણ કમાનના આધાર વગર અધ્ધરઅધ્ધર રહેલું

આ આકાશ તો કમાલની પણ કમાલ... આ તો ઈશ્વરની કૃતિઓમાંની એક પ્રકૃતિની જ વાત થઈ, પરંતુ એ પ્રકૃતિની ટોચ જેવા - `સૃષ્ટિબાગનું અમૂલ ફૂલ' જેવા - મનુષ્યપ્રાણીનું આ કેવું અદ્ભુત એવું સર્જન! આ અદ્ભુત પ્રાણીને પણ કંઈક નામ આપવું રહ્યું; તેને આપણે એક `સામાન્ય નામ' -- ઇન્સાનથી ઓળખશું! (આપણે ખરેખર એને ઓળખી શકશું?) માનવનું હૈયું કેવું? `નન્હી જાન' : નાનકડું હૃદય, એક ખોબા જેવું; પણ એ તો પારાવારને પણ સમાવી શકે અને છતાં ક્યારેક એકાદ નાનકડા આંસુના બુંદને પણ સહી ન શકે એને `પીજવામાં વાર શી?' એ નાનકડા દિલમાં ભર્યા પડેલાં તોફાન, આંધી, ઝંઝાવાત અને -- શાંતિ! આ બધું જ અને છતાં `આ જન્મ' તો આજન્મ પાર ન પમાય, એને કોઈ ઓળખી

ન શકે, એમાં જ શયતાન છે. એમાં જ ભગવાન છે : એમાં જ દાનવ છે, એમાં જ દેવ છે : એમાં જ દાવાનળ છે, એમાં જ શાતાદળ છે. અંતે તો મનુષ્ય એ ઈશ્વરનું રમકડું જ છે (અને મનુષ્ય માટે પણ `ઈશ્વર એક મોટું રમકડું'જ છે ને! ) પણ આ રમકડું `બહુ ગજબ'નું છે. એની મિસાલ, એનું ઉદાહરણ ક્યાંય ન જડે. એ એટલો બધો અદ્વિતીય છે, અનુપમેય છે કે માનવ થવા માગે તો કોના જેવો થવા માગે? એનો આદર્શ કોણ? (હું માનવી : માનવ થાઉ તો (ય) ઘણું!')

ફિલ્મીસંગીતની દુનિયાનો ગીતને જગાડવામાં (અને બગાડવામાં પણ!) કેટલો ફાળો છે! નીરજ, પ્રદીપ, ભરત વ્યાસ, રમેશ ગુપ્તા વગેરેનો એક જમાનો હતો, વચ્ચે શૈલેન્દ્ર, હસરત પણ પોતપોતાની મહોર સાથે આવ્યા. આજે જેમ આનંદ

બક્શી, મજરુહ સુલાતનપુરી, સાહિર લુધિયાનવી, શકીલ બદાયૂની, કૈફી આઝમી, કમર જલાલાબાદી વગેરે નામો જીભે છે તેમજ, હમણાં જ ક્યાંક વાંચેલું કે કવ્વાલીને પણ ફિલ્મમાં માનભર્યું સ્થાન આપ્યું હોય તો આવા ગીતકારો, કવિઓ અને સંગીતદિગ્દર્શકોએ જ. કવિતાનું જગત પણ ઈશ્વરના આ જગત જેવું જ કમાલ છે. એમાં તો `જ્યાં જ્યાં નજર ઠરે' ત્યાંત્યાં વિસામો લેવાની આપણી તૈયારી જોઈએ.

જગદીશ જોષી

પ્રહ્લાદ પારેખ - આપણે ભરોસે

આપણે ભરોસે આપણે હાલીએ, હો ભેરુ મારા,
આપણે ભરોસે આપણે હાલીએ,
એક મહેનતના હાથને ઝાલીએ. હો ભેરુ૦

ખુદનો ભરોસો જેને હોય નહિ રે તેનો
ખુદાનો ભરોસો નકામ;
છો ને એ એકતારે ગાઈ ગાઈને કહે,
`તારે ભરોસે, રામ!'
એ તો ખોટું રે ખોટું પિછાણીએ,   હો ભેરુ૦

બળને બાહુમાં ભરી, હૈયામાં હામ ધરી,
સાગર મોઝારે ઝુકાવીએ,
આપણા વહાણનાં સઢ ને સુકાનને
આપણે જ હાથે સંભાળીએ,   હો ભેરુ૦

કોણ રે ડુબાડે વળી કોણ રે ઉગારે,
કોણ લઈ જાય સામે પાર,
એનો કરવૈયો કો આપણી બહાર નહિ,
આપણે જ આપણે છઈએ, હો ભેરુ૦

કેટલાક માણસો જેમ યાંત્રિક રીતે રૂપિયાની નોટ ગણતા હોય એવી રીતે
પરમાત્માનું નામ પણ ગણગણતા હોય છે. પરમાત્મા એટલે પરમ આત્મા.

આપણે આત્મા સાથે જન્મ્યા છીએ. મન, વચન અને કર્મની એકતાથી આપણો આત્મા પરમ થાય તો આપણે જ આપણા પરમાત્મા. કેટલાક લોકો વાતવાતમાં કહે છે કે આપણું તો બધું રામભરોસે છે. આ શબ્દનો આપણે હોટલને નામ આપવા સુધી પણ દુરુપયોગ કર્યો છે, પણ આપણે આપણા રામને ઓળખીએ છીએ ખરા? વિનોબાએ ક્યાંક એવું કહ્યાનું યાદ છે કે ઈશ્વરનો ને આપણો સંબંધ સમુદ્ર અને મેઘ જેવો છે. મેઘનું રૂપ અને આકાર અને જળની મીઠાશ સમુદ્રમાંથી જ સાકાર થાય છે. આ કાવ્ય ખુદ એ જ ખુદા છે, ખુદા આપણી બહાર નથી, ખુદા આપણાથી જુદા નથી, જીવ અને શિવ વચ્ચે અંતર કે અંતરાય નથી--ના ભાવને ઘૂંટીઘૂંટીને ગાય છે.

પ્રિયકાન્ત મણિયાર - આ નભ ઝૂક્યું તે કાનજી

આ નભ ઝૂક્યું તે કાનજી
ને ચાંદની તે રાધા રે.
આ સરવર જલ તે કાનજી
ને પોયણી તે રાધા રે.
આ બાગ ખીલ્યો તે કાનજી
ને લ્હેરી જતી તે રાધા રે.
આ પરવત શિખર કાનજી
ને કેડી ચડે તે રાધા રે.
આ ચાલ્યાં ચરણ તે કાનજી

ને પગલી પડે તે રાધા રે.
આ કેશ ગૂંથ્યા તે કાનજી
ને સેથી પૂરી તે રાધા રે.
આ દીપ જલે તે કાનજી
ને આરતી તે રાધા રે.
આ લોચન મારાં કાનજી
ને નજરું જુએ તે રાધા રે!

રાધા-કૃષ્ણ વિશે લખાયેલાં અર્વાચીન કાવ્યોમાં આ કાવ્ય શિરમોર જેવું છે. આ કાવ્યમાં એક પછી એક આવતા કલ્પનની તાજગી આપણા કાનને વિસ્મિત કરે

એવી છે. દ્વૈત અને અદ્વૈતની એક અનન્ય લીલા લયમાં પ્રગટી ઊઠી છે. અદ્વૈતની અનુભૂતિ માટે પણ દ્વૈત અનિવાર્ય છે. અને દ્વૈતની પરમ સાર્થકતા અદ્વૈતમાં છે. બંને જુદા છે અને બંને સાથે છે અને બંને એક છે. એકરૂપ છે અને એકાત્મક છે. આ એક અનોખા સંગનું કાવ્ય છે. `નિરખને ગગનમાં' એમ કહ્યા વિના જ આપણી આંખને કવિ સીધી આકાશ તરફ લઈ જાય છે. આ ઝૂકેલું આકાશ કાનજી છે. અને એ પ્રસરેલી ચાંદની રાધા છે. આકાશ ન હોય તો ચાંદની પ્રસરે ક્યાંથી? નભથી પાછા ધરતી પર. આ સરવર જલ તે શ્યામ ને એમાં ઝૂલતી પોયણી તે રાધા. આ રાધાનો ઉલ્લેખ ભાગવતમાં તો ક્યાંય નથી. એમ પણ કહેવાય છે કે કૃષ્ણે પોતાના વામાંગમાંથી રાધાને પ્રગટાવી છે. કૃષ્ણ ને રાધા કે રાધા ને કૃષ્ણ,

પ્રેમનાં અપૂર્વ પ્રતીકો છે. અહીં જાણે કે રાધા-કૃષ્ણની નવે નામે, નવે રૂપે જુદીજુદી રીતે કવિ આપણને ઓળખ આપે છે. જાણે કે કશુંક આંગળી ચીધીને બતાવતા ન હોય? આ બાગ ખીલ્યો તે વૃંદાવનવિહારી છે અને દેખાતી નહીં, છતાંયે અંગેઅંગને સ્પર્શી જતી પવનની લહેરખી તે રાધા છે. આ પર્વત-શિખર કાનજી છે અને કેડી તે રાધા છે. કાવ્ય એટલું સરળ છે કે ખરેખર તો એને સમજાવવાની જરૂર જ ન પડે. જેમજેમ તમે મનમાં ઘૂંટો તેમતેમ એનો અર્થ આપમેળે પ્રગટ થતો આવે. કવિ કોઈ સ્થૂળ સમીકરણમાં નથી સરી પડ્યા. આ વહી જતા ચરણ એ કાનજી છે અને પડી રહેતી પગલી રાધા છે. આ કાળા કેશ એ કાનજી છે અને આ સેથી તે રાધા છે. આ દીપ તે કાનજી અને આરતી રાધા

છે. છેલ્લી પંક્તિ તો પરાકાષ્ઠા છે. લોચન એ કાનજી છે અને આ નજરું છે એ રાધા છે. કથાનો સારાંશ આપી શકાય, કવિતાનો કેમ આપી શકાય? ...અને છતાંયે આપ્યો.

કવિતાની ખૂબી એ છે કે કવિએ આકાશ બતાવ્યું આંખને અને આખું કાવ્ય સમેટાયું પણ આંખમાં. પ્રકૃતિનાં તત્ત્વોને એટલે કે, સરવર જલને, બાગને અને પર્વતને કવિએ સાંકળી લીધાં. આકાશથી ધરતી સુધીનાં તત્ત્વોમાં વ્યાપેલું રાધા-કૃષ્ણનું સત્ત્વ આપણને બતાવ્યું. પણ કવિ અહીં જ અટકી ન ગયા એ સારૂં થયું. આપણા અંગેઅંગમાં પણ એ કઈકઈ રીતે વ્યાપ્ત છે અને આપણે એના વડે કેટલી હદે સંપૂર્ણ છીએ એનો પણ અણસારો આપ્યો. કેશ અને સેથીમાં

સમાયેલું સૌભાગ્ય, દીપ અને આરતીમાં રહેલો માંગલ્યપૂર્ણ ભક્તિભાવ અહીં પ્રગટ કર્યો. એક વખત ચંદ્રવદન મહેતાએ હરીન્દ્ર દવેના પ્રસિદ્ધ ગીત `નજરું લાગી'ના સંદર્ભમાં કહ્યું હતું કે કવિએ નજર શું છે એ આપણને કાવ્યાત્મક રીતે કહ્યું છે. બે પાંપણની વચ્ચેથી સરકી આવતી સાપણ તે નજર છે.

ગોર્ડન ડાયસનના નામના એક કવિએ કાવ્ય લખ્યું છે તેની પંક્તિ અહીં યાદ આવે છે. કહે છે :

રૂપું ને ચળકાટની વચ્ચે
સોય ને લોચનવાટની વચ્ચે
કવિ જીવે છે.

સોય અને લોચનની વચ્ચે જે હોય છે તે આ નજર. લોચન અને નજરનું અદ્વૈત છે એટલું જ નહીં પણ બંને એકમેક વિના અધૂરાં છે. પ્રિયકાન્તના આ ગીતની સાથે પુ. શિ. રેગેનું કાવ્ય તુલનાત્મક અભ્યાસની રીતે પણ જોવા જેવું છે.

આ નીલ વ્યોમ તે હરિવર
ને આ એક તારલી રાધા -
બાવરી,
યુગયુગની મન વળગાડ.
આ વિસ્તાર ધરાનો ગોવિંદ
ને આ ડાંગરનું ખેતર રાધા -
સ્વચ્છંદ

એ યુગયુગ પ્રિયંવદા.
નિશ્ચલ વહેતું જલ આ કૃષ્ણ,
તટ પર વન ઝૂકે તે રાધા -
વિપ્રશ્ન
યુગયુગની ચિર-તંદ્રા.

આદિથી અંત લગી પ્રિયકાન્તનું આ ગીત કોરા કાગળ પર વૃક્ષની જેમ ઊગે છે અને દ્વૈત-અદ્વૈતની અખિલાઈનો અનુભવ આપે છે.

પ્રિયકાન્ત મણિયાર - નજરું નાખી આઘા આભલે

નજરું નાખી આઘા આભલે
લીલો રે રંગ્યો જેણે પોપટો, ધોળો કીધો જેણે હંસ,
સઘળે તે રંગે ચીતર્યો મોરલો એનો ઓળખવો છે અંશ.
નજરું નાખી આઘા આભલે જેની ભરી રે ભૂરાશ.
જલને લાગ્યો મીઠો ઘૂંટડો, માણી આંબળાની તૂરાશ.
જનની આંજે કાજલ આંખડી, છલકે છોરુ નયણાંનાં નીર.
ઘડી-બે ઘડીનાં એ ડૂસકાં, પાકાં નજરુંનાં હીર.
કાનજીની કાયા ગણું કેટલી, ધર્યું રાધાનુંય રૂપ,
શબ્દનો સાદ નહીં પ્હોચતો, મારી રસના અવ તો ચૂપ.

ઈશ્વરની લીલાનું આ ગીત છે. એની લીલા અપરંપાર છે. પ્રિયકાન્ત જેવા પ્રતીકના કવિએ ઈશ્વરને ઓળખ્યો છે વિવિધ રંગની રંગીન આંખે. દૃષ્ટિ હોય તો અદૃશ્ય ઈશ્વર અવશ્ય ઓળખાય. બુદ્ધિ ઈશ્વરનો કાંકરો કાઢે. શ્રદ્ધા ઈશ્વરની પ્રાણપ્રતિષ્ઠા કરે -- પળેપળે અને સ્થળેસ્થળે. અર્જુને વિશ્વરૂપદર્શન કર્યું ત્યારે પણ એકસાથે ભય અને વિસ્મય પ્રગટ્યાં. ઈશ્વરની સૃષ્ટિ એટલે અચરજની સૃષ્ટિ, અચંબાની સૃષ્ટિ. વિસ્મયની આંખે જ વિષ્ણુને જોવાના હોય. પૂર્ણપણે તો ઈશ્વરને જે પામી શકે એ સૌથી મોટો સદ્ભાગી. અખિલાઈમાં ઈશ્વરને અને એના ઐશ્વર્યને પામ્યા પછી કશું બોલવાનું હોતું જ નથી. નર્યા મૌનના આનંદમાં સ્થિર થવાનું હોય છે. આ કાવ્યમાં એક શાંત મુગ્ધતા છે. આશ્ચર્યચિહ્નનો વિકાસ અને

વિસ્તાર છે. આ ઈશ્વર કોઈ વિરાટ રંગારો હોય, ચિતારો હોય, ચિત્રકાર હોય -- જેની સેવામાં મેઘધનુષના સાતેય રંગ હાજર હોય એવો રંગવૈભવી જીવ છે. આ એ જ ઈશ્વર કે જે પોપટને લીલો રંગ આપે, હંસને ધોળો. એક મોરમાં તો કેટકેટલા રંગ નિચોવી નાખે. આકાશમાં જુઓ તો ભૂરાશ વળગી પડે. આ ઈશ્વર જેટલો રંગથી ઓળખાય છે એટલો સ્વાદથી પણ ઓળખાય છે. જળનો મીઠો ઘૂંટડો અને આંબળાની તૂરાશ. જળનો પણ એક રંગ હોય છે અને આંબળાનો પણ એક રંગ હોય છે. આપણી આંખમાં મા શૈશવને કાજળ આંજે છે. એ કાજળભરી આંખમાંથી સરતાં નીસરતાં આંસુ. વેણીભાઈ કહે છે એમ આંખમાં `આંસુનો ભેજ' અને `આસમાની તેજ'. એક શ્યામનાં પણ કેટકેટલાં રૂપ છે.

શ્યામને શ્યામની આંખે જુઓ કે પ્રત્યેક ગોપીની આંખે જુઓ, દરેક ગોપીનો શ્યામ જુદો છતાંય એક જ. શ્યામ તો બહુરૂપી. શ્યામે એક વાર રાધાનું પણ રૂપ લીધેલું. રાધા અને શ્યામ અવારનવાર પોતાનાં રૂપની અદલાબદલી કરે એની પણ એક ક્રીડા અને લીલા છે. આપણા શબ્દથી એને પહોચાય નહીં. અપરંપાર રૂપ જોઈને જીભ ચૂપ થઈ જાય. રૂપની અદલાબદલી અને છતાં પણ પોતીકા સ્વરૂપની માવજતનું આ એક નાનુંઅમથું ગીત, વાંચવા જેવું છે.

પ્રીતમ - હરિનો મારગ છે શૂરાનો

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પ્રથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.

સુત વિત્ત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડ્યા મરજીવા જોને.

મરણ આગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઊભો જુએ તમાસો, તે કોડી નવ પામે જોને.

પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;

માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને.

માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.

રામઅમલમાં રાતા માતા, પૂરા પ્રેમી જન જોને;
પ્રીતમના સ્વામીની લીલા, નીરખે રજનીદિન જોને.

પ્રીતમ આપણો મધ્યકાલીન કવિ (ઈ.સ. 1718--1798). આ પદ અત્યંત પ્રસિદ્ધ છે. પાઠ્યપુસ્તકમાં પણ અવારનવાર લેવાય છે. સંસાર વિકટ છે એ સ્વીકારી લઈએ તોપણ સંસારને છોડવો પણ મુશ્કેલ છે. એની વ્યર્થતા સમજાયા પછી

પણ સંસાર છૂટ્યો છૂટતો નથી. સાર નથી આ સંસારમાં, એમ કહેવું સહેલું છે પણ અસારતાનો અનુભવ કર્યા પછી પણ બહુ ઓછી વ્યક્તિઓ સંસારને એકઝાટકે છોડી શકે છે અને ઈશ્વરને રસ્તે વળી શકે છે.

માણસ મનનો મજબૂત હોય. અંદરથી પૂરેપૂરો શૂરવીર હોય. જેનામાં કાયરતાનું નામનિશાન ન હોય એ જ હરિનો મારગ લઈ શકે. કાયર માણસો મરતા પહેલાં લાખ વાર મરતા હોય છે. જે લોકો સંસાર છોડું કે ન છોડું, ઈશ્વરનો પંથ લઉ કે ન લઉ એની દ્વિધામાં ને એના વિકલ્પમાં અટવાતા હોય એવા ભીરુઓનું કામ નથી. માથું મૂકવાની તાકાત હોવી જોઈએ. એક વાર જેનું નામ લીધું તે લીધું.

બધું જ છોડવું પડે. સુત, સંપત્તિ, પત્ની. જે બધું જ છોડે એને અઢળક અને મબલક ઈશ્વર મળે. સંસારનો રસ જેને ખારો લાગે એને જ પરમનો પ્રેમરસ મીઠો લાગે. સાગરમાંથી માછલી પકડવી સહેલી છે. કિનારા પર ઊભા રહીને જાળ ફેલાવીને માછલી પકડવી એ મોટી વાત નથી પણ જેણે મોતી લેવું હોય તેણે તો મરજીવા થઈને સમદરમાં કૂદી પડવું જોઈએ. મરણનો ભય ન હોય. પીડાની પડી ન હોય. જે ભયમુક્ત અને ચિંતામુક્ત હોય એવા નરવિરલાને જ હરિનો મારગ મળે. તીરે ઊભા રહીને તમાશો જોવે એના હાથમાં કોડી પણ ન આવે. શંખલાં, છીપલાંની વાત તો દૂર રહી.

કવિએ એકપછી એક અદ્ભુત પંક્તિ આપી છે. એ જમાનામાં પણ કવિની કલમે શબ્દનું કેટલું બધું સંમાર્જન કર્યું છે. કવિતાની કેટલીક પંક્તિઓ તો કહેવતરૂપ થઈ જાય એવી છે. પ્રેમપંથ પાવકની જ્વાળા. કવિએ સમજણપૂર્વક પાવક શબ્દ વાપર્યો છે. અગ્નિ શબ્દ મૂકી શક્યા હોત, પણ પાવક એટલે પવિત્ર અગ્નિ છે. ઉમાશંકરે એક વાર પ્રવચનમાં કહ્યું હતું કે સંસ્કૃત ભાષાને કારણે આપણી ભાષાને કેવાકેવા શબ્દો મળી શકે છે. અંગ્રેજીમાં તો ફાયર અને પ્યોરફાયર એમ કહેવું પડે. અહીં તો પાવકમાં જ બધું આવી જાય. પ્રેમનો રસ્તો જ્વાળાનો પંથ છે. કેટલાક લોકો તો જોઈને જ ભાગે, પણ એક વાર જે ભીતર ઝુકાવે તે મહાસુખ માણે છે. સુખ ક્ષણિક છે. મહાસુખ ચિરંતન છે, કારણ કે એને પ્રભુનો સ્પર્શ મળ્યો

છે. જે આ મહાસુખ પામતા નથી એ તીરે ઊભીને તમાશો જોનારા -- દેખનહારા દાઝતા જ હોય છે. પ્રભુનો પ્રેમ સોઘો અને સસ્તો નથી. માથા કરતાં પણ મોઘો છે. એ સહેલાઈથી સાંપડે નહીં ને જેને સાંપડે તે ભાગ્યવાન. જેનું હુંપદ જાય એને મહાપદ મળે. જે કિનારો છોડે એને દરિયો મળે. જે મરજીવો થાય એને મોતી મળે. રામઅમલનો કેફ જ જુદો. જે ઈશ્વરના પ્રેમમાં તે અધૂરા નહીં, પણ પૂર્ણ પ્રેમી કહેવાય. આવા પ્રેમીઓ પ્રીતમના સ્વામીની લીલા રાત-દિન નિરંતર નીરખતા હોય છે.

પ્રેમળદાસ - હરિને ભજતાં હજી

હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે,
જેની સુરતા શામળિયા સાથ, વદે વેદવાણી રે. ટેક

વહાલે ઉગાર્યો પ્રહ્લાદ, હરણાકંસ માર્યો રે;
વિભીષણને આપ્યું રાજ્ય, રાવણ સંહાર્યો રે. 1

વહાલે નરસિંહ મહેતાને હાર હાથોહાથ આપ્યો રે;
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી થાપ્યો રે. 2

વહાલે મીરાં તે બાઈનાં ઝેર હળાહળ પીધાં રે;

પાંચાળીનાં પૂર્યાં ચીર, પાંડવ કામ કીધાં રે. 3

આવો હરિ ભજવાનો લહાવો, ભજન કોઈ કરશે રે;
કર જોડી કહે પ્રેમળદાસ, ભક્તોનાં દુ:ખ હરશે રે. 4

ભાષા અને ભાવ બંને દૃષ્ટિએ આ મારાં પ્રિય ભજનોમાંનું એક છે. આનો ભાવ સીધેસીધો બાળબોધ છે. આની શ્રદ્ધા પણ બાળબોધ ભોળી જ છે. પુરાણોના કિસ્સાઓ તારવીને આમાં સિદ્ધ કર્યું છે કે વેદકાળથી તે મીરાં અને નરસિંહના સમય સુધી ભગવાને જાતે આવીને ભક્તોની ભીડ ભાંગી છે. ભગવાન ભક્તોનાં દુ:ખ હરે છે. એમનાં કામ જાતે કરે છે અને હર વખતે એમને ઉગારે છે, એવી શ્રદ્ધાથી આ ભજન લખાયું છે. છતાં સીધો અર્થ લઈને ન ચાલીએ.

હરિને ભજતાં કોઈની લાજ હજી નથી ગઈ આનો જો કોઈ સાચો અર્થ હોય તો તે એટલો જ કે જે માણસ દૃઢતાથી ઈશ્વર ઉપર નિષ્ઠા રાખે છે, તે માણસ ગમે તેવાં કઠણ સંકટો આવે તોય ચારિત્ર્યભ્રષ્ટ થતો નથી. દુ:ખમાંથી બચાવવા છેલ્લી ઘડીએ ભગવાન દોડી આવે જ છે, એ કેવળ કવિની ભાવના છે. લોકોને ભક્તિના માર્ગ તરફ ખેચવા માટે લોકો આગળ મૂકેલું પ્રલોભન છે. એની પાછળ નિરપવાદ સત્ય છે જ, અનુભવ છે એમ માનવાનું કારણ નથી.

મીરાંએ ઝેર પીધું પણ તેની અસર ન થઈ માટે મીરાં ભક્ત અને સોક્રેટિસે ઝેર પીધું અને એ મરી ગયા એટલા માટે એ ઓછા ધર્મનિષ્ઠ અથવા એ ભક્ત જ નથી, એમ કોઈ કહી શકે? હિરણ્યકશ્યપે મારવાના અનેક પ્રયત્ન કર્યા છતાંયે

પ્રહ્લાદ મર્યો નહીં એ ભક્તિનો મહિમા અને ઈસુ ખ્રિસ્ત ક્રૂસ ઉપર મરી ગયા એ શું ભક્તિની વિફળતા?

સાચા ભક્તવીરો માટે કાવ્યમય આશ્વાસનની જરૂર નથી રહેતી. તેઓ ભગવાન સાથે સાટું કરતા જ નથી. મહાભારતમાં ધર્મરાજાએ કહ્યું કે સદાચાર અને ઈશ્વરનિષ્ઠાના બદલામાં મને સુખ મળે -- રાજ મળે -- એવું કશું હું માગતો નથી; એવી અપેક્ષા પણ નથી. મારો સ્વભાવ છે, મારા હૈયાને સંતોષ છે, એટલા માટે જ હું ભગવાનની ભક્તિ કરું છું. અને સદાચારને વળગી રહું છું. આવાં ભજનોથી ભોળા લોકોને થાય છે કે ભગવાનની ભક્તિ કરીશું તો સૌ સંકટ દૂર

થશે, પણ અનુભવ તો હંમેશ એવો થતો નથી. પછી તો કેવળ ટેવને લીધે શ્રદ્ધા ટકે છે અથવા તો મટી જાય છે.

માણસને થવું જોઈએ કે ભક્તિમાં આનંદ છે. હૃદયનું સમાધાન છે. ચારિત્ર્યની મજબૂતી છે અને વાતાવરણ પવિત્ર થાય છે. ભક્તિને જોરે માણસ ઇન્દ્રિયો ઉપર વિજય મેળવી શકે છે અને એથી ચારિત્ર્યની દૃઢતા કેળવાય છે. ભક્તિનું ફળ સત્ત્વરક્ષા અને આત્મનિષ્ઠા એ જ છે. બીજાં ફળો મળે કે ન મળે એ કેવળ અકસ્માત છે.

। કાકાસાહેબ કાલેલકર

બાપુ ગાયકવાડ - શાંતિ પમાડે તેને તો સંત કહીએ

શાંતિ પમાડે તેને તો સંત કહીએ;
એના દાસના તે દાસ થઈને રહીએ રે. ભાઈ રે શાન્તિ૦
કલ્પવૃક્ષ સેવ્યે દારિદ્ર રહ્યું ઊભું;
ત્યારે તેના તો ગુણ શીદ ગાઈએ રે? ભાઈ રે શાન્તિ૦
રાજાની ચાકરી નિત્ય રહી ઊભી;
ત્યારે પારકી તો વેઠ શીદ વહીએ રે? ભાઈ રે શાન્તિ૦
વિદ્યાનું મૂળ જ્યારે પૂરું ના ભણાવ્યું;
ત્યારે પંડ્યાનો માર શીદ ખાઈએ રે? ભાઈ રે શાન્તિ૦
લીધો વળાવો ને લૂંટવા રે લાગ્યો;

ત્યારે તેની સંઘાતે શીદ જઈએ રે? ભાઈ રે શાન્તિ૦
વૈદ્યનો સંગ કરે રોગ રહ્યો ઊભો;
ત્યારે વૈદ્યની તે ગોળી શીદ ખાઈએ રે? ભાઈ રે શાન્તિ૦
કીધી બાંધણી ને માથું વઢાવે;
ત્યારે તેને તે ઘેર શીદ જઈએ રે?ભાઈ રે શાન્તિ૦
નામ અનામ સદ્ગુરુ બતાવ્યું;
તે નામ ચોટ્યું છે મારે હઈયે રે. ભાઈ રે શાન્તિ૦
બાપુ તેની કાયા તો નરવો સ્નેહ છે;
અમે એવા સ્વામીને લેઈને રહીએ રે. ભાઈ રે શાન્તિ૦

બાપુસાહેબ ગાયકવાડ બાપુમહારાજ તરીકે પણ પ્રસિદ્ધ હતા. મધ્યકાલીન કવિઓમાં આ એક પદને કારણે પણ ગાયકવાડનું નામ યાદ રહી જાય એવું છે. ઘણાં વર્ષો પહેલાં એક ભાઈએ પ્રશ્ન પૂછ્યો હતો કે તમે સજ્જન કોને કહો? પ્રશ્ન ઓચિંતો પુછાયેલો. આપમેળે જે જવાબ આપ્યો તે કયો? ...જેના સાન્નિધ્યમાં તમે relax થઈ શકો, તમે આસાએશ અનુભવી શકો એ માણસ સજ્જન. સંત તો સજ્જનનાયે સજ્જન. કવિએ અહીં સંતની અત્યંત અદ્ભુત વ્યાખ્યા આપી છે અને પ્રથમ પંક્તિમાં જ એક ઘા ને બે કટકા જેવી વાત કરી છે. શાંતિ પમાડે તેને તો સંત કહીએ. જીવનમાં અશાંતિ આપનારા ઘણા છે. માણસ પોતે પણ અજંપાનો અવતાર છે. આ અશાંતિ, અજંપો, હતાશા, ગ્લાનિ -- આ બધાની વચ્ચે કોઈ

આપણને શાંતિના દ્વીપ ઉપર મૂકી શકે તે આપણો સંત. જેને કારણે આપણા ચૈતન્યની વસંત મોરી ઊઠે તે આપણો સંત. આપણે જ્વાળામુખી પર બેઠા હોઈએ અને જેની વાણી કે મૌન, જેનો પારસમણિ સ્પર્શ આપણી ભીતર ચંદનનો લેપ કરી શકે તે આપણો સંત. અને જે આપણો સંત હોય એના દાસ થવું એના જેવો કોઈ આશીર્વાદ નથી.

જીવનમાં તો સતત કડવા અનુભવો થાય છે. આપણું ધારેલું કશું થતું નથી. આપણે સવળું ઇચ્છ્યું હોય અને અવળું થાય છે. We never know the design of the destiny. કલ્પવૃક્ષ તળે પણ ઊભા હોઈએ તોપણ દારિદ્ર જતું નથી. રાજા જેવા રાજાની ચાકરી કરતાં પણ કશું વળતું નથી. જીવનમાં વૈતરું અને વેઠ છે.

જે શીખવે છે એનો માર સહીએ છીએ અને છતાંયે જ્ઞાનથી તો જોજનના જોજન દૂર રહીએ છીએ જેની સંગાથે જઈએ છીએ તે પણ લૂંટી લે છે. ભલભલો વૈદ હોય અને એના કહેલા ઉપચારો કરીએ તોપણ કાંઈ વળતું નથી અને રોગ તો ત્યાંનો ત્યાં જ રહે છે. જે આપણું જ માથું વાઢી નાખે એના ઘરે પણ શા માટે જવું જોઈએ?

હકીકતમાં પ્રથમ પંક્તિમાં જ આ કવિતાની પરાકાષ્ઠા છે. પછી તો કવિએ વિવિધ દૃષ્ટાંતો અને ઉદાહરણોથી એકની એક જ વાત કહી છે. અલબત્ત, દૃષ્ટાંતો ઘરગથ્થુ, સમાજગથ્થુ, અનુભવગથ્થુ અને ગળે ઘૂંટડો ઊતરે એવા છે. છતાં પણ કવિતાની ગતિનો ગ્રાફ ઉપર જતો નથી પણ વર્તુળાકારે જતો હોય એવું લાગે છે.

આ બધાં કરતાં તો જો આપણને કોઈ સદ્ગુરુ મળી જાય અને એનું અનામ નામ કાયમને માટે આપણે કાળજે વળગી પડે તો એનાથી રૂડું શું? પછી કોઈ આપણને અસ્વસ્થ ન કરી શકે, કારણ કે જે ગુરુ છે, જે સદ્ગુરુ છે તે, વિધાતા ગમે તેવી હોય તોપણ, શાશ્વત શાતા આપે છે. ગુરુ પાસે નરવો સ્નેહ છે અને કોઈ અપેક્ષા નથી. જ્યાં કેવળ ગુરુનો પ્રેમ હોય અને શિષ્યની ભક્તિ હોય તો આપણા અસ્તિત્વની આસપાસ શાંતિનું સરોવર જ હોય છે.

ટૂંક સમયમાં જ પ્રસ્તુત થશે આ પુસ્તકનો ભાગ 2